૧૯૬૬
જાન્યુઆરી
પ્રસંગત્રયી







સંસ્થાપક
રવિશંકર રાવળ

વર્ષ ૪૩મું । અંક પહેલો · જાન્યુઆરી ૧૯૬૬
તંત્રી · બચુભાઈ રાવત

કુમાર



ગામડાનો કૂવાકાંઠો : (ચિત્રકાર : પ્રદ્યુમ્ન તન્ના) જેમ આ ચિત્રમાં તેમ ગ્રામજીવનમાં પણ કૂવાકાંઠો એ ગામની સ્ત્રીઓ ને બાળકોને, ઢોર તથા વનપંખીઓને મોકળે મને મહાલવાનું એક કેન્દ્ર છે. તેને શક્ય એટલી ઓછી રેખાઓ અને આછા રંગલેપનથી નાનકડા પટમાં પણ ચિત્રકારે ગામડાની મોકળાશ અને સ્વચ્છ સાદગી બહુ સફળતાથી તાદૃશ કર્યા છે.


કુટુંબના સ્વાસ્થ્ય માટે આવશ્યક...ફૉસ્ફોમિન


ફૉસ્ફોમિનમાં રહેલાં બી કૉમ્પ્લેક્સ પ્રજીવકો (વિટામિન્સ) ઉપરાંત વિવિધ ગ્લીસરો ફૉસ્ફેટ્સ આપના કુટુંબને શક્તિશાળી બનાવી તાજગીભરી તંદુરસ્તી બક્ષે છે.

કૌટુંબિક પ્રવૃત્તિમય જીવનમાં ફૉસ્ફોમિન શારીરિક તેમજ માનસિક શ્રમ દૂર કરે છે. ફૉસ્ફોમિનથી શક્તિ પ્રાપ્ત થાય છે, તે ભૂખને ઉત્તેજિત કરે છે. સ્ફુર્તિ વધારે છે, રોગનો પ્રતિકાર કરવા શરીરને સંગીન બનાવે છે. ફૉસ્ફોમિનના સેવનથી સહકુટુંબ તંદુરસ્તિનો આનંદ માણશો. લીલા રંગનું ફળફળાદીના સ્વાદવાળુ ભરપુર ટૉનિક—ફૉસ્ફોમિન



SQUIBB A century of experience builds faith SARABHAI CHEMICALS





વાચકો લખે છે

ડૉ. પ્ર. ચુ. વૈદ્યસાહેબના 'અમેરિકા અને આપણે' શીર્ષક તળે આવતા પત્રો ખૂબ ખૂબ ગમ્યા. તેમનું 'યંત્રવિદ્યાનું સરળ પાઠ્યપુસ્તક' અમારે ઇંટરઆર્ટ્સમાં ગણિત વિષયના એક ભાગ રૂપે શીખવાનું હતું. ગુજરાત કૉલેજમાં ઈ. '૫૬-'૫૭માં તેઓ પોતે જ એ શીખવતા. તેમની શીખવવાની વિશિષ્ટ ને રમૂજી શૈલીથી આકર્ષાઇને, એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં સવારના સાડાસાતથી બાર સુધી પીરિયડો ભર્યા પછી ભૂખ્યા હોવા છતાં સાડા બારથી સવાનો તેમનો 'યંત્રવિદ્યા'નો ક્લાસ ભરવા અમે બે મિત્રો ખાસ જતા, ને એ વિષય પર અમારી એવી તો પકડ આવી ગઈ કે એમ.એ. થયા બાદ કૉલેજમાં નિમણૂંક થતાં મુખ્ય પ્રાધ્યાપકને પણ 'ઇંટરમાં કયો વિભાગ શીખવશો?'ના જવાબમાં 'યંત્રવિદ્યા' સાંભળી આશ્ચર્ય થએલું; કારણ મારો મુખ્ય વિષય તો 'આંકડાશાસ્ત્ર' એટલે 'ઍપ્લાઈડ' કરતાં પ્યોર મૅથ્સ મને વધારે ફાવે, જ્યારે 'યંત્રવિદ્યા' તો ઍપ્લાઈડ મૅથ્સનો વિભાગ ગણાય. 'ડૉક્ટર અને વૈદ્ય' એમ બન્ને હોવા છતાં નાડી જોતાં ય તેમને આવડતું નથી એ હકીકત છે!' એમ એક વખત તેમનો મારે પરિચય આપવાનો પ્રસંગ આવતાં કહેલું તે હજુ યે યાદ છે.

(બીલીમોરા) —ધીરુભાઈ એન. શાહ

~

અમેરિકાની પરિચયાત્મક લેખમાળા માટે એના લેખક અને 'કુમાર' બંનેને ધન્યવાદ. એમાં અમેરિકાનું સુરેખ અને વાસ્તવિક ચિત્ર જોવા મળે છે જે બીજે કશેથી મળતું નથી. બીજા દેશોની એવી લેખમાળા ન આપી શકો? એવું જ F. B. I.ના લેખનું. જગતની મુખ્ય મુખ્ય ગુનાશોધન સંસ્થાઓની માહિતી, તેનાં કાર્યો ને સાહસો વિષે લેખો આપી શકો તો તે બાળકોને અનેકવિધ રીતે ઉપયોગી થાય.

(મોટા વડાળા) —શાળાના આચાર્ય

~

ફ્લિન્લૉક ફાર્બસ વિષે થોડા વખત પહેલાં 'નવચેતન'માં લેખ વાંચેલો તેમાં ૧૮૯૨ની ૧૨ એપ્રિલે મુંબાઈમાં ન્યાયાધીશ નિમાયા તથા મુંબાઈમાં ૧૮૬૫ની ૧૫મી માર્ચે ટાઉન હૉલમાં 'ગુજરાતી સભા' સ્થપાઈ એમ ઉલ્લેખ છે, જ્યારે 'કુમાર'માં ૧૮૬૧ની ૨૩મી ડિસેમ્બરે મુંબાઈમાં વડી અદાલતના ન્યાયમૂર્તિ નિમાયા, તથા મુંબાઈમાં ટાઉન હૉલમાં 'બીજી સભાએ ૧૮૬૫ની ૨૫મી માર્ચે ગુજરાતી સભા સ્થાપી' એમ છે, તો સત્ય શું?

(માંડલ) —બાબુલાલ વૅારા

[*ઉત્તરમાં પ્રો. નરોત્તમ વાળંદ જણાવે છે: "ફાર્બસ સાહેબ ઈ. ૧૮૬૧ની ૨૩મી ડિસેમ્બરે 'ઍક્ટિંગ' ન્યાયાધીશ થએલા (જુઓ 'ફાર્બસ જીવનચરિત્ર'–'રાસમાળા'–ભા. ૧ ત્રીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૨૨). તે પછી થોડા જ વખતમાં ઇ.સ. ૧૮૬૨ની ૧૨મી એપ્રિલે 'સુસ્થ' ન્યાયાધીશ થએલા. મારા લેખમાં મેં 'ઍક્ટિંગ' ન્યાયાધીશ અને 'સુસ્થ' ન્યાયાધીશ એમ બે સ્થિતિઓ અલગ અલગ ન લખતાં, તેઓ ન્યાયાધીશ તરીકે કામગીરી બજાવતા થયા, ત્યારથી 'ન્યાયાધીશ બન્યા' એમ લખ્યું છે. મુંબાઈ ટાઉન હૉલમાં બીજી સભાએ ઈ.સ. ૧૮૬૫ની ૨૫મી માર્ચે ગુજરાતી સભા સ્થાપી એ હકીકત બરાબર છે."]

~

અંક ૫૦૩માં 'સાતપૂડાનાં વાસી' વાળા મારા લેખમાં બે છાપભૂલ છે: પૃ. ૫૧૭ પર 'ફડકી' ને બદલે 'ફટકી' અને 'ટરોટી'ને બદલે 'ટરોરી' છપાયું છે. આ સુધારો પ્રકટ કરશો.

(સાન્ટાક્રુઝ) —સુનીતા મશરૂવાલા

~

૫૦૦મા અંકમાં શરદિન્દુ વંદ્યોપાધ્યાયની વાર્તા 'નખદર્પણ' કેવળ કપોલકલ્પિત વાર્તા વાચકો ગણી કાઢશે, પરંતુ આવી વીંટીની કરામત કે શક્તિ આ સદીના પૂર્વાર્ધમાં પણ પુરવાર થએલી છે. મારા ઘરમાં એવી વીંટી આજે પણ છે–અલબત્ત અત્યારે તે કામ આપતી નથી. મારા પિતાશ્રી (૮૦ વર્ષે ગત થયા)ને તેમના એક અવધૂત મિત્ર ધૂળજી ભગતે તે આપેલી. મારા પિતા તદ્દન નિસ્પૃહ ને સાદા માણસ હતા અને કેવળ મહેમાનો કે સભારંજન માટે જ તેનો ઉપયોગ કરતા. પરંતુ જાહેરાત ફેલાતાં ચોરાએલી કે ગુમ થએલી ચીજ વસ્તુની પૂછપરછ માટે ૨૫-૩૦ ગાઉથી પણ લોકો આવવા લાગ્યા અને હેરાનગતિ વધવા લાગી. એક વાર ભેગી દુકાન ચલાવતા એક સોની સાળા-બનેવીનું સોનું ગુમ થયું. પકડાઈ ગએલા સાળાએ અમારે આંગણે આવી મહા ઉપદ્રવ મચાવ્યો. તે ઉપરથી નારાજ થઈ મારા પિતાએ વીંટીનો ઉપયોગ ન જ કરવા નિર્ણય લીધો. તે પછી જરૂરી વિધિનિષેધનું પાલન ન થતાં વીંટી કામ આપતી બંધ પડી છે.

વાર્તામાં નીલુ-બુલુને મૌસીન સાહેબે જોવા બેસાડયાં તે વાત પણ બરાબર છે. મારા પિતા બહારગામ હોય ત્યારે નિર્દોષ બાળકને જોવા બેસાડતા અને ઘેર હોય ત્યારે મારાં ફોઈ જે તે વેળા નાનાં હતાં તેમને બેસાડતાં. એ મારાં ફોઈ આજે પણ હયાત છે, ને વીંટીના ચમત્કારની વાતો કરે છે તે આજના જુવાનો કંક અશ્રદ્ધા ને સાનંદાશ્ચર્યથી સાંભળી રહે છે. અમારી વીંટીમાં તો હજરત સાહેબનો દરબાર ભરાતો ને જરૂરી માણસ જીવતો કે મૂએલો ત્યાં હાજર કરાવાતો; મોટા બોર્ડ પર ચૉકથી માગેલી હકીકત લખાતી. આજે પણ કોઇક લોકો ક્રિસ્ટલમાં જોઈ કહે છે, પણ ફક્ત ભૂતકાળ; જ્યારે આ હજરતની વીંટીમાં ભૂત અને ભવિષ્ય સરખાં સત્ય પુરવાર થતાં.

(મેઢાસણ-સાબરકાંઠા) —જેઠાલાલ દીક્ષિત

~

ઘણી રાહ જોવડાવ્યા પછી આવ્યો ૫૦૦મો અંક! સફળ થઈ આશા! એ અંકમાં 'સામાન્ય માનવીનું ઘર' (પૃ. ૪૩૧/૧૬)માં 'બાથરૂમની અંદર જ એક નાનકડો ઘોડો હોય, તેમાં દરરોજનાં ઘરમાં પહેરવાનાં કપડાં મૂકવાથી નહાવા જતી વખતે કપડાં સાથે લઈ જવાનું યાદ કરવું નહિ પડે.'–આ વિચાર બરાબર નથી લાગતો. બાથરૂમમાં કપડાંને ભેજ લાગી જાય; કપડાંમાંથી વાસ આવે. એવાં કપડાં પહેરવાં ચામડી માટે સારાં નથી. તેથી જ અંગ્રેજો ઘરમાં પણ ઇસ્રીવાળાં કપડાંનો જ ઉપયોગ કરે છે. આપણા માટે આ શકય ન હોય, પણ સરખી રીતે તડકામાં સૂકવેલાં, ભેજ રહિત કપડાં ઉત્તમ છે. તેમાં પણ અંદર પહેરવાનાં કપડાં ભેજવાળાં ન જ હોય.

પ્લાસ્ટિકની ડોલ અને લોટા સારાં અને ઉપયોગી જરૂર છે, પણ તે કરતાં 'શાવર' વધારે સારો રહે. વૉશ બસીન બહુ જરૂરી છે. વરંડામાં ખુરશી કરતાં લાકડાની બેઠક સારી. પણ તે સાથે એકાદ આરામ ખુરશી–લાકડાની, કપડાંવાળી–હોય તો વધારે સારું.

'બે આંખની શરમ' વાર્તા માટે શ્રી સુધીર દલાલને અભિનંદન.

(એડન) —દીપક જ. મોદી

~

રેવ. ફાધર વાલેસ લિખિત 'વિચારવિશેષ'માળાના લેખો ખૂબ જ પ્રેરણાત્મક અને જીવનમાં ઉપયોગી જણાય છે. ભવિષ્યમાં પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય એમ ઇચ્છું છું. જો થશે તો હું ચોક્કસ ખરીદીશ.

(મુલુંડ) —નવીનચંદ્ર ખીમરાજ શાહ

(અનુસંધાન પૃષ્ઠ ૩૮)



શેક્સપીઅરની નાટચકથાઓ

લેખક · ડૉ. મધુસૂદન પારેખ

એક કૉલેજિયન મિત્રે કહ્યુ:
'કુમાર'માં આવેલા 'મૅકબેથ'ના વાર્તાંતરે
મને પાસ થવામાં મદદ કરી.

પણ

એ એક મિત્રને જ શા માટે?
અને 'મૅકબેથ' જ શા માટે?

'કુમાર'માં ૧૯૬૪ના આખા વર્ષ દરમિયાન પ્રકટ થતી રહેલી એ બધી નાટચકથાઓ અનેક વિદ્વાનો, વિવેચકો અને વાચકોને આનંદપ્રદ ને ઉપયોગી જણાઈ હોઈ સૌએ એને ઉમળકાથી વધાવી છે.

શેક્સપીઅરની લગભગ તમામ ખ્યાતનામ નાટચકૃતિઓનો એના રસ અને રચનાની સમજણ સાથે એમાં સમાવેશ કરેલો છે.

આસ્વાદ માટેનું સરસ વાચન માત્ર જ નહિ, પણ શેક્સપીઅરની નાટચકૃતિઓ ભણતા વિદ્યાર્થીઓને પણ એ ઉપયોગી છે.

કિંમત રૂ.૪।। (પોસ્ટેજ સાથે રૂ.૫)

પ્રકાશક:
કુમાર કાર્યાલય લિમિટેડ
૧૪૫૪ રાયપુર · અમદાવાદ-૧

કુમાર

જાન્યુઆરી ૧૯૬૬ · અંક ૫૦૫

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૦૫

જાન્યુઆરી ૧૯૬૬
તંત્રી · બચુભાઈ રાવત

સાદ ના પાડો / ચંદ્રકાન્ત શેઠ

બારીમાંથી ગગન પાડતું સાદ! સાદ ના પાડો.
અમે દીવાલો, નથી અમારે પાંખ: સાદ ના પાડો.

સૂનકારને સાગર અમે ડૂબેલાં જાણો વહાણ,
ક્યાંથી જાણો તમે અમારે છે પથ્થરના કાન?
પડછાયાની આંખો, એને નથી તેજની જાણ:
સાદ ના પાડો.

જલ છોડીને કમલ આવશે ક્યાંથી રે આ રણમાં?
ખરી ગએલું ફૂલ ખીલશે કયા કિરણથી વનમાં?
ઘુવડના માળામાં આવી સૂરજ પાડે સાદ!
સાદ ના પાડો.

પ્રગતિમાન વિચારો કે નવી ચેતનાનાં ઉદ્‌બોધનો સામે પથ્થર-જડ થઈ બેઠેલા વર્ગને ઉપાલંભ.

અવશેષ / ઉશનસ્

· ભુજંગી ·

શમી પ્રાવૃષી રુદ્ર આષાઢવીણા,
હવે શેષ તે કૈં સ્વરો પલ્લવોમાં
ઝીણી કલ્લોલોમાં;
શમી ઘોર ક્રાન્તિતણી ખૂની હેષા,
હજી દડબડે ક્યાંક વન્યાંચલોમાં
છૂપી હલ્ચલોમાં;
અધુના જ ગૈ છે ઝૂડી ઝાડ ઝંઝા,
રહ્યો કંપ થોડો હજી કૂંપળોમાં.
ખરેલાં દલોમાં;
અહીંથી ગઈ કો મહાપ્રીત તાજી,
બચી આટલી પાછલી બે પળોમાં,
સૂની વલ્લવોમાં.

સંવેદન / મુકુન્દ પરીખ

· સવૈયા ·

ભીનું ટાવર...
પડે ટકોરા કોરા કોરા.

ડૂબ્યા કલરવ પંખીઓના
અવ પડઘાતા કોરા કોરા.

સરે કોકની છાયા ભીની
કેશ ફરકતા કોરા કોરા!

જલથી લથબથ કેડી ઉપર
પડે રાતનાં પગલાં કોરાં.

ઉલૂકને મનભાવન તગતા
અંધકારના સૂરજ કોરા.

નિસર્ગની રુદ્ર-રમ્ય લીલાઓના ક્ષીણ અવશેષો સાથે જોડેલી, મહાપ્રીતના સૂક્ષ્મ અવશેષ સમી વેદના.
ભીના ટાવરમાંથી પડતા કોરા ટકોરા જેવું દર્દભર્યું સંવેદન એકેએક કડીમાં નવી આર્દ્રતા લઈને આવે છે.

લોકવાયકા / રાજેન્દ્ર શુક્લ

· મિશ્ર ·

કદી કદી પૂનમના ઉજાસે
ડેલી તણાં જીર્ણ હલે કમાડ,
હવા હલે ઘેનભરી, કસુંબો
ઘૂંટાય ને અંજલિઓ ભરાય,
હુક્કો ફરે, ઘૂંટ ભરે ગડાકુના,
ખોંખારતો કંઠ બુલંદ કોઈ.

મેડી તણો દાદર એક દીવી
ધીમે ચડે, ઝાકમઝોળ ગોખે.
ચોપાટની રંગત, સામસામા
હસીહસી દાવ અપાય છેલ્લા,
ઝલંત ઝૂલો, ખટકે કડાં અને
રહીરહીને ખખડે ચૂડીઓ...

ડેલી તણાં જીર્ણ હસે કમાડ
કદી કદી પૂનમના ઉજાસે.

પ્રેત-વાયકા / હરિકૃષ્ણ પાઠક

· મિશ્ર ·

કદી કદી કાજળઘેરી રાતે
હવેલીનાં બંધ ખૂલે કમાડ.
ગોખે, ઝરૂખે, છત, બારીબારીએ
ઝગી ઊઠે ઝાકમઝોળ દીવડા.

ને ચૉકમાં ઘમ્મર ઘેર માંડી
ગુંજી ઊઠે છે કંઈ કાળગીતો.
રાતાં ગવન્ ફડફડી પ્રજળી ઊઠે ને
ફેલાઈ ફૂંકે કજળી જઈ ઢળે.

સુક્કા ઊભા પીપળવૃક્ષમાંથી
કો શ્વેત છાયા અવકાશમાં ભળે.
રૂંધાયલા કંઠ મહીંથી છૂટી
તૂટી પડે ચીસ અટારીએથી.
કદી કદી કાજળ ઘેરી રાતે...

અવાવરુ મકાનોમાં ભૂત-ચુડેલ થતાં હોવાની વાયકામાં વર્ણવાતાં દશ્યોનું લાઘવભર્યું આલેખન.

વ્યક્તિ-ઘડતર: ૭

ઊર્મિતંત્ર

રેવરન્ડ ફાધર વાલેસ

આપણે બોલીએ કંઈક અને કરીએ કંઈક. આદર્શ અને વ્યવહાર વચ્ચે મોટી ખાઇ રહે છે. ક્યાં મારી કલ્પનાઓ ને આકાંક્ષાઓથી ઊપજતું મારુ ચિત્ર અને ક્યાં મારા નામે ઓળખાતો આ માટીનો ઢગલો!

નિર્ણય હતો પાંચ વાગ્યે ઊઠવાનો, પણ આળસ ચડી એટલે પાંચના સાત વાગી ગયા. વચન આપ્યું હતું ફરીથી ગુસ્સે ન થવાનું, પણ સહેજ માઠું લાગ્યું કે મારા બરાડાથી આખી શેરી ગાજી ઊઠી. રોજની જેમ રાત્રે વાંચવા તો બેઠેલો, પણ ઘેરથી ખરાબ સમાચાર આવેલા એટલે મન ચિંતામાં ને દુઃખમાં ડૂબી ગયું અને વાચન વાચનને ઠેકાણે જ રહ્યુ...નકશામાં રસ્તો તો સીધો દોર્યો હતો, પણ જીવનના જંગલમાંથી રસ્તો પસાર થતો હોવાથી એ વાંકોચૂંકો થઈ ગયો. અને જેમ

રસ્તો વાંકોચૂકો બને, તેમ બાંધવાનો ખર્ચ વધારે, અને ચાલવાનો વેગ ઓછો. જીવનપંથના બાંધકામમાં એવી ભૂલ ન પાલવે!

આપણામાં જો ફક્ત વિચારતંત્ર અને નિર્ણયતંત્ર હોત તો કામ સરળ બનત. મન દિશા બતાવે અને દિલ ચાલવાનો હુકમ કરે. પણ મન ને દિલ વચ્ચે લાગણીઓના સૂક્ષ્મ તાર તણાએલા છે. તેમના સ્પંદનથી મનની દૃષ્ટિ બદલાય અને દિલના નિર્ણયો ફેરવાય. ભય અને ચિંતા, ક્રોધ અને ક્ષોભ, સંકોચ અને નિરાશા...એ ભાવો માનવના મનમાં ને હૃદયમાં રમ્યા જ કરે છે અને—એ માનવવ્યક્તિ સાવધાન ન રહે તો—એની પાસે પોતાનું ધાર્યું કરાવે છે. ભય એને નસાડી મૂકશે, ચિંતા એનો જીવ ખાઈ જશે, ક્રોધ એને પાશવી બનાવી દેશે, નિરાશા ને ઉદાસીનતા એની શક્તિ લૂંટી લેશે... અને ધારેલા રસ્તે એ જઈ શકશે નહિ, ધારેલું કામ પાર પાડી શકશે નહિ. ઊર્મિતંત્ર જો બરાબર ચાલતું ન હોય તો વિચાર ને નિર્ણયતંત્રની કામગીરી પણ ખોરવાઈ જવાની.

અર્જુન જેવા યુદ્ધવીરના મોંમાંથી પણ નિરાશાના શબ્દો નીકળે છે: 'હું તો નહિ લડું...' દિલના સહકાર વિના ગાંડીવ જેવું ધનુષ્ય પણ ભોંય પર નકામું પડ્યું રહેશે. ઊર્મિઓના સાથ વિના માનવની તમામ શક્તિઓ વેડફાઈ જશે; વ્યક્તિઘડતરનું કાર્ય અશક્ય થઈ જશે.

લાગણીઓ હોય—અને પ્રબળ હોય, એ સારું છે. ઘોડો પાણીવાળો હશે તો જ દોડવામાં ને કૂદવામાં આગળ રહેશે. લાગણીઓ તીવ્ર હશે તો જ જીવનપંથમાં દોડવા ને વિઘ્નોની વાડ કૂદવા એ કામ લાગશે. લાગણીશૂન્ય માણસ એ માણસ નથી; કાં રાક્ષસ હશે કાં પથ્થરની મૂર્તિ!

અશુભ સમાચાર આવ્યા એટલે આંખમાં આંસુ આવ્યાં; મને અન્યાય થયો એટલે છાતીમાં ગુસ્સો ભરાયો; પરીક્ષાનો દિવસ નજીક આવતો હતો એટલે મન ઉપર ચિંતાની ભીંસ રહેતી હતી. આમાં કશું ખોટું નથી. એમાં ફક્ત મનુષ્ય હોવાનો એકરાર છે. પણ જોવાનું તો એ છે કે એ ચિંતાને વશ થઇને હું અભ્યાસ છોડી દઉં, કે એ ચિંતાને ગંભીરતા ને જવાબદારીના ભાવમાં પલટાવીને હું વધુ ચીવટપૂર્વક વાંચતો થાઉં? છાતીમાં ઊછળતા ગુસ્સાના તરંગોમાં મારો વિવેક ડૂબી જતાં હું ધક્કામુક્કીમાં ઊતરું, કે એ ગુસ્સાનો જોશ અન્યાયનો ન્યાયપૂર્વક સામનો કરવામાં વાપરું? ધોધમાં પડતાં નદીનાં પાણીને ભેખડની શિલાઓ પર અથડાવા દઈ ફીણ ને વરાળ થવા દઇએ, કે બંધ-નહેર બાંધીને વીજળીનો ચમકારો પેદા કરીએ અને ખેતી પર તેનો પ્રસાદ ઉતારીએ? એ આ લાગણી-નિયંત્રણનો પ્રશ્ન છે. તેના ઉકેલ માટે હૃદયના એંજિનીઅરો બનીને આપણા ઊર્મિતંત્ર ઉપર એવું ભગીરથ બાંધકામ ઊભું કરતાં શીખવું પડશે.

ભય ને ચિંતા અંધ વૃત્તિઓ હોય છે. ભૂતનો ધંધો તો અમાસના અંધકારમાં નભી શકે. ધોળે દહાડે ચૉકમાં ફરવા નીકળે તો એની પોલ પકડાય. માટે ચિંતાનું નિવારણ કરવા ચિંતાના વિષય ઉપર બુદ્ધિનો પ્રકાશ પાડવો જોઇએ. જેની બીક લાગે છે તે શી ચીજ છે? ચિત્તા સામે હામ ભીડનાર એક પ્રચંડ રબારીને દવાખાનામાં ઇંજેક્શન લેવાની વાત નીકળતાં પોકેપોક રડતો મેં જોયો છે, અને યુદ્ધમોરચે જીવન હોડમાં મૂકીને યમદૂતની સાથે મિત્રાચારી રાખનાર સૈનિકો સામાન્ય શસ્ત્રક્રિયાથી બચવા ઇસ્પિતાલમાંથી ચૂપકીદીથી નાસી ગયાના બનાવો મેં સાંભળ્યા છે. શું ચિત્તાના નહોર કરતાં ડૉક્ટરની સોય ભયંકર છે? કે તોપના ઘા ઝીલવા કરતાં 'શીશી સૂંઘવી' કંઈ બહાદુરીનું મોટું પરાક્રમ છે? ઘણી વાર ઠંડે કલેજે વિચાર કરતાં ચિંતા ને ભયનું મૂળ આપોઆપ ઊખડી જશે.

ઘણી વાર; પણ હમેશાં નહિ. કોઈ વખત—જેનું પરિણામ પૂરેપૂરું આપણા હાથમાં ન હોય એવી અનિશ્ચિત ઘટના નજીકના ભવિષ્યમાં બનવાની હોય ત્યારે— વિચાર કર્યા પછી પણ મનનું સમાધાન થશે નહિ. પરિણામ અનિશ્ચિત છે માટે આશા ને નિરાશા વચ્ચે મન ઝોલાં ખાશે... પ્રથમ ધીમેથી, પણ પછી હીંચકે હીંચકતાં હીંચકતાં જેમ વેગમાં વેગ ઉમેરાઇને હીંચકો ઊંચે ને ઊંચે ચડતો જાય છે તેમ મન એ ભાવિ બનાવના તટસ્થ નિરીક્ષણમાંથી ઉગ્ર તોફાને ચડી જશે.

હીંચકો જરા ધીમો કરો. મનને સમજાવો કે અમુક અંશે એ બનાવ અનિશ્ચિત છે ખરો: પરીક્ષાની સારી એવી તૈયારી કરી છે પણ પરિણામ શું આવશે એ કહેવાય નહિ; તો પણ અત્યારથી એની ચિંતા કરવાથી કંઈ વધુ માર્ક્સ આવવાના નથી. અત્યારે તો કલ્પિત દુઃખથી દુઃખી થયા સિવાય બીજો કોઇ ફાયદો નથી. નાપાસ થઈશું તો એની શોકસભા પછી ભરીશું. માણસ જીવતો હોય ત્યારે કંઈ એની ચિંતા સળગાવાતી હશે? અને બીજું, કે વાસ્તવિક દુઃખ કરતાં કલ્પિત દુઃખ મોટું હોય છે ને લાંબું ચાલે છે. પરીક્ષા તો ત્રણ કલાકમાં પતી જશે, તો પરીક્ષાની ચિંતા આઠ મહિના ચાલવા દઈશું? 'જેલની દીવાલો ઊંચી છે—એક દુઃખદીક્ષિત લેખક લખે છે—પણ તેની ઊંચાઈ કરતાં તેનો પડછાયો વધારે લાંબો છે.'

લાગણીનો સંચાર થાય અને જાણે મનને ખૂણેખૂણે એ ફેલાય, શરીરની નસેનસમાં તેની—અમૃતની કે ઝેરની—અસર પહોંચે ત્યારે એને મનોભાવ 'મૂડ' કહીએ છીએ. તે અનુકૂળ હોય ત્યારે જાણે પવનથી હંકારાતી હોડી! સઢ ચડાવો એટલી જ વાર! પરંતુ એ મનોભાવ વિફરે ત્યારે માણસને ઘોર નિરાશામાં પટકી દે છે. એવું થાય ત્યારે શું કરવું? આખી દુનિયાથી રિસાઇને ઘરને એક ખૂણે ભરાઈ જવું?

ના, મનોભાવનું અમુક વ્યાકરણ પણ હોય છે. એ જો શીખશો તો ગમે તે લાગણીઓની વચ્ચે તમારા જીવનની પંક્તિઓ સીધી લખાશે. એક તો, યાદ રાખો કે અમાસ પછી પૂર્ણિમા આવશે. ઓટ પછી ભરતી ચડશે, રાત પછી પાછું પ્રભાત પ્રગટશે. કુદરતની એ ઘટમાળ છે, જીવનનો નિયમ છે. નિરાશાના અંધકારમાં હો ત્યારે યાદ કરો કે આશાનો સૂરજ ઊગશે જ. હા; અને ઉત્સાહના તડકાથી તપ્ત હો ત્યારે યાદ રાખો કે ઉદાસીનતાની છાયા પણ પછી છવાશે અને તમારા ભાવોનું તાંડવ-નૃત્ય કંઈક શાંત થશે.


વળી, મનની સ્થિતિ બગડી તો ભલે બગડી, પણ બહાર એની ખબર પડવા ન દો. દિલમાં ગમે તે લાગણીઓ, હોય પણ હાથપગને ધાર્યા નિયમ પ્રમાણે ચલાવો. સંગ્રામના મેદાનમાં જવાનના હૃદયમાં અનેક ભાવો ઊઠે, પણ એ તો બંદૂક ચલાવ્યે જ જાય. પરીક્ષાના ખંડમાં વિદ્યાર્થીના મનમાં શંકા-કુશંકાઓ જાગે, પણ એ તો કલમ ચલાવતો રહે. ચાલવા માંડો એટલે ચાલવાનો ઉમંગ સ્ફુરશે.

છેલ્લે, હિંમત હોય તો, વિકૃત લાગણીઓનો હુમલો થાય ત્યારે સામો હુમલો કરો. આજે બે કલાક વાંચવાનું નક્કી કરેલું. પછી 'મૂડ બગડતાં' આજનો આ વાંચવાનો કાર્યક્રમ 'અનિવાર્ય સંજોગોને લીધે' મુલતવી રાખવાનું મન થયું. ઠીક, બે કલાક વાંચવાનો હતો એટલે બે કલાક તો વાંચીશ જ; (જે અંધકારમાં રસ્તો બદલે—અને જે અશાંતિમાં નિર્ણય ફેરવે—એ મુસાફર ધર્મ ચૂકે;) પણ એ બંધ રાખવાની વાત થઈ એટલે હવે એ બે કલાક ઉપર આજે હું ત્રીજો કલાક નહિ વાંચું તો હું મર્દ નથી. અને લાગણીઓ ઠેકાણે આવશે!

યુદ્ધનો મંત્ર છે: રક્ષણ કરતાં હુમલો સારો.



લાલબહાદુર શાસ્ત્રી ૧૦-૧-૧૯૬૬



સાલસ સ્વભાવ, સહિષ્ણુ વૃત્તિ, સરળ ધાર્મિક ને ચારિત્ર્યશીલ જીવન અને આદર્શ નીતિમત્તાથી તે સભર હતા. એમનો વ્યવહાર સ્નેહભર્યો ને વિનમ્ર હતો. સામાન્ય જનતાની મુશ્કેલીઓનો એમને પૂરો ને ખરો ખયાલ હતો. જીવનની અનેક પ્રતિકૂળતાઓ અને કઠણાઈઓ પાર કરીને આજનો યુવાન, લોકશાહીમાં નિષ્કપટ રહીને પણ, ધારે તો શું શું સિદ્ધ કરી શકે એનું એક પ્રબળ ને પ્રેરણાદાયી ઉદાહરણ એમણે પૂરું પાડ્યું. ચડસાચડસી અને હોંસાતોંસીથી દૂર રહીને એમણે શાંત, વિવેકપૂર્ણ અને નિર્ધારિત મક્કમતાથી, ચિત્તને સ્વસ્થ તથા વિચાર દ્વારા સ્વચ્છ રાખીને ઝંઝાવાતો સામે, ખડક જેવી અડગતા દર્શાવી પોતાનું તથા દેશનું શિર સદા ઉન્નત ટકાવી રાખ્યું.

પંડિત નેહરુના ઓચિંતા અવસાન પછી લાલબહાદુર શાસ્ત્રીને ભારતનું સુકાન સોંપાયું ત્યારે એમની શક્તિને પૂરેપૂરી નહિ સમજી શકનાર લોકો વડા પ્રધાન તરીકેની એમની કારકિર્દી માટે સાશંક હતા. રેલવેપ્રધાન અને ગૃહપ્રધાનપદેથી એમણે આપેલાં રાજીનામાંને નિષ્ફળતા ગણનારો અને એમના નાના કદ તથા વિનમ્ર વાણીને પ્રભાવ-વિહીન સમજનારો એક વર્ગ એવો પણ હતો કે જે છાપાંમાં અને સમાચારચિત્રોની ફિલ્મમાં શાસ્ત્રીજીની છબિ જોઇને એમની ઠેકડી ઉડાડતો. અને નેહરુની પ્રતિભા, પ્રભાવ અને લોકપ્રિયતા પણ એવાં હતાં કે એમના અનુગામી તરીકે આવનાર કોઈ પણ વ્યક્તિ તે સ્થાને પ્રથમ તો ગૌણ જ લાગે. પણ દોઢ જ વર્ષમાં પૂર્વના દોઢ દાયકા કરતાં યે નોંધપાત્ર એવો તેજસ્વી અને જ્વલંત ઇતિહાસ રચી શાસ્ત્રીજીએ દેશમાં અને વિદેશમાં યે પોતાનું અને ભારતનું ગૌરવ વધારી દીધું.

એમના પોતાના જ શબ્દોમાં તો તેઓ એક 'અદના આદમી' જ હતા. અલ્પ પરિચિત લોકોને મન નબળાઈ લાગે એવી એમની વિનમ્રતા એ તો એમનું સૌજન્ય હતું. ગાંધીજી જેવા દેશના મહાન નેતાના જન્મદિન સાથે પોતાનો જન્મદિવસ સાંકળીને પોલી પ્રતિષ્ઠા મેળવવાને ન લલચાતાં એમણે વર્ષો સુધી એ દિવસ અંગે મૌન સેવવાનું પસંદ કર્યું હતું. બીજી ઑક્ટોબર એ એમનો પણ જન્મદિવસ છે એની ઘણાને જાણ નહોતી. ઈ. ૧૯૦૪માં મુઘલસરાઈમાં પ્રયાગની કાયસ્થ પાઠશાળાના એક શિક્ષક શારદાપ્રસાદ શ્રીવાત્સવને ત્યાં એમનો જન્મ થયો. પિતાનું અવસાન થયું ત્યારે એમની ઉમર બહુ જ નાની હતી એટલે પિતૃવાત્સલ્યથી તો તેઓ વંચિત જ રહી ગયા. કૈલાસદેવી તથા સુંદરીદેવી એ બે બહેનો સાથે એ એકના એક નાનકડા 'નનકુ'ના ઉછેરનો બધો ભાર માતા રામદુલારી પર આવી પડ્યો. એ જમાનાની વિધવા શિક્ષકપત્ની પાસે બાળકોને ભણાવવાના પૈસા તો ક્યાંથી હોય? છતાં માતાને એ અંગે સતત ઉચાટ તો રહેતો જ. માતામહ મુઘલસરાઇની રેલવે સ્કૂલમાં મુખ્ય શિક્ષક હતાં, પણ ત્યાં શિક્ષણની બહુ સારી વ્યવસ્થા નહોતી. પરંતુ માએ માર્ગ કાઢ્યો. બનારસમાં મુનશી રઘુનાથપ્રસાદ નામે લાલબહાદુરના એક માસા રહેતા હતા એમને ત્યાં નનકુને ભણવા મોકલી આપ્યા.

બનારસમાં માસાના ઘરની પાસે જ હરિશ્ચન્દ્ર સ્કૂલમાં ભણતરની સારી વ્યવસ્થા હતી. મસિયાઈ ભાઈ જ્ઞાનસ્વરૂપ, વિજ્ઞાનસ્વરૂપ અને આત્માસ્વરૂપ ત્યાં ભણતા હતા. નનકુ પણ એમની સાથે જોડાઈ ગયા. માતાને મળવા અવારનવાર રામનગર જતા ત્યારે દરેક વેળા બજરામાં બેસીને સહેલ કરવા જેવી એમની આર્થિક સ્થિતિ નહોતી એટલે કેટલીક વાર તો તરીને ગંગા પાર જતા-આવતા. અભ્યાસમાં આગળ, સ્વભાવે શાંત અને ગંભીર તથા વર્તણૂકમાં સંયમ અને સાદગીથી સભર, એવા લાલબહાદુર ભલે ખેલકૂદમાં વખત ન બગાડતા, પણ રમતગમતનો શોખ અને સમજ તો એમને હતાં જ, અને બૅડમિન્ટન ને વૉલીબૉલ તો તેઓ મોટી ઉમરે પહોંચ્યા પછી યે સારું રમી શકતા. ક્રિકેટની મૅચ જોવામાં પણ એમને ઘણો રસ પડતો. શાળામાં તેઓ ઉર્દૂ ને ફારસી શીખ્યા હતા. એમના અક્ષરો પણ બહુ સારા ગણાતા. ઉર્દૂ તો તેઓ સ્વાભાવિકતાથી લખી-વાંચી શકતા. છેલ્લે તાશ્કંદ ખાતેની મંત્રણાઓમાં પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાનને પોતાની વધારે કરીબ લાવવામાં એ ઉર્દૂનું જ્ઞાન એમને અચૂક કામ લાગ્યું હશે.

લાલબહાદુરજીના આરંભના ઘડતરમાં બનારસનું ઘણું ઘણું પ્રદાન છે. જે અનેક વ્યક્તિઓનો એમના પર પ્રભાવ પડેલો એમાં પંડિત

નિષ્કામેશ્વર મિશ્ર પણ મુખ્ય છે. તેઓ એક આદર્શ શિક્ષક જ નહિ, સંત-યોગી હતા. એમની પાઠ્યેતર પ્રવૃત્તિઓએ એ કાળના અનેક વિદ્યાર્થીઓને જીવનનું ઉમદા ભાથું બંધાવ્યું હતું. પ્રતિભાવાન વિદ્યાર્થીઓને શાળાના સમય પછી પોતાને ઘેર બોલાવી તેઓ તેમને રાજનૈતિક, સામાજિક અને યૌગિક તાલીમ આપતા. એ વિદ્યાર્થીઓમાં ટચૂકડા નનકુનું એક આગવું વ્યક્તિત્વ હતું. મિશ્રજીના દિગ્દર્શન હેઠળ હરિશ્ચન્દ્ર વિદ્યાલયે બનારસમાં રામકટોરામાં 'મહાભારત' નામે નાટક કરેલું ત્યારે એ નાટકમાં સાતમા ધોરણમાં ભણતા લાલબહાદુરે મોટી મેદની સમક્ષ વિદુર તરીકેનું પાત્ર ભજવેલું.

શાસ્ત્રીજીનું સદા હસતું મોં જોઈ કલ્પી ન શકાય કે એ ચહેરો પણ ગુસ્સાથી તપી શકતો હશે. ઈ. ૧૯૨૦નો એક પ્રસંગ છે. રઘુનાથપ્રસાદજીને મળવા આવીને મિશ્રજીનાં પત્ની અને પુત્ર ઘોડાગાડીમાં પાછાં ફરી રહ્યાં હતાં. લાલબહાદુર પણ ગાડીમાં સાથે હતા. ગાડીવાળો વારંવાર ઘોડાને અશ્લીલ ગાળોથી ટોકી રહ્યો હતો. તેને ગાડીમાં 'ઝનાના સવારી' હોવાની યાદ આપી લાલબહાદુરે અનેક વાર વાર્યો, પણ પેલાની વર્ષોની આદત એમ શે છૂટે? અને ઠીંગલા કદના લાલબહાદુરને ગણકારે યે શાનો? ઊલટો નિર્ધારિત સ્થળે પહોંચ્યા પછી મિશ્રજીનાં પત્નીની ભારે કાયાનો નિર્દેશ કરી એણે તો ભાડું પણ વધારે માગ્યું ને એની ચડભડમાં એના મોંમાંથી ગાળ નીકળતાં જ ગુસ્સાથી તપી ગએલા લાલબહાદુરે એના ગાલ પર એક સજ્જડ તમાચો ચોડી દીધો. કહે છે કે <u>જેને ક્રોધ જ નથી ચડતો એ તો નિર્માલ્ય કહેવાય; કાબૂમાં રાખી શકે એ ખરો મર્દ છે.</u> શાસ્ત્રીજી એવા મર્દ હતા. એમની વિનમ્રતા એ તો એમનું સૌજન્ય હતું. એમના ટૂંકા કદ પાછળ એક મહામાનવ ઢંકાયો હતો.

અસહકારની લડતનો એ સમય હતો. ગાંધીજીની રાષ્ટ્રભાવનાથી આકર્ષાઈ વડીલો ને ગુરુઓની સમજાવટ છતાં લાલબહાદુરે અભ્યાસ પડતો મૂકી એ લડતમાં ઝુકાવ્યું ત્યારે એમની વય માત્ર સત્તર વર્ષની હતી. એમની ધરપકડ થઈ અને ૧૯૨૧માં તેઓ પહેલી વાર જેલમાં ગયા. એ પછી તો દેશની સ્વતંત્રતા કાજે કૉંગ્રેસે ચલાવેલી બધી લડતોમાં એમણે સક્રિય ભાગ લીધેલો અને સાતેક વખત મળીને કુલ નવ વર્ષનો જેલવાસ એમણે જીવન દરમિયાન વેઠયો હતો. જેલમાં પણ એમણે પોતાને વિષે ઘણી ઉમદા છાપ પાડી હતી.

એક જેલવાસ દરમિયાન પુત્રીની બીમારીને કારણે એમણે પેરોલ પર છૂટવા ઇચ્છા કરેલી, પણ બિનશરતે. એવો નિયમ તો નહોતો, પણ જેલરને એમની પ્રામાણિકતા ઉપર અખૂટ વિશ્વાસ હતો. શાસ્ત્રીજી ઘેર ગયા. દુર્ભાગ્યે પુત્રી અવસાન પામી. શાસ્ત્રીજી એની અંત્યેષ્ટિ ક્રિયા પતાવી જરા પણ વધુ ન રોકાતાં પેરોલની મુદત પૂરી કર્યા વિના જ જેલમાં ચાલ્યા ગયા. એ દિવસોમાં એમના કુટુંબની સ્થિતિ ઘણી નબળી હતી. પુત્રીનું અવસાન અપૂરતી દાક્તરી સારવારને કારણે જ થયું. પણ લાલબહાદુરજીને મન અંગત બાબતો કરતાં રાષ્ટ્રના અરમાનની કિંમત વધુ હતી. આ જ રીતે એક પુત્રને ધખધખતા તાવમાં છોડીને પણ તેઓ પેરોલની મુદત પૂરી થતાં જેલમાં પાછા ફરી ગએલા.



ઉપર: વહેલી સવારે થોડો નાસ્તો લઈ તેઓ આઠ સાડા આઠે દફ્તરમાં પહોંચી જતા. અને રાત્રીના અગિયાર વાગ્યા સુધી અનવરત પરિશ્રમ કરી પિસ્તાળીસ કરોડની પ્રજાની ખેવના રાખતા.

નીચે: જવાહરલાલજીને શાસ્ત્રીજીની સચ્ચાઈ ને ઈમાનદારી માટે ખૂબ માન હતું. પંડિતજી અહમદનગર જેલમાંથી છૂટયા ત્યારે એમના પર હજારો પત્રો આવતા રહેતા. શાસ્ત્રીજીને એમણે એ પત્રો જોઈ જવા અને એમાંના કેટલાકના જવાબો આપવાનું કામ સોંપ્યું. જમીને સવારે અગિયાર વાગ્યે શાસ્ત્રીજી આનંદભવનમાં પહોંચી જતા અને છેક સાંજ સુધી કામ કરતા. નેહરુજીના બધા જ અંગત અને ખાનગી પત્રો તેઓ વાંચી શકતા, પણ એમાંથી એક પણ પત્રની વિગત શાસ્ત્રીજીને મોંએથી કદી બહાર નથી પડી. પંડિતજીએ એમનામાં મૂકેલો વિશ્વાસ એમણે જીવનભર નિભાવ્યો હતો એટલું જ નહિ, પંડિતજીને પણ મીઠાશથી બે શબ્દો સંભળાવી શકવા જેટલી સ્થિતિએ તેઓ પહોંચ્યા હતા. અને અંતે પંડિતજીનો વારસો પણ એમણે ઉજ્જ્વળતાથી દીપાવી જાણ્યો. નીચે: પંડિતજી અને રાષ્ટ્રપ્રમુખ વચ્ચેની કોઈ ગંભીર વાતના સાક્ષી શાસ્ત્રીજી.





'મેં લાલબહાદુરસે યે ચાહતી હૂઁ કી જાન જાયે તો જાયે મગર દેશ બના રહે!

માતા રામદુલારી

નીચે: શાસ્ત્રીપરિવાર

જેલવાસમાં એમણે 'મૅાદામ ક્યૂરી'નું જીવનચરિત્ર અંગ્રેજીમાંથી હિન્દીમાં ભાષાન્તરિત કરેલું. એ એમનું પહેલું ને છેલ્લું પુસ્તક છે.


રાષ્ટ્રીય ચળવળોને કારણે શાળા-કૉલેજોનો બહિષ્કાર કરનારા વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે એ માટે બનારસમાં નાટી ઇમલી બગીચામાં એક ગાંધી વિદ્યાલય નામે શાળા સ્થપાઈ હતી. લાલબહાદુર એમાં જોડાઈ ગયા. ગાંધીજીએ આદરેલી વિચારક્રાન્તિના એ કાળમાં લોકોની જીવનચર્યા પણ ફેરવાઈ રહી હતી. ઘેરઘેર ખાદી અપનાવાતી હતી. લાલબહાદુરે પણ એ અપનાવી લીધી.


ગાંધી વિદ્યાલય પછી લાલબહાદુર કાશી વિદ્યાપીઠમાં દાખલ થયા. આચાર્ય નરેન્દ્રદેવ, પુરુષોત્તમદાસ ટંડન, બાબુ શ્રીપ્રકાશ વગેરે મહાનુભાવોના સંપર્ક અને પ્રભાવમાં તેઓ આ વખતે આવ્યા. ડૉ. ભગવાનદાસ અને આચાર્ય નરેન્દ્રદેવની એમના પર વિશેષ કૃપા હતી. તેમનો અભ્યાસનો મુખ્ય વિષય હતો શુદ્ધ તત્ત્વજ્ઞાન. એ સાથે તેઓએ એમ.એ.ની સમકક્ષ એવી 'શાસ્ત્રી'ની ઉપાધિ મેળવી. અને પછી એમની આ ઉપાધિને જ લોકો એમની અટક સમજતા થઈ ગયા.

કાશી વિદ્યાપીઠમાં અભ્યાસ ચાલતો હતો ત્યારે ત્રિભુવન નારાયણ સિંહ, બી. વી. કેસકર અને અલગૂરાયજી એમના સહપાઠી હતા. આ સૌએ ખાદી અપનાવી હતી એટલું જ નહિ, એના પ્રચારાર્થે નીચીબાગમાં એક દુકાન પણ ખોલી હતી. લોકો ત્યારે ખાદીને 'ગોદડી' કહેતા. એ ગોદડીનું વેચાણ તો બહુ સારું નહોતું થતું, પણ ધૈર્ય અને ઉત્સાહથી તેઓએ દોઢેક વર્ષ એ દુકાન નિભાવી હતી. પંડિત નિષ્કામેશ્વર ત્યારે ત્યાં રોજ સાંજે આવતા. દુકાન વધાવી રાત્રે સૌ પંડિતજીને ઘેર એકઠા થતા. મોડી રાત સુધી ત્યાં રાજનૈતિક અને સમાજોદ્ધાર સંબંધી ચર્ચાવાર્તાઓ ચાલતી. ખાદી પાછળની લાલબહાદુરજીની ભાવના એટલી પ્રબળ બની ગઈ હતી કે ૧૯૨૭માં મિરજાપુરમાં સુશીલ અને ધાર્મિક વૃત્તિવાળાં લલિતાદેવી સાથે એમનાં લગ્ન થયાં ત્યારે શ્વશુર તરફથી મળતા સારા દાયજાને નકારી એમણે સૌના આગ્રહ છતાં માત્ર એક 'ગાંધીચરખો' ને થોડી ખાદીનો જ સ્વીકાર કરેલો.


વિદ્યાભ્યાસ કરતાં કરતાં જ ભાવિ જીવન દેશસેવામાં વિતાવવાનો એમણે નિશ્ચય કરી લીધેલો. કાશી વિદ્યાપીઠમાંથી બહાર આવતાં એમણે પંજાબકેસરી લાલા લજપતરાયની 'ધ પીપલ્સ ઑવ ઇંડિયા સોસાએટી'માં જોડાઇને દેશસેવાના કાર્યમાં લાગી જવા એ સંસ્થાના આજીવન સભ્ય બનવાનું નક્કી કર્યું.

સંસ્થાના આજીવન કાર્યકરોની પસંદગી ખુદ લાલા લજપતરાયજી જ કરતા. શાસ્ત્રીજીને એમણે મળવા બોલાવ્યા. અન્ય અનેક પ્રભાવશાળી ઉમેદવારો પણ ત્યારે ત્યાં આવેલા, પણ શાસ્ત્રીજીની સાદગી ને નિષ્ઠાની એમના પર ઊંડી છાપ પડી. એમણે શાસ્ત્રીજીને ચૂંટી લીધા અને આમ ૧૯૨૫થી લાલબહાદુરજી એ લોકસેવક સંસ્થામાં જોડાઈ





થોડા વર્ષ પહેલાંના



વડા પ્રધાન થયા પછી

'...ઉનકા વ્યક્તિત્વ બડા રહસ્યમય હૈ. યે નમ્ર જરૂર હૈ લેકિન ઉનકે અંદર સખ્તી ઔર મજબૂતી ભી કાફી હૈ. ઉન્હોંને યુનિવર્સિટી ઔર વિદેશોંમેં શિક્ષા નહીં પાયી હૈ લેકિન જીવનકી પુસ્તકકા બડી અચ્છી તરહ અધ્યયન કિયા હૈ, સમઝા હૈ ઔર ફાયદા ઉઠાયા હૈ. યે દેખનેમેં તો છોટેસે હૈં પરન્તુ રાજનીતિમેં ઇનકી કાફી પૈઠ હૈ, યે દયાલૂ હૈં. વહ અપની તારીફ કભી નહીં કરતે લેકિન દૂસરોંકી તારીફ કરનેમેં કભી નહીં ચૂકતે. યે લોગોંકો નારાજ નહીં કરતે ઔર જો ઉન્હેં નારાજ કરતે હૈં ઉન્હે યે ક્ષમા કર દેતે હૈં, શાસ્ત્રીજીમેં કોઇ શાન-શૌકત નહીં હૈં લેકિન ઉનમેં શરાફત ભરી હુઈ હૈ. વહ બડે બુદ્ધિમાન માલૂમ નહીં હોતે, લેકિન ઉનકી બુદ્ધિ બડી તીવ્ર હૈ, યહ ઉર્દૂ શાયરીમેં કાફી દિલચસ્પી રખતે હૈં ઔર અચ્છે શેર બડે લહજેમેં સુનાતે હૈં...' —શ્રી પુરુષોત્તમદાસ ટંડન


ગયા. એમની પસંદગી સમ્માનસૂચક તો હતી જ, પણ એ સાથે એમને સો-સવાસોનું માસિક વેતન પણ મળતું થયું; અને સાદું સરળ તથા ત્યાગી જીવન પસંદ કરતા શાસ્ત્રીજી માટે એ પૂરતું હતું. મુઝફ્ફરનગર શાળામાં રચનાત્મક કાર્યકર તરીકે શાસ્ત્રીજીને મેરઠ મોકલવામાં આવ્યા. ત્યાં તેમણે અસ્પૃશ્યતોદ્ધારનું કાર્ય કરવાનું હતું. ત્યાં સૌ આશ્રમજીવન ગાળતા. હાથે જ રાંધતા ને વાસણ માંજતા.

સાઈમન કમિશનના વિરોધના દેખાવોમાં લાલા લજપતરાય પર જીવલેણ લાઠીમાર થયો ને તેમનું અવસાન થયું. શાસ્ત્રીજીને જેમના પર અત્યંત આદરભાવ હતો એ લાલાજીનું આમ એકાએક અવસાન થતાં, પોતાના જીવનના એક મહત્ત્વના વળાંક સમયે જ એ પ્રેરણામૂર્તિને ગુમાવતાં શાસ્ત્રીજીને ઘણું દુ:ખ તો થયું જ, પણ સાથેસાથે એમણે લાલાજીની કાર્યજ્યોતને જલતી રાખવાનો મક્કમ નિરધાર કરી લીધો. લાલાજી પછી સંસ્થાના અધ્યક્ષપદે પુરુષોત્તમદાસ ટંડન આવ્યા. તેઓ તો અલ્લાહાબાદના જ હતા અને એમનાં ત્યાગ અને નીતિમત્તાને કારણે ત્યાંના જાહેર જીવનમાં એમનો ઘણો આદર હતો. શાસ્ત્રીજીએ એમનો પ્રેમ તરત સંપાદિત કરી લીધો. ટંડનજીએ એમની ભાવનાઓ અને કાર્યશક્તિને બરાબર પિછાની લીધી.

ટંડનજીએ એમને વિષે કહ્યું છે કે, 'મેં એમની સાથે નૈની જેલમાં ૧૬ મહિના ગાળ્યા છે અને મેં એમની રીતભાત, એમની આદતો ને રહેણીકરણીનો ઊંડો અભ્યાસ કર્યો છે. વળી, લગભગ વીસ વર્ષ સુધી અલ્લાહાબાદની એમની કારકિર્દીથી હું જ્ઞાત છું. એમનું વ્યક્તિત્વ બહુ રહસ્યમય છે. તેઓ નમ્ર જરૂર છે પણ એમની અંદરની સખ્તાઈ અને મજબૂતી પણ ભારે છે. યુનિવર્સિટી અને વિદેશોમાં એમણે શિક્ષણ નથી મેળવ્યું, પરંતુ જીવનના ગ્રંથનું એમણે સારી પેઠે અધ્યયન કરેલું છે, એને સમજ્યા છે અને એને સુંદર રીતે પ્રયોજ્યું છે. દેખાવમાં એ નાનકડા લાગે છે પણ રાજનીતિમાં એમને ઊંડી સૂઝસમજ છે. તેઓ દયાળુ પણ છે. પોતાનાં વખાણ તેઓ કદી નથી કરતા પણ અન્યને વખાણવાનું તેઓ કદી ચૂકતા નથી. લોકોને નારાજ કરવાનું એમને જરા યે ગમતું નથી. બહુ બુદ્ધિમાન દેખાતા નથી પરંતુ એમની મેધા તીવ્ર છે. ઉર્દૂ શાયરીમાં પણ એમને ઊંડો રસ છે ને ક્વચિત્ બહુ અદાથી સારા શેર સંભળાવી શકે છે. અભિમાન તો એમનામાં મુદ્દલ નથી. સુખ-દુ:ખ બંને એ આસાનીથી સહી શકે છે. પોતાના સારા દિવસોમાં પણ ગરીબીના દિવસો એ વિસર્યા નથી. કોઈ સમૃદ્ધિની એમને સ્પૃહા નથી. માણસને એ માણસ જ સમજે છે; એના વિરુદ્ધ એમને કોઈ ફરિયાદ નથી, અને બદલો લેવાનું તો એમના સ્વભાવમાં નથી જ.'

ઈ. ૧૯૨૬માં અલ્લાહાબાદ સુધરાઈના સભ્ય ચૂંટાયા. એ સ્થાનેથી એમણે સાત વર્ષ સુધી દિલ દઇને નાગરિકોની સેવા કરી. અલ્લાહાબાદ ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના પણ તે ચાર વર્ષ સુધી સભ્ય રહેલા.

૧૯૨૯ની લાહોરની બેઠકમાં પં. જવાહરલાલ નેહરુના પ્રમુખપદે કૉંગ્રેસે પૂર્ણ સ્વરાજ્યની માગણીનો ઠરાવ કર્યો. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં એક નવું ચેતન આવ્યું. ગાંધીજીએ દાંડીકૂચ કરી મીઠાનો સત્યાગ્રહ આદર્યો. લાલબહાદુર પણ તેમાં જોડાઈ ગયા અને એમની ધરપકડ



સાગરપાર શાસ્ત્રીજીની પહેલી વિદેશયાત્રા: કૈરોમાં તટસ્થ રાષ્ટ્રોની પરિષદમાં. ચિત્રમાં જમણી બાજુ આગળ ઈન્ડોનેશિયાના પ્રમુખ ડૉ. સુકર્ણ અને ડાબી બાજુ (પાઘડીવાળા) ભારતના વિદેશ પ્રધાન સરદાર સ્વર્ણસિંહ તથા એમની બાજુમાં પાકિસ્તાનના જનાબ ભુટ્ટો છે.

થઈ. અઢી વર્ષની સજા થઈ. જોકે ગાંધીઅરવિન કરારને કારણે જેલમાંથી એમનો વહેલો છુટકારો થયો.

સુધરાઈમાં ચૂંટાઈ આવ્યા બાદ અલ્લાહાબાદમાં એમની ગણના એક અગ્રણી કાર્યકર તરીકે થવા લાગી હતી. મીઠાના સત્યાગ્રહ પછી ૧૯૩૧ના પ્રારંભમાં તે જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે અલ્લાહાબાદ જિલ્લા કૉંગ્રેસના પ્રમુખ ટંડનજી હતા. લાલબહાદુર વિષે એમને ઘણો ઊંચો અભિપ્રાય હતો. થોડા દિવસમાં ટંડનજીએ એમને જિલ્લા કૉંગ્રેસ સમિતિના મુખ્ય મંત્રીના પદે મૂક્યા. ત્યારે ટંડનબાબુ કિસાન આંદોલનને પ્રાંતવ્યાપી બનાવવા ઇચ્છતા હતા. એ માટે શાસ્ત્રીજીને અનેક ગામડાંઓમાં કિસાનો વચ્ચે સારી પેઠે ઘૂમવાનું થતું. એમની વચ્ચે કામ કરતાં એમને ખેડૂતોના પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરવાની તક મળી. જવાહરલાલ અને ટંડનજી જે પ્રાંતવ્યાપી મહેસૂલબંધીનું આંદોલન ચલાવવા ઇચ્છતા હતા એની પૂર્વભૂમિકા સર્જવા અને ખેડૂતોને એ માટે સજ્જ કરી એમનું સંગઠન કરવામાં લાલબહાદુરજીની કુનેહ અને લોકપ્રિયતા ઘણી ખપ લાગી હતી. ગાંધીજી ત્યારે બીજી ગોળમેજી પરિષદમાં ગએલા. પણ ત્યાંથી તેઓ હિન્દ આવે એ પહેલાં જ મહેસૂલબંધી આંદોલનની જાહેરાત થઈ ચૂકી. વાઈસરૉય લૉર્ડ વિલિંગ્ડને કૉંગ્રેસને વધુ તક મળે એ પહેલાં તો 'ઑર્ડિનન્સ' જાહેર કરી ત્રણ ચાર માસમાં તો અગ્રગણ્ય બધા જ નેતાઓને જેલમાં ધકેલી દીધા. લાલબહાદુરને પણ એમાં પ્રથમ નૈની જેલમાં અને પછી ફૈઝાબાદની જેલમાં રાખવામાં આવેલા.

આ દરમિયાન શાસ્ત્રીજી પંડિત નેહરુની વધુ નજીક આવ્યા. આ અગાઉ તેઓ પંડિતજીની વીરતા અને બલિદાનથી પ્રભાવિત થએલા ખરા, પરંતુ એમના રાજનૈતિક ખયાલોનો એમને હજી પૂરો પરિચય નહોતો. ટંડનબાબુએ એમને અલ્લાહાબાદ જિલ્લા કાંગ્રેસના મહામંત્રી બનાવેલા, પણ અંગત રીતે એમને જૂથબંધી ગમતી નહિ. પંડિતજીના વિચારોનો વધુ પરિચય થવા માંડતાં તેઓ એમના તરફ વધુ ઝોક લઈ રહ્યા હતા. આ જ કાળે ભારતમાં સામ્યવાદી વિચારધારા પણ આગળ વધી રહી હતી. પોતે જેમને વડીલ માની અનુસરેલા એ ટંડનજી અને પંડિતજીની સૈદ્ધાંતિક દૃષ્ટિમાં પણ ઘણો તફાવત હતો. શાસ્ત્રીજી એ બધા પ્રવાહોને અભ્યાસુ દૃષ્ટિએ વિચારી રહ્યા હતા. દરમિયાન તે અલ્લાહાબાદ જિલ્લા કાંગ્રેસના પ્રમુખપદે પહોંચ્યા હતા.

'ગવર્નમેન્ટ ઑવ ઇંડિયા ઍક્ટ' અનુસાર કૉંગ્રેસે ધારાસભામાં પ્રવેશવાનો નિર્ણય લીધો. ટંડનજી અને પંડિતજીએ આગ્રહ કરીને શાસ્ત્રીજીને ચૂંટણીમાં ઊભા રાખ્યા, ને રાજા જગમલની સામે ૧૯૩૭માં તેઓ સંયુક્ત પ્રાંત (હાલ ઉત્તર પ્રદેશ)ની ધારાસભામાં ચૂંટાઈ આવ્યા. એ સમયમાં નેહરુજી, ટંડનજી, પંડિત ગોવિંદવલ્લભ પંત, રફી અહમદ કીડવાઈ, આચાર્ય નરેન્દ્ર દેવ, સંપૂર્ણાનંદ શ્રીપ્રકાશ વગેરે જેવા મહાનુભાવોની બોલબાલા હતી. એમની વચ્ચે શાસ્ત્રીજીનું સ્થાન તો ઘણું ગૌણ ગણાય, પણ પોતાની મૂક દેશસેવા અને જનહિતનાં કાર્યોથી એમણે જે લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી એથી એમનું મહત્ત્વ જરા યે ઓછું અંકાય તેવું રહ્યું નહોતું.

પછી તો વ્યક્તિગત સત્યાગ્રહ આવ્યો. ભારતને આઝાદ કરવાના વચનની શરતે જ કૉંગ્રેસે બ્રિટિશ સરકારને બીજા વિશ્વયુદ્ધમાં સહાય કરવાનો પ્રસ્તાવ મૂક્યો. અંગ્રેજોએ એ નકાર્યો અને કૉંગ્રેસે લડત આરંભી. હજારો સત્યાગ્રહીઓ જેલમાં ગયા. લાલબહાદુરજીને પણ એક વર્ષની સજા થઈ. '૪૨ના ઑગસ્ટમાં 'હિંદ છોડો'નો ઠરાવ થયો એટલે પ્રાંતીય કાંગ્રેસના મહામંત્રી તરીકે આંદોલન અંગેની જવાબદારી શાસ્ત્રીજી પર પણ આવી અને એમને જેલયાત્રા કરવી પડી.

૧૯૪૬માં વચગાળાની સરકાર રચવાની જાહેરાત થઈ. લાલબહાદુરજીને પ્રાંતીય કૉંગ્રેસ સમિતિની ચૂંટણી સમિતિના મંત્રી બનાવવામાં આવ્યા. અથાક પરિશ્રમ કરી એમણે જે સંગઠન સાધ્યું એને કારણે સંયુક્ત પ્રાંતમાં કૉંગ્રેસનો વિજય થયો અને પંડિત ગોવિંદવલ્લભ પંત ત્યાંના મુખ્ય પ્રધાન બન્યા. દરમિયાન શાસ્ત્રીજીની પારદર્શક પ્રામાણિકતા અને કાર્યશક્તિથી પ્રભાવિત થએલા નેહરુજીના સૂચનથી પંડિત પંતે એમને પોતાના સંસદીય મંત્રી બનાવ્યા. થોડા જ વખતમાં



'જય જવાન' ભારત શાંતિથી રહેવા ઇચ્છે છે. પરંતુ તેને કાયરતા તરીકે ખપાવવાની ભૂલ ન કરવી જોઇએ. સશસ્ત્ર હુમલાનો જવાબ વળતો સશસ્ત્ર હુમલો જ હોય.

એમની કાર્યદક્ષતાને પંતજી પહેચાની ગયા અને શાસ્ત્રીજીને ગૃહ તથા વાહનવ્યવહાર ખાતાંના પ્રધાન બનાવ્યા. ત્યાંથી તે મહાસમિતિના મહામંત્રી નિમાયા ત્યાં સુધી એમણે એ ખાતાં બહુ દક્ષતાથી સંભાળ્યાં. દરમિયાન એમની કાર્યરીતિ, પ્રામાણિકતા, ત્યાગવૃત્તિ અને સૌજન્ય વિષે ઘણો ઊંચો અભિપ્રાય બંધાયો હતો, એટલે ૧૯૫૧માં કૉંગ્રેસે સ્વતંત્ર ભારતની પહેલી સામાન્ય ચૂંટણી યોજી ત્યારે નેહરુજીએ પક્ષના મહામંત્રી તરીકે એમની નિમણૂક કરીને અખિલ ભારતની ઝુંબેશની વ્યવસ્થાનો સઘળો ભાર શાસ્ત્રીજી પર નાખ્યો. અને અવિરામ પુરુષાર્થ ખેડી એમણે કૉંગ્રેસને વિજય અપાવ્યો.

પછી તો તેઓ કેન્દ્ર સરકારમાં રેલવે અને વાહનવ્યવહાર ખાતાના પ્રધાન નિમાયા. અલ્લાહાબાદ છોડી હવે તેઓ નવી દિલ્હી આવીને રહ્યા. દેશભરમાં અનેક નવાં સ્ટેશનો અને પ્લૅટફૉર્મ, ગાડીના ત્રીજા વર્ગમાં પણ પંખા અને સૂવા માટેની વ્યવસ્થાવાળા ડબાઓ, 'જનતા' ગાડીઓ અને માત્ર ત્રીજા વર્ગવાળી એક્સ્પ્રેસ ગાડીઓ એ બધી એમની દેણગી છે. રેલવેનાં ઍન્જિનો દેશમાં જ બનાવવાના કારખાનાની સ્થાપના પણ એમણે કરાવી. એ રીતે ઔદ્યોગિક ક્ષેત્રે પણ એમણે પ્રદાન કર્યું. એમની આ બધી કામગીરીમાં એમણે દેશની સામાન્ય પ્રજાને સતત પોતાની નજર સમક્ષ રાખી હતી. અને આટલી જ્વલંત સેવા છતાં રેલવેમાં ઉપરાઉપરી મોટા અકસ્માતો બનતાં જ તેની જવાબદારી બંધારણીય રીતે પોતાને શિરે ઓઢી લઈ એમણે રેલવે પ્રધાનપદેથી રાજીનામું આપી દીધું! અનિચ્છાએ પણ એ રાજીનામું સ્વીકારતાં પંડિત નેહરુએ એમને વિષે કહ્યું: 'શ્રી શાસ્ત્રી ઉચ્ચ આદર્શો માટેની નિષ્ઠા સાથે એથી યે ઉચ્ચ કક્ષાની પ્રામાણિકતા અને ચારિત્ર્ય ધરાવતી વ્યક્તિ છે. જે કંઈ બન્યું છે તે માટે તેઓ કોઈ પણ રીતે જવાબદાર છે એમ માનીને હું એમનું રાજીનામું નથી સ્વીકારતો, પણ એટલા માટે સ્વીકારું છું કે એથી બંધારણીય ઔચિત્યનું એક ઉદાહરણ રજૂ થશે.' અને એ રેલવે અકસ્માતો(ખાસ તો અલ્લુમાપુરનો અકસ્માત, જેમાં ૧૫૦થી યે વધુ માણસો માર્યા ગયા હતા, તે)ની ચર્ચાનો ઉત્તર વાળતાં શાસ્ત્રીજીએ કહ્યું કે, '<u>કદાચ હું કદમાં નાનો છું અને જીભે ઉગ્ર નથી.</u> તેથી લોકો એમ માનવા પ્રેરાય છે કે હું બહુ મક્કમ રહી શકું તેમ નથી. જો કે હું શરીરે સબળ નથી, છતાં આંતરિક રીતે એટલો નિર્બળ પણ નથી જ.' એમના ચારિત્ર્યના એક નવા પ્રકારનું એમાં દર્શન થાય છે. એમના સાદગીભર્યા ને અત્યંત નમ્ર બાહ્ય દેખાવની ભીતરમાં પ્રબળ ઇચ્છાશક્તિ અને નિશ્ચલ કાયભાવના ડોકાય છે, અને વડા પ્રધાનપદેથી પાકિસ્તાની આક્રમણ સામે એમણે ધારેલી નિશ્ચલતાના તો આપણે સૌ સાક્ષી છીએ.

બીજી ચૂંટણીમાં પણ તેઓ ફરી લોકસભામાં ચૂંટાઈ આવ્યા અને પરિવહન તથા સંદેશાવ્યવહારના પ્રધાન બન્યા. '૫૮માં વાણિજ્ય ને ઉદ્યોગ પ્રધાન બન્યા. એ સ્થાનેથી એમણે ખેતી અને ઉદ્યોગોના સંયોજનની એક યોજના ઘડી. ત્રિજ્ઞણ દાયકામાં કુટિરઉદ્યોગોને લઘુઉદ્યોગોમાં બદલી ગ્રામવિસ્તારમાં બેકારી ઘટાડવાનો એમાં ખયાલ હતો. ભીલાઈ, દુર્ગાપુર અને રૂરકેલાનાં પોલાદનાં જંગી કારખાનાંઓની સ્થાપના અને વિકાસમાં પણ એમનો મહત્ત્વનો ફાળો હતો.

૧૯૬૧માં પંતજીના અવસાનને કારણે ભારતનું ગૃહખાતું શાસ્ત્રીજીને સોંપાયું. આ પદ પરની એમની જવાબદારીઓ અતિ વિસ્તૃત હતી. મંત્રણાકાર અને સમાધાનકાર તરીકેની એમની શક્તિઓ હવે પ્રકાશી ઊઠી. આસામના ઉગ્ર ભાષાકીય વિવાદનો એમણે સુખદ અંત આણ્યો. નેપાળના શુભેચ્છા મિશનમાં પણ એમણે સફળતા મેળવી અને ભારત વિષે એક ઊંડી સારી છાપ ત્યાં પેદા કરી ને બંને દેશો વચ્ચેના સંબંધો સુખદ બનાવ્યા. ભારત બહારની એ એમની પ્રથમ વિદેશયાત્રા હતી. પંજાબી સૂબાની લડતમાં તથા કેરળના વિખવાદોમાં પણ એમણે શાંતિભર્યો ઉકેલ આણ્યા.

વળી, ૧૯૬૨ની ત્રીજી સામાન્ય ચૂંટણી વખતે કૉંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિના સંયોજનની જવાબદારી પણ એમના પર આવી. દેશનાં વિવિધ રાજ્યોમાં કૉંગ્રેસની આંતરિક જૂથબંધી ઉપરાંત કૉંગ્રેસમાં અનેક અસંતોષી તત્ત્વો ફૂટી નીકળ્યાં હતાં. એ સૌને સંગઠિત કરી, એમનામાં સમજૂતી સ્થાપી, એમણે ફરી કૉંગ્રેસને વિજય અપાવ્યો.

દેશ પરના ચીની આક્રમણ વખતે ગૃહપ્રધાનપદેથી બાહ્ય આક્રમણ સામે મોરચો માંડવા ઉપરાંત આંતરિક ભાંગફોડિયાઓ અને દેશદ્રોહીઓ પર પણ એમણે ચાંપતી નજર રાખી ભારત સંરક્ષણધારા

'જય કિસાન' મૈં જાનતા હૂઁ ગરીબી કયા ચીજ હૈ કયોંકિ મૈં ખુદ ગરીબ રહા હૂઁ. મૈં ચાહતા હૂઁ ભારત કે પ્રધાન મંત્રી ઔર સાધારણ જનકા સમાન સ્તર ઔર સમ્માન હો.



અંક ૬૪૯ માં વાપર્યો છે.



પદ્મશ્રી બનેલા રવિશંકર રાવળને અભિનંદતા

હેઠળ અટકમાં લઈને દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાનું ભગીરથ કામ સફળતાથી ઉકેલ્યું હતું.

એ પછી કામરાજ યોજના તળે એમણે રાજીનામું આપ્યું. પણ જવાહરલાલજીએ એમને દફતર વિનાના પ્રધાન તરીકે ફરી પોતાની મદદમાં લઈ લીધા. આ સ્થાનેથી વિદેશ ખાતાની ઘણી કામગીરી તેઓ કરતા હતા. કાશ્મીરમાં હજરતબાલ-પ્રકરણમાં જે વિકટ સ્થિતિ સર્જાઈ હતી એને એમણે પોતાની મીઠાશભરી કુનેહથી હલ કરીને એક ઘણું મુશ્કેલ કાર્ય સિદ્ધ કરી બતાવ્યું. અણુશક્તિ ખાતાના દફતરનું કામ પણ પંડિતજી એમને વિશ્વાસથી સોંપતા. એક રીતે કહીએ તો બિનસત્તાવાર રીતે તેઓ નાયબ વડાપ્રધાન સમા બની રહ્યા હતા.

આમ, સનસનાટીભરી નહિ, પણ સતત એકધારી પ્રગતિમાન રહેલી એમની કારકિર્દી પછી યે પંડિતજીના અનુગામી તરીકે તો શાસ્ત્રીજીનું સ્થાન ચોથાપાંચમા ક્રમથી ઊંચે નહોતું ગણાતું. એટલે જ પંડિતજીના એકાએક અવસાન પછી એક અઠવાડિયામાં જ કૉંગ્રેસ સંસદીય દળના નેતા તરીકે એમની સર્વસમ્મત ચૂંટણી થઈ ત્યારે દેશ-વિદેશમાં આશ્ચર્ય ફેલાઈ ગએલું. પણ કશી યે કડવાશ વિના નેહરુની પરંપરામાં એમણે પોતાનું સ્થાન નિશ્ચિત કરી દીધું. એમની કારકિર્દી વિચક્ષણ, કાર્યક્ષમ, વિનંયી અને નિર્મળ રહી હતી. સાચી કે ખોટી રીતે એમના તરફ કોઈ આંગળી ચીંધી શકે તેમ નહોતું.

અને એમની જવાબદારીઓ પણ કમ નહોતી. રાષ્ટ્રપ્રમુખના શબ્દોમાં કહીએ તો રાજકીય ક્ષેત્રે ભારતમાં એક નવો યુગ આરંભાઈ રહ્યો હતો. પંડિતજી, અલબત્ત, દેશની જનતા પ્રત્યે અસીમ પ્રેમ ધરાવતા હતા; પણ એમની શિક્ષા-દીક્ષા વિલાયતમાં થઈ હતી. હૅરો અને કેમ્બ્રિજમાં એમના સંસ્કારો ઘડાયા હતા. પોતાની આંતરરાષ્ટ્રીય દૃષ્ટિથી એમણે સમગ્ર જગત પ્રત્યે મમત્વ કેળવ્યું હતું. ગ્રેઈટ બ્રિટનની વૈજ્ઞાનિક, સંસદીય અને ચારિત્રિક પરંપરાનો એમના પર પ્રભાવ હતો. લોકશાહીમાં પ્રબળ આસ્થા, સરકારી કર્મચારીઓનાં કામમાં હસ્તક્ષેપ ન કરવાની વૃત્તિ તથા એમનામાં પ્રબળ વિશ્વાસ અને જ્યાં સુધી કોઈ વ્યક્તિ ખરેખર દોષિત સિદ્ધ ન થાય ત્યાં સુધી એને નિર્દોષ માનવાની પંડિતજીની વૃત્તિ હતી. આ સિદ્ધાંતો પર ચાલતાં એમને ઘણી વાર છેતરાવું પડ્યું હતું. પણ વિશ્વાસ ખોવાને બદલે એમણે છેતરાવું પસંદ કર્યું. પરંતુ ચીની આક્રમણે એમની આંખ ખોલી દીધી. એમને પડછે શાસ્ત્રીજી વાસ્તવિક્તાની ભૂમિ પર ચાલતા.

છતાં પંડિતજી પછી તુરંત એમના સ્થાને બેસવું એ સરળ જવાબદારી નહોતી. પણ દોઢેક વર્ષના ટૂંકા ગાળામાં દેશ સામે પડેલી અનેક



તાશ્કંદ જતી વેળા પાલમ હવાઈ મથકે શ્રીમતી લલિતાદેવી અને અન્ય કુટુંબીઓ સાથે. દુર્ભાગ્યે એમની આ છેલ્લી વિદાય નીવડી.

વિટંબણાઓમાંથી માર્ગ કાઢતા જઇ, જલદ ગતિથી એમણે જે વિજયવંતુ કાર્ય કરી બતાવ્યું એ તો પંડિત નેહરુ પણ ક્ષણભર વિસરાઈ જાય એવું અદ્ભુત હતું. અલબત્ત, નેહરુજી જેવું આકર્ષક વ્યક્તિત્વ એમનામાં નહોતું. પણ એમના નાના કદ અને તદ્દન સાદા એવા દેખાવ પાછળ અનેકવિધ લાક્ષણિકતાઓ અને આગવી શક્તિઓ છુપાઈ હતી. પોતાના નાના કદ માટે તો તેઓ વારંવાર મજાક ઉડાવતા. અંગત સ્વાર્થ કે ઉત્કટ મહત્ત્વાકાંક્ષાઓથી તદ્દન પર રહી એમણે વડા પ્રધાનપદને માત્ર દેશસેવા અને જનસેવાનું એક સાધન જ માનેલું અને એ જ રીતે એમણે એનો ઉપયોગ કર્યો. સાલસ સ્વભાવ, સહિષ્ણુ વૃત્તિ, સરળ ધર્મમય અને ચારિત્ર્યશીલ જીવન અને આદર્શ નીતિમત્તાથી તેઓ સભર હતા. એમનો વ્યવહાર સ્નેહભર્યો ને વિનમ્ર હતો. આમ જનતા સાથે એમનો સીધો જ સંપર્ક હતો. સામાન્ય પ્રજાની મુશ્કેલીઓનો એમને પૂરો અને ખરો ખયાલ હતો. વડા પ્રધાન તરીકે તેઓ સાચા અર્થમાં આમ જનતાના પ્રતિનિધિ હતા. (અનુ. પૃ. ૩૪)

કદમાં નાના, બુદ્ધિમાં કુશાગ્ર, મિજાજે મીઠા અને દૃઢ સંકલ્પધારી શાસ્ત્રીજી તાશ્કંદમાં (ડાબી બાજુથી અનુક્રમે) ભારતના સંરક્ષણ પ્રધાન ચૌહાણ, વિદેશપ્રધાન સ્વર્ણસિંહ, પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાન અને સોવિયેટ વડાપ્રધાન કોસિજીન સાથે.



કેલેન્ડરની પરિન્દા

લેખક
ડૉ. બિપિન કે. પરીખ

દિવાળી ગઈ. નવાં નવાં મિષ્ટાન્ન, ભાતભાતનાં વસ્ત્રો, જાતજાતના ફટાકડા, અવનવી રંગોળીઓ, ઝગમગતા દીપકો—બધું જ ગયું! અને નવું વર્ષ આવી પહોંચ્યું.

બેબીની રજાઓ હવે પૂરી થશે. ફરી પાછું બાલમંદિરમાં જવું પડશે! ફરી પાછાં સ્લેટ અને પેન! ફરી પાછાં પુસ્તકો! ફરી પાછું 'લેસન'! કોણ જાણે દિવાળી ક્યારે પાછી આવશે?

'મમ્મી, દિવાળી ક્યારે પાછી આવશે?' બેબી પૂછે છે. પણ જવાબ સાંભળીને નિરાશ થઈ જાય છે: 'દિવાળી તો હવે ખૂબ બધા દિવસ પછી આવશે; હવે તો ઉત્તરાયણ આવશે.'

'મમ્મીના એ જવાબથી હું ખુશખુશ થઈ જાઉં છું કેમ કે ઉત્તરાયણ એટલે પતંગ! અને પતંગ ચગાવવાની મને તો ખૂબ ખૂબ મઝા પડે. પણ બેબીને પતંગમાં રસ નથી. અને તેથી જ એ નિરાશ થઈ જાય છે. 'હવે રોજ સાંજે પપ્પા નવી નવી વસ્તુઓ નહિ લાવે, મમ્મી?' બેબી પૂછે છે; અને જવાબને બદલે પપ્પા જ બારણામાં દેખાય છે. છેલ્લા કેટલા ય દિવસથી પપ્પા સાંજે કંઈ ને કંઈ લાવે જ છે—ચૉકલેટ, પીપરમિન્ટ, બિસ્કિટ, મીઠાઈ, ફુગ્ગા, રમકડાં...! પણ એ તો દિવાળી હતી! હવે દિવાળી તો ગઈ! હવે શું? પણ બેબી 'તો શું લાવ્યા? શું લાવ્યા?' કરતી પપ્પાને વળગી પડે છે.

હા, પપ્પાના હાથમાં કંઈક છે તો ખરું જ! એક નવી સાડી, એક નવી ડાયરી, સફેદ કૅનવાસનાં બૂટ, અને...એક કૅલેન્ડર! હં! સાડી તો મમ્મી માટે, ડાયરી પપ્પા માટે, બૂટ મારે માટે, ત્યારે બેબી માટે?

'પપ્પા, મારે માટે શું લાવ્યા છો?' બેબી પૂછે છે ને પપ્પા માથું ખંજવાળે છે. હાથમાંની બધી વસ્તુઓ તરફ જુએ છે. દરેકને માટે કંઈ ને કંઈ છે; પણ બેબી માટે? 'હા બેબી માટે રોજ કંઈક લાવવું તો જોઇએ જ ને! પણ હવે તો દિવાળી ગઈ. હવે બેબી માટે શું હોય?

પણ એ તો બેબી! એનું વદન વિલાઈ જાય છે. આંખોની પાંપણો પર મોતીના દાણા ચમકવા માંડે છે. પપ્પાએ તો કહી દીધું: 'દિવાળી ગઈ!'—પણ તો પછી મમ્મીની સાડી ક્યાંથી આવી? પપ્પાની ડાયરી ક્યાંથી આવી? ભાઈના બૂટ ક્યાંથી આવ્યા? શું બેબીને માટે જ દિવાળી જતી રહી? બીજાં બધાંની દિવાળી હજુ ચાલુ છે? બેબી રિસાઈ ગઈ. ખૂણામાં પડેલાં ગાદલાંમાં મોં સંતાડી રોવા લાગી.

મમ્મી સમજાવે છે, પટાવે છે, પણ બેબીનાં ડૂસકાં બંધ થતાં નથી. પપ્પા બૂમ મારે છે: 'જો! જો! બેબી, તારા માટે આ લાવ્યો છું.' ગોળ 'રોલ' વાળેલું કૅલેન્ડર પપ્પાએ ખોલી નાખેલું છે. આહા! કેટલું સરસ છે એ કૅલેન્ડર! કૅલેન્ડરમાં છે એક સુંદર બેબી: સોનેરી જુલફાંવાળી, ગુલાબી ગાલવાળી, મોટીમોટી ભૂરી આંખોવાળી! એના હાથમાં છે એક સફેદ, સુંવાળું સુંવાળું બિલાડીનું બચ્ચું. એની પાછળ છે સોનેરી પાંજરામાં પુરાએલો એક સુંદર પોપટ. પોપટનો રંગ લીલો છે; બેબીનાં જુલફાંને શોભાવતી 'બો'નો રંગ પણ લીલો છે. બેબીને મીની કેટલી બધી ગમે છે! ને પોપટ પણ કેટલો પ્યારો છે!

ગોદડાંમાં મોં સંતાડેલું રાખી, એક ત્રાંસી નજરે બેબી કૅલેન્ડર તરફ જોઈ રહે છે. અહા! કેટલો સરસ પોપટ! કેટલી સરસ મીની! પણ એ તો ચિત્ર જ ને? પપ્પાએ કંઈ સાચો પોપટ કે સાચી મીની એને લાવી આપી છે? અરે રમકડાંનો પોપટ કે રમકડાંની મીની પણ ક્યાં છે? આ તો માત્ર ચિત્ર! બેબી ફરી મોં છુપાવી દે છે. મમ્મી સમજાવે છે, પપ્પા પટાવે છે, પણ અમારી બેબીને મનાવવી શું સહેલી વાત છે? મમ્મી જાતજાતની યુક્તિઓ અજમાવે છે, પપ્પા ભાતભાતનાં વચનો આપે છે, પણ અમારી બેબી એમ કંઈ ભોળી નથી સ્તો! એનાં ડૂસકાં વધતાં જાય છે. પપ્પા કંટાળે છે. કહે છે: 'આ બેબી તો સાવ ગાંડી છે. આપણને આવી ગાંડી બેબી ન ગમે! આપણે તો ગાંડી બેબીની કિટ્ટા કરીશું હવે આ નવી બેબીને રમાડશું.' અને પપ્પા કૅલેન્ડરની બેબીને એક 'બુ' કરે છે. ડૂચકારો સાંભળીને ગાદલાંમાં મોં સંતાડીને ઊભેલી બેબીનાં ડૂસકાં વધી જાય છે.

પપ્પા હજુ ય બોલ્યે જાય છે: 'કેવી સરસ છે આ બેબી! સોનેરી જુલફાં છે, ગુલાબી ગુલાબી ગાલ છે, મોટી ભૂરી ભૂરી આંખો છે...' અને ગોદડાં પર પડેલા એક ઓશીકાનો બેબી છુટ્ટો ઘા કરે છે. પછી ભોંય પડીને આળોટવા લાગે છે. પપ્પા ખડખડાટ હસે છે અને કહે છે: 'એની મીની તો જુઓ! કેવી રૂપાળી છે! ને આ પોપટ...'

ત્યાં પાડોશનાં છોકરાં આ નવું કૅલેન્ડર જોવા આવી પહોંચે છે. બધાં છોકરાં કૅલેન્ડરની એ બેબીને, એ બેબીનાં મીની અને પોપટને નીરખ્યા કરે છે અને પછી દોડતાં પોતપોતાને ઘેર જઈ પોતાનાં માબાપને કહે છે: 'બેબીને ઘેર એક સરસ કૅલેન્ડર એના પપ્પા લાવ્યા છે. ચાલોને જોવા!' કોઇકોઈ મોટેરાં કૅલેન્ડર જોવા ડોકિયું કરી ય જાય છે અને જોતાં જ બોલી ઊઠે છે: 'વાહ! સરસ બેબી છે, હોં!'

ભોંય આળોટતી બેબીને ખૂબખૂબ દાઝ ચડે છે કૅલેન્ડરની એ બેબી પર. પાસે પડેલી એક પેન્સિલ લઇને એ કૅલેન્ડર પર ઝીંકે છે. પણ પેન્સિલ ત્યાં સુધી પહોંચતી નથી અને પપ્પા ખડખડાટ હસે છે. પપ્પા પાડોશીઓને કહે છે: 'આ તો અમારી નવી 'બેબી' છે. અમે એનું નામ શું પાડીશું ખબર છે?—પરિન્દા!'

અને બેબી એક ભેંકડો તાણે છે. હા, પરિન્દા તો એનું પ્યારું નામ. કેટલા ય દિવસોથી એ પપ્પાને કહ્યા કરતી: 'મારું નામ પરિન્દા રાખોને, પપ્પા!' પપ્પા પૂછતા: 'કેમ?' તો એ કહેતી: 'છોકરાં બધાં મને ટૂંકા-હુલામણા નામે બોલાવી ચીડવે છે.' પપ્પા રોજ એને આશ્વાસન આપતા: 'ઠીક, કાલે બાલમંદિરમાં આવી તારું નામ બદલાવી નાખીશું.' પણ પપ્પાની 'કાલ' કદી આવતી ન હતી.

પહેલાં તો એ મમ્મીને ફરિયાદ કરતી. મમ્મી એને સમજાવતી: 'પણ કોઈ ચીડવે તો આપણે ચિડાઇએ શું કરવા?' પણ બેબીના ભેજામાં એ દલીલ ઊતરતી નહિ. પછી મમ્મી નવી રીતે સમજાવતી: 'જો, કોઈ તને ચીડવે તો તું એને ચીડવ!' પણ આપણી બેબી તો ઘણી ડાહી છોકરી. એને કંઈ એવુંએવું આવડે? વળી એક દિવસ મમ્મી પાસે ફરિયાદ! અને વળી એક વાર મમ્મીએ સમજાવી: 'બોલે એનું મોં ગંધાય! આપણે શું?' એ સમજૂતી બેબીને ગમી ગઈ. ફરી છોકરાંએ એને ચીડવી ત્યારે એણે પટ દઇને સંભળાવી દીધું: 'મારી મમ્મી કહે છે કે...છે ને તે... બોલે એનું મોં ગંધાય!' પણ શેરીનાં ઉતાર જેવાં છોકરાં! બેબીની બિચારીની વાત સાંભળે જ શાનાં? ઊલટાનાં બેવડા જોરશોરથી બેબીને ચીડવવા માંડયાં ને ચાળા પાડવા લાગ્યાં: 'મારી મમ્મી કહે છે કે...છે ને તે...' અને રોતીરોતી બેબી પાછી મમ્મી

પાસે પહોંચી ગઈ. મમ્મીને એણે રોતાં રોતાં કહ્યુ: 'મમ્મી, મારું નામ જ બદલી નાખને!' મમ્મીએ વહાલથી એને વાંસે હાથ ફેરવી ને. ગાલ પર એક 'બકી' કરીને વચન આપેલું કે: 'સાંજે પપ્પા ઘેર આવે એટલે પપ્પાને વાત કરીશું, ને પપ્પા બાલમંદિરમાં જઇને બેબીનું નામ બદલાવી આવશે.' ને પછી ડૂસકાં ભરવાનાં બંધ કરીને, ગાલ ઉપર બાઝેલાં આંસુને ફ્રૉકની બાંયથી લૂછતી લૂછતી બેબી પાછી રમવા જતી રહેલી.

દિવસો વહી ગયા છતાં ય પપ્પા તો હજુ એને બેબી જ કહેતા. મમ્મી કોઇકોઈ વાર એને 'પરિન્દા' કહેતી, પણ ઘણી વાર તો તે ય એને ન ગમતું નામ દઈ ને જ બોલાવતી. ને બાલમંદિરમાં તો એનું નામ પરિન્દા છે એવું કોઈ જાણતું ય નહિ! કેટલું સરસ નામ છે પરિન્દા? ઉતાર જેવાં પેલાં શેરીનાં છોકરાં એને ટૂંકાવે તો પણ શું થાય? 'પરી! વાહ! એ તો ઘણું સરસ! અમારી બેબી પરી જેવી જ છે ને! પણ...'

...પણ પપ્પાએ તો એનું એ પ્રિય નામ કૅલેન્ડરની પેલી ભૂરી ભૂરી આંખોવાળી બેબીને આપી દીધું! બેબી પોકેપોક મૂકીને રડવા લાગી, જમીન પર આળોટવા લાગી, હાથપગ પછાડવા લાગી. આંસુ સાથે મેશ વહેવા લાગી અને બેબીના ગાલ પર બિલાડાં થઈ ગયાં! કપડાં મેલાં દાટ થઈ ગયાં, 'બો' માથા પરથી છૂટી ગઈ, કાચના 'પાટલા' કાંડા પર નંદવાઈ ગયા—ને રડતાંરડતાં જ બેબી ઊંઘી ગઈ.

રાત્રે વાળુ સમયે મમ્મીએ વહાલ કરીને બેબીને ઉઠાડી. પપ્પા જમવા બેઠા હતા. હું ય બેઠો હતો. મારા હાથમાં સૂતરફેણી જોઇને આંખો ચોળવાનું પડતું મૂકી બેબી મારી બાજુમાં આવીને ગોઠવાઈ ગઈ: સૂતરફેણી એને ખૂબ ભાવતી હતી. પણ સૂતરફેણીને હાથ અડકાડે તે પહેલાં એની નજર ભીંત પર લટકાવેલા પેલા કૅલેન્ડર ઉપર પડી અને એણે થાળીને એક લાત મારી! સૂતરફેણી ચારે બાજુ વેરાઈ ગઈ; દૂધ ઢોળાઈ ગયું; અથાણાંનો દાબડો ઊંધો પડી ગયો; મમ્મીના હાથમાંથી તપેલી છૂટી ગઈ; નીચે પડેલી કાચની ડિશોમાંથી બેત્રણનો ભુક્કો બોલી ગયો; પપ્પાનાં કપડાં ઉપર તેલના છાંટાઓની છાંટણી થઈ! અને પછી મમ્મીનો ગુસ્સો! પાસે પડેલું વેલણ લઇને મમ્મીએ બેબીને બેત્રણ લગાવી દીધાં!

આમ તો બેબી વાતવાતમાં રડી પડે છે; પણ કોણ જાણે કેમ, તે દિવસે તે બિલકુલ રોઈ ન શકી. જાણે ડઘાઈ જ ગઈ! એની આંખો માત્ર પહોળી થઈ ગઈ; એનો શ્વાસ જાણે થંભી ગયો! પપ્પા કદાચ કોઈ વાર એને ધમકાવતા કે ટપલી મારતા. પણ મમ્મી? મમ્મી તો કદી એને હાથ અડકાડતી નહિ. અને આજે? આજે મમ્મીએ એને વેલણ માર્યું! પપ્પા જ્યારે એને ધમકાવતા ત્યારે એ મમ્મીના ખોળામાં જઈ સંતાઈ જતી. પણ આજે? આજે પપ્પાએ એને પોતાના ખોળામાં સંતાડી દીધી! ને પપ્પાના ખોળામાં જ એ ઊંઘી ગઈ–જમ્યા વગર જ.

રોજ સવારે કેવા વહાલથી મમ્મી એને 'બુ' કરીને ઉઠાડતી! પછી કેવા વહાલથી એને નવડાવતી અને શણગારતી! નવાં, સરસ-સરસ ફ્રૉક પહેરાવતી, નવાનવા પાટલા પહેરાવતી, નવીનવી 'બો' બાંધતી, આંખોમાં કાજળ આંજતી, કપાળમાં 'ચાંદ' કરતી, ગાલ પર પાઉડર છાંટતી ને હોઠ પર લિપસ્ટિક લગાવતી; પછી છેવટે 'મારી પરી બેટી!' કહીને એક 'બુ' કરી રમવા છોડી મૂકતી. બેબી રમવામાં મસ્ત હોય ને જમવા આવવા માટેની મમ્મીની બૂમ ન સાંભળે ત્યારે છાનીમાની મમ્મી આવીને એને કેવી ઉપાડી જતી! અને આજે? આજે એ જ મમ્મીએ એને વેલણ ફટકાવી દીધાં! હું ય સ્તબ્ધ થઈ ગયો.

બેબી તો ઊંઘી ગઈ, પણ પછી પપ્પા મમ્મીને કેવા વઢ્યા છે! આજે મમ્મીને સંભળાવવાનો પપ્પાને લાગ આવ્યો હતો. પણ અમારી મમ્મી કંઈ એમ સાંભળી રહે એમ નથી. મમ્મીએ ય પપ્પાને કંઇકંઈ સંભળાવી દીધું. પછી પપ્પા ગુસ્સે થયા. જમ્યા વગર જ ઊઠી ગયા. દૂધ પણ ન પીધું. છાપું લઇને વાંચવા બેસી ગયા. મમ્મીએ પણ ન ખાધું. બધુ ગટરમાં ફેંકવા ગઈ ત્યાં નીચેથી ભિખારીની છોકરીની બૂમ સંભળાઈ અને મમ્મીએ બધું એને આપી દીધું. ભિખારી છોકરીને સૂતરફેણી મળી એટલે ખુશખુશ થઈ ગઈ. એની માએ શિખવાડેલું: 'તમારાં છૈયાંછોકરાંને ભગવાન સુખી રાખે, બા.' બોલીને એ ચાલી ગઈ.

પણ મમ્મીની છોકરી? એ તો ભોંય, ઠંડી ફરસ પર પડીપડી ઊંઘતી હતી. પપ્પા એને ત્યાં જ મૂકીને ચાલ્યા ગયા હતા. એને પથારીમાં સુવાડવા માટે મમ્મી એને ઊંચકવા ગઈ, પણ એને અડકતાં જ ચમકી!

'હાય, હાય! બેબીને તો તાવ આવ્યો છે!' મમ્મીથી બોલાઈ ગયું, અને ઊંઘતી બેબીને છાતી સરસી ચાંપી એણે બેત્રણ 'બુક્કા' ભરી લીધા. પાઉડર અને મેશના લપેડા થએલા બેબીના ગાલ પર મમ્મીની આંખમાંથી સરતાં આંસુના રેલા વહ્યા.

પપ્પા છાપું ફેંકીને બેબીની પાસે આવી બેસી ગયા. બેબીના કપાળે, છાતી પર અને પેટ પર હાથ મૂકીને જોયું. પછી નિસાસો નાખ્યો. આંખમાં આંસુ સાથે મમ્મી પપ્પા સામે જોઈ રહી. પપ્પા એક ક્ષણ એની સામે કાતર આંખે જોઈ રહ્યા અને પછી કંઈ જ બોલ્યા સિવાય ત્યાંથી ચાલ્યા ગયા. પછી મમ્મી ખૂબ ખૂબ રડી. થોડી વાર પછી મમ્મી પપ્પા પાસે ગઈ અને ડૉક્ટરને બોલાવી લાવવા કહ્યુ. પણ પપ્પા કશું બોલ્યા નહિ ને 'રગ' ઓઢીને સોફા પર જ સૂઈ ગયા. મમ્મી જઇને બેબીની બાજુમાં સૂઈ ગઈ—બેબીને છાતી સરસી ચાંપીને. બત્તી બંધ કરીને હું પણ છાનોમાનો સૂઈ ગયો.

અર્ધી રાતે બેબી જાગી ને રોવા લાગી. હું જાગી ગયો. મમ્મી પણ જાગી ગઈ હતી. બેબીને ભૂખ લાગી હતી. મમ્મીએ એને દૂધ પાયું અને પાછી એકબે 'બુ' કરીને પોતાની સોડમાં સુવાડી દીધી. મમ્મી બત્તી બંધ કરવાનું ભૂલી ગઈ...અને ઊંઘી ગઈ. પણ બેબીને ઊંઘ ન આવી. બેબી પથારીમાં બેઠી થઈ. મેજ પર પડેલાં એનાં રમકડાં—હાથી, ઘોડો, ગાય, સસલું, બતક, ઢીંગલી લાવીને મેં એની પાસે મૂકયાં; પણ એને ખૂબ ગમતાં એવાં પોપટ અને મીની એમાં ન હતાં.

હું સૂઈ ગયો ને ગોદડું ઓઢી લીધું. ગોદડું સહેજ ઊંચું કરી મેં જોયું તો બેબી બેસી રહી હતી. બેઠી બેઠી એ ભીંત પરના પેલા કૅલેન્ડર તરફ તાકી રહી હતી. કૅલેન્ડરની પરિન્દા હજુ તેના તરફ જોઈ હસી રહી હતી. પણ બેબીને કોણ જાણે કેમ, તેના પર દાઝ ચડતી હતી. થોડી વાર તે કૅલેન્ડર તરફ તાકી રહી ને પછી બબડી: 'સાવ ખરાબ છોકરી છે આ તો! મારો પોપટ લઈ જાય છે! મારી મીની લઈ જાય છે! મારી જ નાખીશ એને, હા!'

અને પછી બેબી ધીમેથી ઊભી થઈ. ખુરશી ઉપર ચડીને પરિન્દાવાળું કૅલેન્ડર ઉતાર્યું. પેલાં પોપટ અને પેલી મીનીને એક વાર વહાલથી ધરાઇને નિરખી લીધાં, ને પછી હૈયામાં હતી એટલી દાઝ હાથમાં કાઢીને એણે પેલી પરિન્દાના ટુકડેટુકડા કરી નાખ્યા! અને પછી છાનીમાની જઈ ને મમ્મીની સોડમાં સૂઈ ગઈ.

મમ્મી સવારે જાગી ત્યારે બેબી ઘસઘસાટ ઊંઘતી હતી. મમ્મીએ એના કપાળ પર હાથ મૂક્યો. તાવ ઊતરી ગયો હતો. ઊંઘતી બેબીનું વદન પણ ખુશખુશાલ લાગતું હતું. પથારીમાં એની બાજુમાં જ પૂંછડી કપાઈ ગએલો પોપટ અને બે પગ ચીરાઈ ગએલી મીનીના ટુકડા પડ્યા હતા. અને પેલી પરિન્દાના તો ટુકડેટુકડા આમતેમ ઊડતા, જાણે બેબી ઊઠે તે પહેલાં જ ઘરમાંથી પલાયન થઈ જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

'મારી પરિન્દા બેટી!' કહીને મમ્મીએ એના ગુલાબી ગુલાબી ગાલ પર એક 'બુ' કરી લીધી.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૪૮

લેખક-આલેખક: રવિશંકર રાવળ

૨૧૭ પહેલી વાર સૂરતમાં

મોટા ભાઈને સૂરત નાનપુરા પોસ્ટ ઑફિસમાં ક્લાર્કની જગ્યા મળી હતી. નજીકના એક લત્તામાં ઘર લીધું હતું. હું ત્યાં ગયો એટલે ભાભીનો દિવાળી કરવાનો ઉમંગ વધ્યો અને પોતે જાણતાં હતાં એટલી દિવાળીની વાનીઓ તેમણે બનાવવા માંડી. મારી સાથે વાતો કરતાં તે થાકતાં નહોતાં. મુંબાઇના સંકોચમય વાતાવરણમાંથી ઘરની અને વડીલોની મીઠી હૂંફમાં હું પણ આનંદ માણતો. માત્ર નાનુભાઈ એકલો ભાવનગર છે તેની ગ્લાનિ રહેતી.

સૂરતમાં તાપી નદીની સમીપમાં અમારો વાસ હતો એટલે હું નદીતટના બગીચામાં કે પોસ્ટઑફિસની આજુબાજુ સવાર-સાંજ આંટા મારતો. શહેરમાં તો મોટા ભાઈ સાથે કોઈ વાર રવિવારે કે સાંજના સમયે ગએલો. તેમણે કાઠિયાવાડના એકબે જ્ઞાતિજનો સાથે ત્યાં મૈત્રી બાંધેલી. તેમનો હસમુખો સ્વભાવ સૌને ગમી જતો અને બધે આવકાર પામતા. કેળાંપીઠના ગાંઠિયાવાળા હરિશંકર તો જ્યારે જઈએ ત્યારે સૂરતના ફરસાણ અને ભેળનું પડીકું આગ્રહ કરીને સોંઢાડે. બજારમાં ફળ-શાકોની ખૂબ છત જોઇ. સૂરતી લોકોના ખાન-પાનના શોખની વાતો સાંભળી, પણ વાંકાચૂંકા રસ્તા અને ગંદકી જોઇને તો ભાવનગર વધારે સારું લાગ્યું. શહેરમાં કોઈ જ મકાન કે સ્થાન આકર્ષક લાગ્યું નહિ. તાપીમાં નાંગરેલાં વહાણો અને નદીના પટમાં સવાર-સાંજ બદલાતા રંગો મારાં મુખ્ય આકર્ષણો હતાં. ત્યાંના કેટલાક સ્કેચ હજી મારી પાસે સંઘરાયા છે.

રજા પૂરી થવાનો વખત આવ્યો ત્યાં જેભાઈ તરફથી પત્ર આવ્યો કે તેમને પીપળવાડીની વચ્ચેના ભાગમાં બંધાએલી નવી ચાલીમાં ઉપરના માળે એક રૂમ મળી છે; તેમનાં પત્ની આવી ગયાં છે અને ઓચિંતળિયે એક રૂમ મળે તેમ છે તે મારા માટે રાખી લેવાશે. મેં રૂમ રાખી લેવાની મંજૂરી આપી દીધી, પણ તેમની સાથે રસોડામાં ભાગીદાર થવામાં એક નવી ઉપાધિ આવી હતી તે જણાવી. મેં અમારા કુટુંબના ભાવનગરના સંબંધી ચૂનીભાઈ માસ્તરના પુત્ર મનુભાઈને સાથે રાખવાની કબૂલત જણાવી હતી. હમણાં સુધી તો તેણે ગજુભાઈ પાઠક પાસે બેત્રણ મહિના કાઢી થર્ડ ગ્રેઇડ પાસ કરી લીધી હતી, પણ ગજુભાઈએ અભ્યાસ સાથે નોકરી કરવા માંડી હતી ને પરેલમાં રહેવા ગયા હતા, એટલે હું તેને મારી સાથે રાખવા કબૂલ થયો હતો. તે બચપણથી મને મુરબ્બી જેમ ચાહતો એટલે લાગણીથી મેં એ ઉપાધિ વહોરી હતી. જેભાઇને આ વાત જણાવી એટલે તેમણે બંને માટે પણ પોતાના રસોડે જમવાનું કબૂલ રાખ્યું. આમ મુંબાઈની નવી ગોઠવણ નક્કી થઈ ગઈ અને નવેમ્બર આખરમાં હું મુંબાઈ ગયો ત્યારે પ્રથમ પીપળવાડીની રૂમ હાથ કરી અને મનુને સાથે રાખી લીધો.


સ્કૂલમાં ગયો ત્યારે જાણ્યું કે પરીક્ષાનાં પરિણામોમાં મારા માર્ક ફર્સ્ટ ક્લાસમાં આવ્યા હતા. બીજા વિદ્યાર્થીઓ હવે મારી તરફ પહેલાં કરતાં જુદા જ ભાવથી જોવા લાગ્યા. બીજા વર્ષમાં પ્રિન્સિપલ બર્ન્સે વળી નવો ફતવો બહાર પાડ્યો. ગયે વર્ષે દરેક વર્ગ એક જ શિક્ષકના હાથ નીચે રહ્યો હતો. આ વર્ષે દર મહિને શિક્ષકોના વારા બદલાતા હતા. પહેલે જ મહિને તાસ્કર માસ્તરનો ફરી મેળાપ થયો. હવે તો આ વખતના પરિણામથી તેમની મારી તરફની નજર બદલાઈ ગઈ હતી. કેટલાક ઠોઠડોને તો તેમની હાજરીથી ત્રાસ ઊપજેલો. વર્ગમાં શીખવાતા વિષયોમાં કશી સર્જકતા દેખાઈ નહિ. પદાર્થોના ચિત્રણમાં તૈલ રંગોનું કામ શરૂ થયું. કોલસા ચિત્રો (ક્રેયૉન વર્ક)માં પ્લાસ્ટરનાં રોમન મહોરાં અને મસ્તકો કરવાનાં હતાં. બપોર પછી મોટા કાગળો પર ટેબલક્લોથ કે શેતરંજીના વણાટ વગેરે માટેની રૂપરચનાઓ (ડિઝાઇનો) કરવાની હતી. આ વખતે મિ. ગ્રીનવુડ પાછા આવી ગયા હતા, પણ તેમની અને બર્ન્સની આંખો અથડાતી. બધાને લાગતું કે એ લાંબો વખત નહિ રહી શકે.




સૂરતનો તાપીકિનારો · ૧૯૧૧માં કરેલો સ્કેચ

૨૧૮ પીપળવાડીની નવી ચાલીમાં

જેભાઇએ ખરી લાગણીથી મારું અને મનુનું જમવાનું સાચવી લેવાનું સ્વીકાર્યું, પરંતુ તેમનાં પત્નીને માથે ખરી વેઠ પડી હતી એમ અમને જલદી સમજાયું; કારણ કે જેભાઈની નોકરી કૉન્ટ્રાક્ટર વેપારીને ત્યાં, એટલે સવારે આઠ વાગ્યે તે કામ પર જાય અને બાર વાગ્યે જમવા આવે. મારે અને મનુને સાડા દસે સ્કૂલમાં પહોંચી જવાનું. અમે બધા ફક્ત સાંજે ભેગા થઈ જમી શકીએ. આથી ભાભીને સવારના પહોરમાંથી અમારી ચિન્તા રાખી વહેલાં તપેલાં ચડાવવાનાં. અમે ગરમાગરમ રસોઈ જમીને ચાલ્યા જઈએ, તે પછી એમને તો પતિને માટે બે કલાક સુધી દાળભાત ગરમ રાખવાં, બાંધેલી કણેક રાખી મૂકવી વગેરે છડેછડાં માણસ માટે બેડી રૂપ બની જાય તે સ્વાભાવિક હતું. જેભાઈનાં લગ્ન નાનપણનાં થએલાં. ત્યારના વડીલો વયનો કશો મેળ રાખતા નહિ, એટલે વર હજુ અભ્યાસ કરતો હોય ત્યાં કન્યાનું કાઠું અને અવસ્થા સંસારલાયક બની ગયાં હોય. આથી ઘણાં કુટુંબોના નબીરાઓનું અભ્યાસમાંથી ચિત્ત ઊઠી જતું અથવા વહુઓ સ્વતંત્ર ઘર માંડવા અકળાતી. ગામડાનાં વડીલો અને સાસુઓ કચવાટ કરે તેમાંથી ક્લેશ થતો એટલે છોકરો જ્યાંત્યાં નોકરીએ લાગી જતો, તેમાં વડીલો રાજી હતાં. ગામડામાં સૌનું પૂરું કરવાનું પણ મુશ્કેલ બનતું. પહેલાં તો બ્રાહ્મણ કુટુંબો ગામડામાં અલ્પસ્વલ્પથી નભી જતાં. પણ વખત બદલાતો ચાલ્યો એટલે કેળવણી વિના ચાલે તેમ નહોતું, છતાં ભણાવવા જેટલી સંપત્તિ તો કોઈકને જ હોય. એ રીતે જેભાઈ ભાવનગર તો આવેલા કેળવણી લેવા, પણ કન્યાનો ભાર ઉતારવાની સસરાંની ઉતાવળે તેમને ભણતર છોડી મુંબાઈ આવી ગુમાસ્તાગીરી કરવી પડેલી. હવે પ્રસંગ મળતાં તેમણે ઓરડી માંડી શ્રીમતીને બોલાવી લીધાં હતાં. હરિભાઈનું કુટુંબ તેમના વડીલોનું સંબંધી, એટલે સગાં નજીક હોવાની હૂંફ પણ હતી. ઘણા જુવાનોને પોતાની





બાબુલનાથની ટેકરી અને કોલાબા પોઈન્ટ · ઈ. ૧૯૧૧માં કરેલા બે સ્કેચ

પત્નીને આખો દિવસ એકલી રાખી નોકરી કરવી પડતી એમાં કંઈક યુવાન સ્ત્રીઓ મુંબાઇમાં સોરવાતી. બહાર તો જઈ શકાય નહિ એટલે ગામડાની શ્રમિક જિંદગીના અભાવે રોગગ્રસ્ત થઈ જતી.

૨૧૯ મનુ અને આર્કિટેક્ચરના વર્ગો

મનુ સાથે જ મને કોઈ સંબંધ-દાવો નહિ, પણ ભાવનગરમાં મારા કુટુંબને અને મનુના કુટુંબને જ્ઞાતિદાવે તેમજ નથુરામ શર્માના શિષ્યદાવે ઘણો ગાઢો નાતો હતો. તેના મોટા ભાઈ લખુભાઈ પોપટભાઈની સાથે ભણતા અને તે પણ નાગપુર જઈ ખેતીવાડીનો અભ્યાસ કરી આવેલા, પણ સારી આવકવાળી નોકરી એ કાળે મળી નહોતી. મનુનો અભ્યાસ પાંચમી કે છઠ્ઠીમાં લથડયો અને શાળાથી તેનું મન હઠયું. એના પિતાશ્રી ચૂનીભાઈ માસ્તર સારા શિક્ષક તરીકે પંકાતા હતા; રૂઢિ-વ્યવહારમાં પણ ઉદાર મત ધરાવતા હતા. તેમને થયું કે વિશ્વનાથ પાઠકના પુત્ર ગજાનન (ગજુભાઇ) મૅટ્રિક થયા વિના આર્કિટેક્ચરના વર્ગમાં દાખલ થઈ શક્યા છે તો મનુને પણ એ એક નવી લાઇનમાં નાખવો. ગજુભાઈએ તેને થર્ડ ગ્રેઇડ પાસ કરાવી આર્કિટેક્ચર (ભવનનિર્માણ)માં દાખલ કરાવી દેવાનું માથે લીધેલું અને એકબે મહિના પોતાની સાથે રાખી થર્ડ ગ્રેઇડ પસાર કરાવી દીધેલો. પણ પછી ગજુભાઈ પોતાના મોટા ભાઈ રામનારાયણ પાઠક વગેરે મિત્રો સાથે પરેલમાં નવા બંધાએલા પરેલબાગમાં રહેવા ગયા, એટલે નવી ટર્મથી મનુને નવી ગોઠવણ કરવાની જરૂર હતી. મને પણ ૧૫ રૂપિયાનું ભાડું એકલા માથે વધારેપડતું લાગ્યું એટલે તેની ગોઠવણ મારી સાથે કરવાનો મારો આગ્રહ રહ્યો. વળી સ્કૂલમાં મારા વર્ગમાં ઇંદોરનો એક મારો સમવયસ્ક વિદ્યાર્થી નિવસરકર કરીને મળી ગયો. તેને મુંબાઇમાં કોઇ સાથે મેળ ખાય એમ ન લાગ્યું. તે હિન્દી અને અંગ્રેજીમાં સારી રીતે વાત કરતો એ મને ગમતું, એટલે તેની ગરજ સમજી તેને પણ મેં સાથે રાખ્યો. રૂમમાં અમારે માત્ર રહેવાસૂવાનું હતું. જમવાની તેની ગોઠવણ અલગ દક્ષિણી ખાણાવળમાં તેણે કરી લીધી હતી.

આર્કિટેક્ચરના વર્ગો સ્કૂલ ઑાવ આર્ટની પાંખમાં જ હતા, પરંતુ તેના અભ્યાસક્રમનો કે પરીક્ષાનો દોર જરા પણ પ્રિન્સિપલના હાથમાં નહોતો. માત્ર સરકારને બાંધકામોમાં કામ લાગે એવા ડ્રાફ્ટ્સમૅનો (નકશા દોરનાર) તૈયાર કરવાની જેવીતેવી ગોઠવણ જ ત્યાં હતી, જેમાં સવારના ભાગે કંઈક તાલીમ આપનાર વર્ગ હતા. પણ પછી વિટેટ નામના તે સમયના મુખ્ય સરકારી આર્કિટેક્ટને વધુ કુશળ માણસોની જરૂર લાગી તેથી, તેમજ દિલ્હીનું પાટનગર બાંધવામાં અનેક સમજદાર માણસોની જરૂર પડવાની તેની અગમચેતી વાપરીને તેણે સરકાર પાસે 'સ્કૂલ ઑાવ આર્કિટેક્ચર' શરૂ કરાવી. મિ. ક્લૅાક બૅટલી કરીને એક સરકારી આર્કિટેક્ટના હાથમાં તે સંસ્થા મૂકીને તેમના હાથ નીચે સ્કૂલ ઑાવ આર્ટના એકબે શિક્ષકો ત્યાં મૂક્યા અને તુરતમાં સર્ટિફિકેટ આપનાર અભ્યાસક્રમ ઘડયો. આ નવા ક્ષેત્રમાં બહુ કડક તાલીમ અને ચોકસાઈ તેમજ શિસ્તના ગુણો કેળવાતા અને તેમાં દાખલ થએલા વિદ્યાર્થીઓની રીતભાત અને વ્યવસ્થિત પદ્ધતિઓથી તેઓ સ્કૂલ ઑાવ આર્ટના વિદ્યાર્થીઓની નજરે ઊંચા દરજ્જાના લેખાતા તેમ જ ત્યાંની છેલ્લી પરીક્ષા પાસ થનારાને કામ કે નોકરી મળી જતાં. વળી આ વર્ગનો મોટો લાભ એ હતો કે તે સવારના ૭ થી ૧૦ સુધી જ ચાલતો એટલે બાકીના વખતમાં વિદ્યાર્થીઓ પોતાના ખર્ચ માટે કોઈ નોકરી કે ઑાફિસનું કામ કરી નભી શક્તા. આવો કોઈ માર્ગ ચિત્ર કે શિલ્પના વિદ્યાર્થીઓ માટે નહોતો. મનુને ગજુભાઇએ ત્યાં દાખલ કરાવી તેનો જીવન-માર્ગ બાંધી દીધો હતો. એ તેના વર્ગમાંથી દસ વાગ્યે આવે અને અમે બંને જેભાઈની રૂમમાં જઇએ એટલે ભાભીને રોટલી માંડવી જ પડે. આ સમય સાચવવાની કડાકૂટ તેમને માથે પડેલી પારકી પનોતી હતી. હું એ બધું સમજતો અને મનમાં ઘણું ખંચાતો પણ એ કાળે મારામાં કોઈ પગલું હિંમતથી લેવાની તાલીમ નહોતી.

શરીરની સુખ-સગવડોના વિચાર તો મેં વિસારી દીધા હતા. સ્કૂલમાં આખો દિવસ ખૂબ જ શ્રમ કરતો. ત્યાંના કામથી મને સંતોષ પણ રહેતો. ઘણા વિદ્યાર્થીઓ શિક્ષકની ગેરહાજરીમાં કામ બંધ રાખી એકબીજા સાથે વાતોની લહેર ઉડાવતા. એ લોકોના ખયાલમાં સમયની ગતિ, દ્રવ્યનો વ્યય, જીવનનો ક્ષય અને ભવિષ્યની ઉન્નતિનો લોપ ધ્યાનમાં આવતાં જ નહોતાં.

બીજે મહિને અમારો વર્ગ સંભાળવા અગાસકર માસ્તર આવ્યા. તે સ્વભાવે નરમ અને સરળ હતા, એટલે વિદ્યાર્થીઓ વધારે આરામ કે ગેરહાજરી ભોગવતા હતા. વળી તે ગુજરાતી વિદ્યાર્થીઓ સાથે હોંશથી ગુજરાતીમાં વાત કરતા. એક વાર સાંજે બધા છોકરા ચાલ્યા ગએલા ને માત્ર આઠ જ જણ રહેલા તે વખતે વાઈસ પ્રિન્સિપલ રોબોથામ આવી ચડયા. તેમની પાસેથી (અને અગાસકર પાસેથી પણ) મને ડિઝાઈન(રૂપાકૃતિ)ના વળાંકાઓનો મેળ, વિસ્તાર પરની વહેંચણી વગેરે ઘણી મૌલિક સૂચનાઓ જાણવા મળી.

હું સ્કૂલમાંથી છૂટતો ત્યારે ઘણી વાર મનહર બિલ્ડિંગ પર જઈ મારા મિત્ર પરમાનંદને મળતો અને તેમના સ્નેહપૂર્ણ સમભાવનો આનંદ લેતો તેમજ તેમને ત્યાં આવતાં માસિકો-પુસ્તકો જોતો.

તેમના પિત્રાઈ ભાઈ સૉલિસિટર મોતીભાઈ કાપડિયા એમ યુવાનો સાથે ઘણી છૂટથી વિવિધ ચર્ચાઓ કરતા. તેમના નાના ભાઈ રતિભાઈ ભલા-ભોળા ને આનંદી જીવ. પરમાનંદ તેમનો વિનોદ કરતા તે હસીને નિભાવી લેતા. એ ઘરનાં નાનાંમોટાં સૌ માણસો પણ બહુ જ સૌમ્ય સ્વભાવનાં હતાં અને મારા પ્રતિ આદરભાવ તથા ઉમળકો બતાવતાં. મુંબાઈની મારી મૂંઝવણો વચ્ચે હું ત્યાં થોડી લીલી લહેર અનુભવતો.

૨૨૦ સમ્રાટની સવારી

એ વર્ષના ડિસેમ્બરમાં ભારતમાં બ્રિટિશ રાજ્યનો એક મહાન પ્રસંગ ગોઠવાયો હતો. મરહૂમ રાણી વિક્ટોરિયાની ઘણી ઇચ્છા હતી કે પોતાના સામ્રાજ્યના શ્રેષ્ઠ રત્ન ભારતનું દર્શન કરવું, પણ એ વણપૂરી જ રહેલી. હવે પ્રજાનો અણગમો દૂર કરી, રાજકીય સંબંધો દૃઢ કરવા માટે ઇંગ્લંડનાં રાજારાણી પહેલી જ વખત ભારત આવતાં હતાં. છેલ્લાં ૭૦૦ વર્ષમાં એશિયામાં પગ મૂકનાર એ પહેલા જ અંગ્રેજ રાજવી હતા. એ વખતે ભારતમાં ખૂબ ગૂંચવાએલું રાજપ્રકરણ હતું, એટલે અનેક આશંકાઓ વચ્ચે આ પધરામણી ગોઠવવામાં આવી હતી.

તેઓ ઇંગ્લંડના પોર્ટ્સમથ બંદરેથી ઈ. ૧૯૧૧ની ૧૫મી નવેમ્બરે ઊપડયાં અને બીજી ડિસેમ્બરે મુંબાઈના 'ગેઇટવે ઑવ ઇન્ડિયા'માંથી તે ભારતમાં પ્રવેશવાનાં હતાં. વફાદાર પક્ષે શહેર આખામાં તેમના સત્કાર માટે ભારે તૈયારીઓ કરી હતી, પણ પ્રજાના દિલમાં કશો ઉત્સાહ નહોતો. શહેરમાં હડતાલ જેવું હતું. અને ઠામેઠામ ચોકીપહેરાનો બંદોબસ્ત હતો. તેમની સવારી નીકળવાને આખે રસ્તે બંને બાજુ ઘોડેસવારો તેમજ બંદૂકધારી સિપાઈઓની હાર ખડી થઈ ગઈ હતી.

આ સવારીનો ઠાઠ જોવા વીરમગામથી મારા મિત્ર મગનભાઈ શુક્લ ખાસ મુંબાઈ આવેલા અને શ્રી પી. ડી. આચાર્યને ત્યાં મુકામ રાખેલો. આગલે દિવસે હું તેમને મળ્યો ત્યારે ખૂબ જ આનંદ ઉભરાયો હતો. અમારી વચ્ચે કદી હૃદયની ઉષ્ણતા ઓસરી નહોતી. હું તો કોઈ રીતે સ્થિર થયો જણાતો નહોતો, અને તે મારી હાલત જાણી શક્યા હતા એટલે આ સવારી કયાંકથી સાથે જોવા ઠરાવ્યું. લોકોએ સવારી જોવા પૈસાથી કે ઓળખાણથી ગોઠવણો કરી હતી. અમને માત્ર કુતૂહલ હતું. એક વાગ્યે મગનભાઈ આવ્યા અને અમે સાથે બહાર નીકળ્યા. લોકોની દોડાદોડી, માચડા પરની ઠઠ, પોલીસની ધાંધ અને ધમાલ એ બધું સવારી માટેની આતુરતા પ્રકટ કરતું હતું.

અમે મનહર બિલ્ડિંગમાં જઈ મોતીભાઈના મકાનની બારીમાં ગોઠવાયા અને સમય વીતાવવા કંઈક વાંચ્યું. મેં થોડું આલેખન (સ્કેચિંગ) પણ કર્યું. શહેનશાહની સવારી ધાર્યા પ્રમાણે અસર ન કરી શકી. ચોપાનિયાંઓએ તે બધો હેવાલ વિગતે પ્રકટ કર્યો હતો. કોઈ-કોઈ ઠેકાણે માચડા પર એક સીટના ૧૦ રૂ. ખરચનારા પસ્તાતા હતા.

ત્રીજી તારીખનો આખો દિવસ હરવા-ફરવામાં જ વીતી ગયો તેનો પસ્તાવો બતાવતી નોંધ મેં આટલી જ કરી: 'પોતાનું કામ કરવા ઇચ્છનારે બહુ ઓળખાણ તથા સંબંધો વધારવાં ન જોઈએ.' ચોથી તારીખની રાત્રે ખુશાલીનું દારૂખાનું કોલાબા પૉઇન્ટ પર ફૂટવાનું હતું તે જોવા મિત્રો સાથે ચોપાટી પર ગયો. ચોપાટીનો આખો વાંક માણસોની ઠઠથી ચિક્કાર હતો. પોલીસ તરફથી લોકોને ખૂબ હેરાનગતિ ભોગવવી પડી. દારૂખાનામાં કંઈ ખાસ સરસ નહોતું.

૨૨૧ વિવિધ રંગ

પીપળવાડીમાં મનને પ્રેરક કે જ્ઞાનોદ્દીપક કોઈ મિત્ર કે સંસ્થાનો અભાવ હતો. પણ એક વાર કોઈ મિત્રે નજીકમાં ગીરગામ બૅકરોડ પર આર્યસમાજ મંદિરમાં બહુ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો થાય છે એમ જણાવ્યું તેથી હું એક રવિવારે ત્યાં ગયો અને પંડિત બાલકૃષ્ણનું 'સ્વાત્માર્પણ' ઉપરનું વ્યાખ્યાન સાંભળ્યું. ત્યાર પછી મને એ જગ્યાનું આકર્ષણ એવું થયું કે હું એ લત્તામાં રહ્યો ત્યાં સુધી દર રવિવારે ત્યાં પહોંચી જતો. પછી તો એ સ્થાને ઘણા બીજા સંપર્કો મને આપ્યા.



મનહર બિલ્ડિંગમાંથી જોએલી સમ્રાટની સવારી

મારા મિત્ર મગનભાઈનું સ્વાગત કરવા જેવી મારી પાસે ખર્ચી કે સગવડ નહોતી, પણ અંબારામ માસ્તરને ઉમંગ થયો એટલે એક સાંજે પોતાને ત્યાંથી જાતે લાડુ અને ભરેલાં રીંગણનું શાક બનાવી અમને ચોપાટી પર લઈ ગયા અને જાણે સ્વર્ગીય પ્રસાદ મળ્યો હોય એવા આનંદથી અમે ત્રણચાર જણે તે ઉડાવ્યાં. આ વખતે માસ્તરનાં માતુશ્રી મુંબાઈ આવ્યાં હતાં. એમણે જૂના જમાનાની રીતે મારા મોસાળના સંબંધો યાદ આપી આત્મીયતા બતાવી તે હું ભૂલ્યો નથી. અંબારામ માસ્તરની એ ઓરડી મારા જીવનને નિરાંત આપનારું સ્થાન હતું. ચારપાંચ ઓરડીઓવાળો એ નાનકડો માળો સંકુચિત સાધનોવાળા શિક્ષકો અને વેપારી-નોકરોથી વસેલો હતો. મુંબાઈની પ્રમાલ અને ગિરદી વચ્ચે એ એક નાનું ગોકુળિયું લાગતું. આ બાજુ પીપળવાડીમાં પણ અમારા દિવસો સંઘર્ષભર્યા બનતા જતા હતા, છતાં એ જૂની ચાલીમાં હરિભાઈની રૂમ તો અમારું રાહતનું થાણું જ બની રહી હતી. અમારી અગવડોની વાતનો એક શબ્દ પણ હું ત્યાં ઉચ્ચારતો નહિ. એ કુટુંબમાં સ્ત્રીઓ ખૂબ ઘસાતી. ત્રણ ભાઈઓ ભેગા જ રહેતા. એક વહુ દેશમાં હોય ત્યારે બીજી આવીને બધો ભાર ખેંચે. હરિભાઈ અને તેમનાં પત્ની માતુશ્રીની સંભાળ નીચે ખેંચાતાં રહેતાં. મોટા ભાઈ દ્વારિકાદાસનાં પત્ની મંદવાડના કારણે દેશમાં જ રહેતાં. આ ગાળામાં જ પત્ર આવ્યો કે તેમની સ્થિતિ વધુ ગંભીર છે એટલે દ્વારિકાદાસને દેશમાં જવાની જરૂર પડી. એ વખતે તેમને બંદર પર વળાવવા હું ગયો. એમના કુટુંબનો દાખલો લઈ સેવાના પ્રસંગોએ હું મારું કામ છોડી દેતાં શીખતો હતો.

એક વાર બંદર ઉપર મારા પૂજ્ય બનેલા વાસુદેવ મહારાજનો ભેટો થઈ ગયો. એમની સાદાઈ અને સંયમ તેમજ સ્વસ્થતા અને તંદુરસ્ત પ્રસન્ન હાસ્ય મેં બીજે જોયાં નથી. ઘણા વખત પછી બીજી વાર ભાવનગરમાં મળ્યા ત્યારે પોતે મુંબાઈથી લાવશીનું ભોજન જમીને સ્ટીમર પર બેઠેલા તે ત્રીજે દિવસે ભાવનગર પહોંચીને સ્નાન કર્યા પછી જ ઘરની રસોઈ જમ્યા, અને સ્ટીમરમાં ગાંઠિયા-સુખડીનાં ભાતાં ખાતાં વણિક કુટુંબોને ઓકતાં જોએલાં ને તેથી એક અરબ ચીડાએલો તેનું પ્રહસન એમણે સંભળાવેલું.

૨૨૨ થોડી તૂટક ડાયરી

આ સમયની મારી તૂટક ડાયરીમાં મેં કેટલાક અનુભવો અને વિચારો નોંધ્યા હતા: (અનુસંધાન પૃષ્ઠ ૨૭)

લોહીનું એક બિંદુ

• લેખક પુષ્કરભાઈ ગોકાણી

એક અંદાજ છે કે દુનિયામાં દર દસમાંથી આઠ મૃત્યુ શંકાસ્પદ પરિસ્થિતિમાં થાય છે. જરા અતિશયોક્તિ લાગશે; પણ હૃદય બંધ પડવાથી થતાં મૃત્યુ પાછળ ઘણી વાર, મંદવિષ, ઊંઘવાની ગોળીનો મોટો ડોઝ, ભયાનક ધમકી, વીજળીનો ઝાટકો, ઝેરી ગૅસ, ગૂગળામણ વગેરે અનેક કારણો હોય છે. કોઈ રોગથી પીડાનાર માણસના મૃત્યુનું કારણ એ રોગને જ માની લેવાય છે, પણ ક્યારેક તેવું હોતું નથી. મોટર, ગાડી કે વિમાની અકસ્માત પાછળ રાજકીય કાવાદાવા, અંગત સ્વાર્થ કે એવાં બીજાં કારણો પણ હોઈ શકે. આવા દરેક મૃત્યુમાં દસ મૃત્યુએ આઠ મૃત્યુની પોલીસ-તપાસ થતી નથી ને તેથી ગુનેગારો સમાજમાં છૂટા રહે છે. જો સામાન્ય નાગરિકને ગુનાશોધનનું સહેજ જ્ઞાન હોય તો ઓછામાં ઓછું કાયદાનું ધ્યાન તો દોરી શકે જ.

શેઠ કંચનલાલનું એકાએક મૃત્યુ થયું. તેઓ માલેતુજાર પિતાના એકમાત્ર પુત્ર. ધંધા અંગે કુટુંબથી દૂર અમદાવાદમાં વસે. મહિને બે મહિને વડીલોને મળી આવે. ઉંમર હશે ચાળીસેકની. પણ પરણ્યા નહોતા. આવા પૈસાપાત્ર માણસને પરણવાની જરૂર ઊભી ન થવા દે તેવું વિશિષ્ટ મિત્રમંડળ તેમને વીંટળાએલું રહેતું. એમના બંગલાના આઉટ હાઉસમાં બે નોકર, રસોઈયો, શૉફર ને માળી રહેતા હતા. એક ચોકીદાર ગુરખો પણ હતો. કંચનલાલ, ડાયાબિટિસના દરદી હતા અને ડૉક્ટરની વારંવાર મનાઈ છતાં પરેજી રાખતા નહિ. રોજ એમને ઇન્સ્યુલીન લેવું જ પડતું. એમાં યે કેટલીક વાર ધંધાનાં રોકાણે યા બેદરકારીને કારણે નિયમિત રહી શકતા નહિ.

રસોઇયો સવારની ચા લઇને ગયો ત્યારે તેણે શેઠને મરેલા દીઠા. ડૉક્ટર આવ્યા, અને મિત્રો તો સ્વાર્થના જ સગા હતા એટલે હવે પછીની કામગીરી પોલીસને વળગાડી દીધી. ઑફિસના મૅનેજરે શેઠના પિતાને જાણ કરી. છેલ્લા પાંચેક દિવસથી શેઠ ઇન્સ્યુલીન લેવા આવ્યા નહોતા, એટલે એ કારણે શેઠનું અવસાન થયું હશે એમ ડૉક્ટરે કહ્યુ.

પહેલી નજરે કેસ સ્પષ્ટ જ હતો. ડૉક્ટરે મૃત્યુનું પ્રમાણપત્ર આપ્યું, છતાં ખંતીલા પોલીસ ઈન્સ્પેક્ટરે શક્ય એટલી માહિતીઓ જોઈ જવા વિચાર્યું. તપાસમાં એણે શેઠના ગંજીમાં એક ડાઘ જોયો. કથ્થાઇ ડાઘ બહુ જ નાનો ને સામાન્ય હતો. ઇન્જેક્શન લેતી વખતે લોહીથી કદાચ પડયો હોય. પણ ડૉક્ટરે તો કહેલું કે તેમણે છેલ્લા પાંચ દિવસથી લીધું નહોતું. તેણે પોસ્ટમૉર્ટમ્ માટે શબ પોલીસ સર્જનને સોંપ્યું, પણ કશું મળી આવ્યું નહિ. દરમિયાન શેઠના સંબંધીઓ આવી ગયાં એટલે શબને અવલમંજલ માટે સોંપી દેવાયું. પરંતુ ઈન્સ્પેક્ટરે પેલા ડાઘની તપાસ તો જારી રાખી જ.

કુટુંબના ડૉક્ટર પાસેથી જાણવા મળ્યું કે કંચનલાલનું લોહીનું ગ્રૂપ AB હતું. ગંજી પરનો ડાઘ લોહીનો જ હતો પણ તેનું ગ્રૂપ B હતું. ગૂંચવણ વધી. કંચનલાલ પાસે પિસ્તોલનું લાઇસેન્સ હતું, પણ તેમની પિસ્તોલ મળી નહિ.

દરમિયાન કંચનલાલના પિતાએ ઑફિસની કામગીરી અને વ્યવસ્થા સંભાળી લીધી. પિતાને તેનો અનુભવ હતો. એમણે જોયું કે દફતરના હિસાબકિતાબ બરાબર હતા. બૅંકના લૉકરમાં પણ સારો એવો પૈસો હતો. પણ લૉકરમાંથી એક ડાયરી મળી. તેમાં નોંધ્યા મુજબ ઘરની તિજોરીમાં જે દોઢેક લાખની રકમ હોવી જોઈએ તે ત્યાં નહોતી, એટલું જ નહિ પણ તિજોરી સાફ હતી. એમણે પોલીસમાં જાણ કરી. આ બધા પૈસા ડાબા હાથના લાગતા હતા, એટલે સરકારને એ સોંપી દેવાની ઇચ્છા સાથે એમણે એ અંગે ફરિયાદ નોંધાવી.

ઈન્સ્પેક્ટર હવે વધુ ઉત્સાહથી કામે લાગી ગયા. તિજોરી ઉપરથી એમણે લીધેલી આંગળાંની છાપોમાં માળી, ચોકીદાર, નોકર, રસોઈયો કે શૉફર કોઈની છાપ નહોતી. તિજોરી અને બૅંકના લૉકર ઉપરની આંગળાંની છાપોમાંથી કંચનલાલ, એમના પિતા, બૅંક મૅનેજર વગેરેની છાપ બાદ કરતાં એક છાપ વણઓળખાએલી રહી. તે પોલીસ-દફતરની કોઈ છાપને મળતી નહોતી, એટલે કોઈ જૂના ઘરફાડુનું કામ જણાતું નહોતું. ઑફિસ-સ્ટાફની તપાસ થઈ. કંચનલાલની સેક્રેટરી મિસ ડિસોઝાની તે છાપ નીકળી. તેનું લોહી તપાસવામાં આવ્યું. તેનું ગ્રૂપ B હતું. તેને અટકમાં લેવામાં આવી. એક સારી, સાદી અને મળતાવડી નેક બાઈ તરીકે ઑફિસમાં તેની છાપ હતી. શેઠના કહેવાથી ઘણી વાર તેને શેઠના દસ્તાવેજો વગેરે પેલી તિજોરીમાં મૂકવા-લેવા જવું પડતું. એવે વખતે બનતાં સુધી તે મૅનેજરને સાથે લઈને જ જતી. મૅનેજરે તેના બચાવ માટે વકીલ રોક્યો.

અલબત્ત, એ વકીલે પણ ડિસોઝાના લોહીની તપાસ કરાવી. તે લોહી B ગ્રૂપનું હતું, પણ સાથે તેમાં MN ગ્રૂપ હતું. ગંજી ઉપરથી મળેલા લોહીનું પોલીસ લૅબૉરેટરીની તપાસના રીપૉર્ટમાં મુખ્ય B ગ્રૂપ લખેલ હોઈ ઇન્સ્પેક્ટરનું ધ્યાન બીજી બાબતો પર નહોતું ગયું. પણ તેમાં જણાવ્યું હતું કે તે ડાઘમાં B સાથે N ગ્રૂપ હતું.

ઈન્સ્પેક્ટરનો કેસ પાંગળો બની જતાં મિસ ડિસોઝાને શકનો લાભ મળી ગયો. પણ મૅનેજર બહુ ચીવટવાળો માણસ હતો. તેણે ઈન્સ્પેક્ટરને શેઠના બધા મિત્રોનાં નામ આપ્યાં. એ બધાનાં લોહીનાં ગ્રૂપ અને આંગળાંની છાપો લેવી મુશ્કેલ તો હતી, છતાં ઈન્સ્પેક્ટરે તે કામ શરૂ કર્યું. એમાં જણાયું કે શેઠનાં એક મિત્ર મિસિસ વખારિયાના લોહીનું ગ્રૂપ B અને N હતું. તેમણે લોહી આપવા આનાકાની પણ કરેલી. ઈન્સ્પેક્ટરને શંકા પડી. મિસિસ વખારિયા વિધવા હતાં. શેઠના અને એમના સંબંધો વિષે કેટલીક અફવાઓ પણ જાણવા મળી.

કોર્ટની પરવાનગી મેળવી ઈન્સ્પેક્ટરે વખારિયાની દાકતરી તપાસ કરાવી તો હકીકત સાચી નીકળી. આખરે તાજનાં સાક્ષી બની મિસિસ વખારિયાએ જણાવ્યું કે તેઓ કંચનલાલના ફૅમિલી ડૉક્ટર પાસે એ અંગે ગએલાં. મિસિસ વખારિયાને ભોળવી કંચનલાલ શેઠ ઉપર બ્લૅકમેઇલિંગ કરવા ડૉક્ટરે તક સાધી. મિસિસ વખારિયાએ તેમાં થોડો ઢોંગ કરવાનો હતો. એમના ગર્ભમાં રહેલા બાળકના લોહીમાં જો મિસિસ વખારિયાના અને શેઠના લોહીનું ગ્રૂપ મળી આવે તો સાબિત થાય કે એ ફરજંદ શેઠનું જ છે. શેઠના અજ્ઞાનનો લાભ લઈ એમને ગભરાવવા દાક્તરે શેઠની હાજરીમાં જ મિસિસ વખારિયાનું લોહી લીધું. જેનું ટીપું કદાચ પેલા ગંજી ઉપર અકસ્માત પડયું હશે. હકીકત છુપાવવા તથા ગર્ભપાત કરવા દાકતરે શેઠ પાસે મોટી રકમ માગી. તિજોરીમાંથી તે રકમ કાઢતાં લાગલી જ શેઠે પોતાની પિસ્તોલ સંભાળી! ઝપાઝપી થઈ, એમાં ડૉક્ટરે કંચનલાલનું ગળું દબાવ્યું. ડાયાબિટિસના દર્દને કારણે અતિશય નબળું હૃદય (અનુ. પૃ.૨૯)

નૉંસીની નાટ્ય-હરીફાઇ

ડૉન કિહોટે · મૃચ્છકટિકમ્ · ડિવાઇન પારોલ્સ

રંગગઠરિયાં-૬૫ લેખક · ચન્દ્રવદન મહેતા

માડ્રિનની ફિલૉસૉફી કૉલેજના કિશોર બહાદુરો સર્વાન્ટિસમાંથી એક નાટક લાવ્યા હતા. રંગભૂમિની બરાબર વચ્ચે એક ઊંચો ચોખંડો ચોતરો બાંધી, એ ઉપર નાનકડી ઝૂંપડી રજૂ કરી, એમાં કુટુંબનાં બેચાર માણસોની વચ્ચે, જેના હાથમાં છે ભાલો, માથે છે શિરરક્ષક ટોપી, શરીરે છે બખ્તર, એવો ઊંચો, લાંબો, સુક-લકડી, નરવીર, શમશેરજંગબહાદુર, કકડધ્રૂસ, પડપડાપડ પાપડફૂસ, દુનિયાનાં દુઃખોનું નિવારણ કરવા નીકળેલો, ચિંતાજળ્યો, હૈયે બળ્યો-ઝળ્યો, કેડે આ બાજુ નહિ પણ અવળી બાજુ વળેલો, નબીરો ડૉન કિહોટે! અહેહેહે! શી છાતી કાઢે છે! ટટારનો ટટાર હરે છે ફરે છે ને ભાષણોની પરંપરા ફટકારે છે. ભાલો અફાળે છે; દૂરદૂર શેતાન-રાક્ષસો-દાનવો-દુષ્ટોઅધમો-પિશાચો જુએ છે, જોતાં જ એમને પડકારે છે, અને ઘરમાંથી એની ભત્રીજી આવી આવી એને સમજાવે છે.

વાતાવરણ જમાવી ગયા! બોલ્યા અસ્પાનિયામાં, પણ તાળી પડાવી ગયા! પણ ના, એ પહેલા ન આવ્યા. કૅનૅડાથી ફ્રેન્ચ ભાષામાં આઈનેસ્કોનું 'બાલ્ડ પ્રીમાડોના' લઈને છ જ નટો આવ્યા હતા. બીજા પાછળ કામ કરનારા તો હશે જ, કારણ એમની સરકારે એમને ખાસ વિમાનમાં મોકલ્યા હતા! છે ને નાટક માટે રસ, અને સરકારની મદદ! કૅનૅડાની સરકારના કલ્ચરલ ખાતાને આપણે મૂરખા તો નહિ જ કહીએ. સાથે થોડા દફતરદારો અને અફસર વર્ગના માણસો પણ હતા. પારી(સ)ની કૅનૅડાની એમ્બૅસીમાંથી પણ બે અફસરો પોતાના દેશના વિદ્યાર્થીઓનો પ્રયોગ જોવા આવ્યા હતા. અમારી જ હૉટેલમાં સુભાગ્યે ઊતર્યા હતા. પૂછતા હતા કે નાંસીએ રિસેપ્શન કમિટી નીમી એમાં ઘણા દેશની એમ્બૅસીઓમાંથી સભ્યોને નોતર્યા હતા—પાકિસ્તાન અને ભારતના પણ; એમાંથી પાકિસ્તાનના હાજર છે, પણ ભારતના કેમ કોઈ નથી? શો જવાબ આપું?

શો જવાબ આપું? હું ક્યાં સરકારી ચૂંટાએલો નિમાએલો મોકલાએલો સભ્ય હતો જે? કેમ બોલાય? શું બોલાય? પારી(સ) જઇને પછી ખબર કાઢી, તો વાત મળી કે આવામાં તે શું હાજર રહેવું? ખરી વાત છે! આખરે તો આ નાટક-ચસ્કો, ને ભાંડ-ભવાયા! એમાં વળી કલ્ચર ક્યાંથી હોય! અરે, પણ પાછો હું ક્યાં વરાળ કાઢવા બેઠો?

'બાલ્ડ પ્રીમાડોનર'માં બે સજોડાં: એટલે ચાર જણાં ખુરશી પર બેઠાંબેઠાં નાટક કરી ગયાં. ફક્ત વાતો જ કરે. બીજા બે આવ્યા-ગયા, પણ આ બે સજોડાંએ વાક્છટાથી, વાચિક અભિનયથી, મોઢે ધાણી ફૂટે એમ શબ્દો ફટફટાવવાથી માંડી, તે શબ્દો ચેનચાળા જ થઈ રહે, અવાક્ થઈ જવાય, આંગિક અભિનયભાવ જ નીતરતો થઈ જાય ત્યાં સુધી સંવાદનો મર્મ પ્રગટાવ્યો. નવતર રજૂઆત, નવીન દૃષ્ટિ બિન્દુ.

પણ એ પહેલું ન આવ્યું. વચ્ચે શરૂઆતમાં જ ચૅકોસ્લોવાક્યિાના કલાકારો ઝળક્યા: 'લા ટૉય કાર્ટ'-શૂદ્રકનું વસંતસેના (મૃચ્છકટિકમ્). ચારુદત્ત આવ્યો ને વસંતસેના આવી: રજૂઆતનો કીમિયો, મર્મ, ભેદ, જે કહો તે, નાટકના આવેશમાં હતો. આખી ક્રિયા અત્યંત વેગીલી, રોમાંચક આવેશમાં હતી. શરૂથી જ અભિનયે પ્રેક્ષકોના શ્વાસ જકડી લીધા હતા. એક પછી એક, ક્યાંક નવી મુદ્રામાં, ક્યાંક



'લા ટૉય-કાર્ટ' (મૃચ્છકટિકમ્)નું એક દૃશ્ય

સ્પષ્ટ સુરેખ અભિનયમાં, ક્યાંક સંવાદની પટ્ટાબાજીમાં ક્રિયા નીતરતી ચાલી, રસપ્રવાહ વહેતો રહ્યો. પરદા નહિ જેવા. રંગભૂમિને કાલ્પનિક ચાર ભાગમાં વહેંચેલી રાખીને તેને બરાબર સમજણપૂર્વક ઉપયોગમાં લીધે રાખી, અને શૂદ્રકની કૃતિને ટૂંક સમયમાં સજીવન કરી દીધી. દાગીનાનો દાબડો, જુગાર, ચોરીનું દૃશ્ય; અને વસંતસેનાની 'ડિગ્નિટી'—ગૌરવાન્વિત છટા, એનો પરિપક્વ પ્રેમ, બધું ભાષાની કઠિનાઈ છતાં સ્પષ્ટ કરી સમજાવ્યું. મને નહિ, જેઓને આ નાટકની ખબર જ નહોતી એવા ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજ, સ્પૅનિશ, ટર્કિશ પ્રેક્ષકોને. કારણ, નાટક ચૅક ભાષામાં હતું. ભારે કરી ગયા. બીજી સવારે જ્યૂરી લગભગ સહમત હતી કે આ ઈનામ લઈ જશે. બધાએ મારી સામે જોયું. ભાંગ્યાતૂટ્યા ફ્રેન્ચમાં મેં કંઈ ચલાવ્યું, ત્યાં તો અમારી દેખભાળ રાખવામાં, કામમાં નિષ્ણાત એવી ઍની વાનકુંવરે(અલ્જીરિયન-ફ્રેન્ચ છોકરીએ) મને અંગ્રેજીમાં બોલવા કહ્યું. જરૂર પડે ત્યાં એણે ફ્રેન્ચ અનુવાદ આપવા માંડ્યો, પણ મારી મતલબ બધા બરાબર સમજી ગયા: 'બરાબર! કૉસ્ચ્યુમ આલા ઇસ્લામિક': ક્યાંક ઘરેણાંનો, ક્યાંક ઈજારનો, ક્યાંક ખેસદુપટ્ટાનો, પાઘોટા છોગાનો; ને શણગાર સજાવટનો લોચો! પાકો લોચો! ચાર વર્ષ પહેલાં હોલૅન્ડમાં નૂરજહાં-જહાંગીરના સ્વરૂપમાં જોએલાં દુષ્યંત-શકુંતલા યાદ આવ્યાં. રસક્ષતિ અનુભવી, બીજાઓએ કદાચ નહિ, પણ મારો મનખો મુંઝાયો. પણ શું થાય?

તે જ સાંજે જમવામાં રતાશપડતા આરસની પૂતળી જેવી ને ભલભલા ભાલાની અણીને ટપી જાય એવી આંખવાળી વસંતસેના બાજુના ટેબલ ઉપર જમતી હતી. એની પાસે જઇને ચોટલો પકડી ટીપી નાખું એમ થયું! પણ ભલા, યુરોપમાં એકલે હાથે એવું સાહસ કરી બેસીએ તો મૃચ્છકટિકમાં શકારના યા ચારુદત્તના—જેના જેવા ગુણો તેવા-હાલ થાય છે એના કરતાં મારા કોઠમડા ઉપર એક બેઠાડુ



'ડિવાઈન પારોલ્સ'નું એક પાત્ર

હાથ ઉપરથી પડે તો હાલહવાલ થઈ, નોંસીની ઇસ્પિતાલ સુધી પહોંચવા વારો ન આવે! એટલે આપણે તો, 'અયિ વસંતસેણિકા' કહી ઉચ્ચાર્યું: 'આ તમે સ્કર્ટ ફ્રાક્યિા પહેરવેશ કેમ પહેર્યો? કાનમાં આવી જિપ્સી જેવી વાળી શા માટે નાખી?' પણ આ વસંતસેના શરમાય એવી નહોતી. ભાંગ્યા ફ્રેન્ચમાં એણે કંઈ કહ્યું, ત્યાં એનો પ્રોડ્યુસર—આટા આરનેસ્ટ—પ્રાગમાં લાઝારસ્કામાં રહેતો, અંગ્રેજીમાં બોલ્યો: 'મિ. મહેતા અમે શું કરીએ? અમને કાલિદાસ, ભાસ, શૂદ્રકનાં નાટકો જોઇએ, તે માટે પહેરવેશ વિષે સમજ જોઈએ. એની રજૂઆત માટે વાંચવા-જાણવા વિગતો જોઇએ, ચિત્રો જોઈએ, ઘણું જોઇએ. પણ...(કહો) પણ અમને તમારી કોઈ એમ્બૅસીમાંથી ધારી મદદ મળતી નથી. આ અમને મળ્યું તે તમારા સરકારી અધિકારીઓ મારફત...' બસ. મારા મનમાં થયું કે એ એકની એક જ રામણ છે. શું થાય? ક્યાં કહીએ? ક્યાં રોદણાં રડીએ? પેલી જૂની કહેવત પ્રમાણે છોકરી જ છિનાળું કરે તો મા શું કરે? બાપ જ દારૂડિયો બને તો દીકરો શું કરે? ભાઈ જ વિશ્વાસઘાત કરે તો સગો ભાઈ શું કરે? છાબડીમાં મોં ઢાંકી દે, યા ડૂબી મરે! મા જીભ કરડી આપઘાત કરે! એક ચાલુ વાતમાંથી બીજી વાત ઉપર ઊતરી પડવાની કળા જો હું ન જાણતો હોત તો ત્યાં મારું શું થાત!

હવે છેલ્લા બે ત્રણ દિવસ રહ્યા. જ્યૂરીમાં અમારા બધાના નિર્ણયો લગભગ એકમતમાં જ પડતા હતા. માર્ક આપનારાઓમાં બે-પાંચનો તફાવત; પણ ભાષાના અજાણ. અને જ્યાં જાણકારો હતા ત્યાં પણ સરવાળે એક જ વાત. ત્રણ દિવસ બાકી; અને તે રાતે મેક્સિકો યુનિવર્સિટીનાં કિશોરકિશોરીઓની રજૂઆત થઈ. પરદો ઊંચકાયો, અને એક સાદા સેટિંગ અને પ્રકાશ-યોજનાએ આખા પ્રેક્ષકવર્ગને



ઇલિઝાબેથ મોન્ટો

દિંકમૂઢ કરી દીધો! બેપાંચ પળ નિશ્ચલ શાંતિ પથરાઈ ગઈ. પછી એક દિશામાંથી તાળીઓ ગડગડી અને આખું થીએટર સભર બની રહ્યું.

ડૉન રામોન ડેલ વાલે ઈન્ક્લાનનો એક નાટક. નાટકકારની જન્મસાલ ૧૮૭૦; ગુજર્યા-સાલ ૧૯૩૬; નાટક લખ્યાની સાલ ૧૯૨૦; કૃતિનું નામ 'ડિવાઇન પારોલ્સ'. રંગભૂમિ ઉપર રજૂ થયું. આ લેખકની ઘણી કૃતિઓ, કાવ્યો, વાર્તાઓ, નાટકો. પહેલું કારા દ પ્લાટા અને પછી બીજાં ઘણાં. એમાં આ કૃતિ માડ્રિડ ને પારી(સ)માં પહેલાં ભજવાએલી તે અઢાર-ઓગણીસ જણાએ અહીં ભજવી બતાવી.

બે બહેનો, અલબત્ત ગરીબ; અને એનો મૂંગો, રક્તપિત્તિયો, અપંગ ભાઈ; અને ઘરડી મા, પેલીઓના બે વિચિત્ર ધણીઓ. આજુબાજુ એનાં બે ઘર. અપંગ દીકરાને મા પોતાની ગોદમાં સાચવે છે, એને પાળે છે; પણ મા ગુજરી જતાં બેમાંથી એક પણ બહેન ભાઇને સંઘરવા રાજી નથી. જે હાથગાડીમાં એ અપંગ પડયો છે તે જ ગાડીએ આ બારણેથી પેલે બારણે ફેરવ્યે રાખે છે, પણ કોઈ ચાંગળું પાણી કે બટકું રોટલો એને આપતું નથી. એ પણ આખરે ગુજરે છે. ધણીરણી વિનાની મુડદા સાથેની ગાડી પડી રહે છે. પોલીસ પૂછતાછ કરે છે, તો પણ લાશ એમ જ—છે ત્યાં જ ગાડીમાં જમા છે. વચ્ચે સરઘસ-મેળાના ફેરિયા, જાતજાતની જીવનલીલા આવ્યે જાય છે, પણ પેલા 'એલ ઇડિયોટા' તરફ કોઈ નજર સરખી પણ કરતું નથી. એમાં ઇબાનિજ, કારમેન ઇલિઝાબેથ મોન્ટો, ઝેવિયર વેલાસ્કો રેઝા અને લેટિસિયા ગોમેઝે શું 'વિગર અને વાઈટાલિટી'વાળો તેજી અને તાઝગીભર્યો અભિનય કરી બતાવ્યો! ભાષા અસ્પાનિયા, પણ સ્પેનની નહિ, મેક્સિકોની; એટલે એમાં પણ ઠીક ફરક, ફ્રેન્ચ અંગ્રેજી પોલૅન્ડના તેમજ આફ્રિકા તુરકીના તો મારી જેમ એક પણ અક્ષર સમજ્યા નહિ, છતાં વેગ જોશ ક્રિયા ઉચ્ચારના આરોહઅવરોહ, તખ્તા ઉપર પાત્રોનાં ચિત્રાત્મક આયોજનો, પલટાતાં સંવેદનો, મદમસ્ત લાપરવાહીવાળી છતાં સ્પષ્ટ અંગમરોડની ક્રિયા, આખી રંગભૂમિને ભરી દે એવો ઉપરથી લટકતો જીસસનો વિશાળ લાકડાનો કાંટાળો તાજ, એમાંથી નીતરતો પ્રકાશ, ક્યાંક ગીત, ક્યાંક સંઘગાન, બધું એટલું પ્રમાણસર સુરેખ ગતિમય માધુર્યયુક્ત કે નાટકને અંતે પરદો પડયો ત્યારે અમારી હારમાં બેઠેલી જ્યૂરી તો એકાએક ખડે પગે થઈ ગઈ, પણ આખી નાટકશાળામાંના એકેએક ખડા થઈ પાંચ મિનિટ સુધી તાળી પાડતા રહ્યા. જ્યૂરીએ માર્ક-ગણતરી કરવાની રહી જ નહિ, ચુકાદો અહીં જ જાહેર થઈ ગયો. એનું નામ રજૂઆત, અભિનય, નાટ્યશિક્ષણ.

ત્યારે હવે શું રહ્યું? હામ્બુર્ગના વિદ્યાર્થીઓને બેલ્જિયમની ટોળી પોતાની કલા બતાવી ગયાં. સારાં હતાં. બિરહિંગ ગામના અંગ્રેજો તદ્દન મોળા પડયા. તદ્દન નવી જ જાતનું કરવા ગયા, પણ ન જામ્યું. અને છેલ્લે દિવસે એક નાટક બાદ જૂના બાદશાહી મહેલમાં, જેવો બીજો આલિશાન દાદર એ પરગણામાં બંધાયો નથી તે ચડી, હજાર હજાર માણસો હરીફરી શકે એવા બે વિશાળ ખંડોમાં—એકમાં જીભ પાણીપાણી થઈ જાય એવું ખાવાપીવાનું છે, (અનુસંધાન પૃષ્ઠ ૨૫)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ગોઝારો, હત્યારો

જેમાં માણસ ડૂબીને મરી ગયું હોય, જે ભોગ લેનારો મનાતો હોય તેવો કૂવો, વાવ (કે બીજું કોઈ જળાશય) તે 'ગોઝારો કૂવો', 'ગોઝારી વાવ' વગેરે. હત્યા કરવાની કે ભોગ લેવાની ટેવવાળું પ્રાણી માણસ કે સ્થાન પણ 'ગોઝારું' એવા વિશેષણને પાત્ર ગણાય છે.

વધ કરનાર તે 'વધ્યાકારક', પ્રાકૃતમાં 'વજ્ઝારઓ.' ગાયની હત્યા કરનાર માટે 'ગોવજ્ઝાધ્યાકારક' શબ્દ કલ્પીએ, તો તે પરથી આપણને 'ગોવજ્ઝારઓ' દ્વારા 'ગોઝારો' મળે.

મૂળનો ગોહત્યાનો અર્થ વિસ્તૃત થઈને સામાન્ય હત્યા બન્યો. 'ગોઝારું' એટલે માત્ર ગોહત્યા કરનારું જ નહિ, સામાન્યપણે હત્યા કરવાની ટેવવાળું. આવું જ બીજા કેટલાક શબ્દોની બાબતમાં બન્યું છે.

'ગોયુગ'નો મૂળ અર્થ 'ગાય કે બળદની જોડ.' પણ પછીથી તે કોઈ પણ પ્રાણીની જોડી માટે વપરાતો થયો; જેમ કે 'અશ્વગોયુગ'=ઘોડાની જોડી (પાણિનિની અષ્ટાધ્યાયી ૫, ૨, ૨૯ ઉપરનું મહાભાષ્ય). 'ગોષ્ઠ' એટલે 'ગાયનો વાડો'; પણ પછી 'ગોગોષ્ઠ' (=ગાયનો વાડો) જેવા પ્રયોગો ઉપરથી વિશેષ પ્રતીત થાય છે તેમ કોઈ પણ વાડા માટે તે વપરાવા લાગ્યો. 'ગવેષ્' એટલે મૂળ તો 'ગાયને શોધવી'; પછીથી સામાન્યપણે 'શોધવું.'

'હત્યારો' શબ્દ ઘડતરની દૃષ્ટિએ થોડો વિચિત્ર છે. 'હત્યા' શુદ્ધ સંસ્કૃત છે, જ્યારે તેમાં ભળેલો કર્તવાચક '-આરો' પ્રત્યય '-કારક' ઉપરથી થએલો તદ્ભવ છે.

'રંગ-રંગારો', પૂજા-'પુજારો' જેવાના પ્રભાવે 'હત્યા' ઉપરથી 'હત્યારો' ઘડાયું હોય.

હરિવલ્લભ ભાયાણી

વિલિયમ સમરસેટ મૉમ

અર્વાચીન ટૂંકી વાર્તાના મહાન પ્રણેતા, સમર્થ અને લોકપ્રિય નવલકથાકાર, વિશ્વખ્યાત નાટ્યકાર, ચિંતનશીલ નિબંધકાર ને અઠંગ પ્રવાસી વિલિયમ સમરસેટ મૉમનું ફ્રાન્સમાં નીસ ખાતેના એમના નિવાસસ્થાને ગયા (ડિસેમ્બર) માસની ૧૬મીએ ૯૧ની વયે, પક્ષાઘાતના હુમલાથી છ દિવસ બેભાન રહ્યા બાદ અવસાન થતાં ઇંગ્લંડના વિક્ટોરિયન, એડવર્ડિયન ને જ્યોર્જિયન ત્રણે યુગના સેતુ સમાન તથા કિપ્લિંગ, ગાલ્સવર્ધી એચ. જી. વેલ્સ, બર્નાડ શૉ, હક્સ્લે અને આર્નોલ્ડ બૅનેટના સમકાલીન, અને સાહિત્ય દ્વારા જગદ્વ્યાપી કીર્તિ અને અખૂટ સંપત્તિ પ્રાપ્ત કરનાર સાહિત્યસ્વામી જગંતે ગુમાવ્યો છે. જેમની નવલકથાઓ પરથી અનેક વાર ફિલ્મો ઊતરી છે, જેમનાં નાટકો માત્ર ઇંગ્લંડની જ નહિ પણ જગતના અનેક દેશોની રંગભૂમિ પર ભજવાઈ ગયાં છે અને જેમની કૃતિઓના જગતની અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે એવા લોકપ્રિય વાર્તાકાર સ્વ. મૉમે ઇંગ્લંડની સાહિત્યચાહક પ્રજા ઉપર જેટલું વર્ચસ્વ જમાવ્યું હતું એટલું કદાચ આજના બીજા કોઈ લેખકે જમાવ્યું નથી.

'હું વાર્તાલેખક નથી, હું તો વાર્તા કહેનારો છું; અને જ્યારે કોઈ નવી નવલકથા વાંચવાની મને ઇચ્છા થાય છે ત્યારે એક નવી નવલકથા લખી નાખું છું.—એ શબ્દોમાં પોતાનો પરિચય આપનાર, પ્રકૃતિદત્ત પ્રતિભાને પ્રબળ પુરુષાર્થથી સતત ફળદાયી રાખનાર



અને સાહિત્યનાં તમામ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનાર આ લોકલાડીલા લેખકનો જન્મ ઈ. ૧૮૭૪ના જાન્યુઆરીની ૨૫મીએ, પારી(સ)માંના બ્રિટિશ એલચીખાતામાં સૉલિસિટર તરીકે કામ કરતા પિતા તથા અત્યંત સ્વરૂપવાન પણ ક્ષયથી પીડાતી માતાને ત્યાં થયો હતો. તેના દાદા પણ કાયદાના ગ્રંથોના નામીચા લેખક અને 'ઈન્કૉર્પોરેટેડ લૉ સોસાએટી'ના સ્થાપક હતા. એનું બાળપણ ફ્રાંસમાં વીત્યું, જ્યાં ૮ની વયે માતા અને ૧૦ની વયે પિતા ગુમાવતાં જીભે તોતડાતા હોવાથી નાનમ અનુભવતા એ છોકરાને દુર્ભાગ્યે પ્રેમાળ છતાં સમભાવ વિનાના પાદરી કાકાના આશ્રયે ઇંગ્લંડમાં રહેવા જવું પડ્યું. ત્યાંના પ્રતિકૂળ વાતાવરણમાં હીજરાતા રહી તેણે કૅન્ટબરીની કિંગ્ઝ સ્કૂલમાં અને પછી જર્મનીની હાઈડલબર્ગ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો અને ૧૮ની વયે ફ્રેન્ચ, જર્મન તથા ઈટાલિયન ભાષાઓ પર કાબૂ મેળવ્યો. સાહિત્યનો એનો શૉખ પણ ત્યાં જ પાંગર્યો. ત્યાર બાદ ઇંગ્લંડની સેન્ટ ટૉમસ હૉસ્પિટલમાંથી એમણે એમ. આર. સી. એસ. તથા સી. આર. સી. પી.ની ડિગ્રી મેળવી. એ તબીબી અભ્યાસકાળના અનુભવો પરથી, પોતે જ્યાં દર્દીઓને તપાસવા જતા તે ઝૂંપડાંવાસી ગરીબોનાં જીવન તથા કામદારોની હડતાલ વગેરેને આધાર બનાવીને ઈ.સ. ૧૮૯૭માં ૩૩ની વયે લખેલી એમની પહેલી નવલકથા 'લિઝા ઑવ લૅમ્બેથે' એમને એટલી તો કીર્તિ અપાવી કે એમણે સેવિલ મુકામે જઈને દવાખાનું ખોલવાને બદલે સાહિત્યક્ષેત્રમાં ઝંપલાવવાનો નિશ્ચય કર્યો. જોકે શરૂઆતમાં એટલો બધો સંઘર્ષ વેઠવો પડ્યો કે નિભાવ પૂરતી કમાણી પણ એમાંથી ન થતી અને મિત્રોએ એમને દાક્તરી શરૂ કરવા પણ સમજાવેલા, પરંતુ તે ખંતપૂર્વક પોતાના નિર્ણયને વળગી રહ્યા, અને અંતે,

મૉમ – યુવાન વયે



સમરસેટ મૉમનું સાહિત્યસર્જન

મૉમને પહેલી પ્રસિદ્ધિ નાટકકાર તરીકે મળેલી, અને રંગભૂમિ પર તેમનાં નાટકો યશસ્વી પણ નીવડેલાં; છતાં, ઈબ્સન, શૉ, ઓ'-નીલ કે સિંજ સાથે નાટકકાર તરીકે તેમની તુલના થઈ શકે નહિ. સંવાદોમાં ચમકદાર ઉપરોધ, કથાનકમાં નાટ્યપૂર્ણ ઘટના અને રેખીવ સ્વભાવાલેખનને લીધે એમનાં નાટકો લોકપ્રિય થયાં, પણ એ સમાજને અસ્વસ્થ કરી મૂકે તેવાં ન હતાં, તેમ એમનાં નાયક-નાયિકા અવિસ્મરણીય પણ ન નીવડ્યાં. એમનાં 'સર્કલ' અને 'શિપ્પી' એ બે નાટકો ઘણાં પ્રભાવી છે. કેટલાક વિવેચકોને મતે 'સર્કલ' આ શતકનું ઉત્કૃષ્ટ હાસ્યપ્રધાન નાટક છે, અને 'શિપ્પી' વાંચતાં તો આ-પણને મોલિયર યાદ આવી જાય એવું તે પ્રભાવી છે. કેટલાકને મતે તે શોકાંતિકા છે તો કેટલાક તેને સમાજનો ઉપહાસ કરનારું લેખે છે.

નવલમાં તો એણે ૨૩મે વર્ષે પહેલી લખેલી 'લિઝી ઑાવ લૅમ્બેથ' થી જ એનું નિવેદનકૌશલ પ્રતીત થવા માંડે છે. પણ એની નવલકાર તરીકેની કીર્તિદા તો બની 'ઑાવ હ્યુમન બૉન્ડેજ'. જોકે પ્રથમ વિશ્વ-યુદ્ધ શરૂ થયા પછી તરત પ્રકટેલી એ કથાએ શરૂઆતમાં તો લોકોનું ખાસ ધ્યાન ખેંચેલું નહિ, પરંતુ વીસ વર્ષ બાદ એક અમેરિકન નિબંધ-કારને હાથ તેની નકલ ચડી જતાં તેણે તે વખાણી, એટલે બ્રિટિશ વિવેચકોની આંખો ઊઘડી–અને તે ગ્રંથરત્ન મનાવા લાગી. મૉમે પો-તાના તોતડાપણા જેવી શારીરિક ખોડ ધરાવતા એ કથાના લંગડા નાયક ફિલિપના ચિત્રણમાં, જગતની નિર્દયતાથી પોતાને વેઠવી પડેલી માનસિક યાતનાને તથા જીવન પરની તેની કારમી છાયાની વેદના ભારે પ્રભાવીપણે આલેખી છે. એ સામર્થ્યશાલી નવલકથા વિષે મૉમ કહેતા કે હું હજી પણ તે આંખમાં આંસુ આવ્યા વિના વાંચી શકતો નથી.

એમની 'મૂન ઍન્ડ સિક્સ પેન્સ' તો વિખ્યાત ચિત્રકાર પૉલ ગૉગાંના જીવન પર જ લખાએલી છે, જેમાં આત્માવિષ્કાર માટે તર-ફડતા ને દક્ષિણ પાસિફિકમાં જઈ વસેલા એ કલાકારની કથા ખૂબ સહૃદયતાપૂર્વક કહેવાઈ છે. 'રેઝર્સ એજ્જ' બધી કથાઓ કરતાં નિરાળી જ છે. એ કથાનો નાયક શાંતિ મળવા છતાં અસ્વસ્થ રહે છે. નાનપણમાં મૉમના પાદરી કાકાએ એના પર એટલા ધર્મવિચારો લાદેલા અને ઠાંસેલા કે તેના પ્રતિરોધમાં તે નિરીશ્વરવાદી થઈ ગએલો. આમ છતાં આ કથાના નાયકના આલેખનમાં પોતાનો એ પૂર્વગ્રહ આડે આવવા દીધા વિના પૂર્ણ તટસ્થતાથી તેણે એક આધ્યાત્મપ્રવણ વ્યક્તિનું જીવન નિરૂપ્યું છે. નિવેદનતંત્રની દૃષ્ટિએ એની 'કેઈક્સ ઍન્ડ એઇલ' નવલકથા ઉત્તમ ગણાય. તેમાં એણે વિખ્યાત અંગ્રેજ કાદંબરી-કાર 'હ્યુ વૉલપોલ'નું જ જીવન ગોપિતરીતે આલેખ્યું છે.

એની બીજી કાદંબરીઓમાં 'મિસિસ ક્રૅડોક' ખૂબ ચોટદાર છે. એની નાયિકા બર્થાની તીવ્ર વિષયવાસના, એના પતિ એડવર્ડના સંકુ-ચિત માનસનાં સ્પંદનો, એ બંનેમાં પ્રથમ થએલા આકર્ષણ અને પછી તેનું ધિક્કારમાં થએલું રૂપાંતર, એ બધાંના કલાપૂર્ણ ચિત્રણમાં મૉમે વૈવાહિક જીવનનું જે વિશ્લેષણ કર્યું છે તે વિદારક અને કઠોર છે.

ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં તો મૉમનું સ્થાન અટલ છે. એનું નિવેદન-કૌશલ, સ્વભાવાલેખન, વાતાવરણ-નિર્મિતી, એ સર્વનો સંપૂર્ણ આવિ-ષ્કાર આ ક્ષેત્રમાં થયો છે. 'મિક્શ્ચર ઍઝ બિફોર' અને 'ધ ટ્રૅમ્બ્લિંગ ઑાવ એ લીફ' એના સમગ્ર કથાસંગ્રહમાં શ્રેષ્ઠ કૃતિઓ છે. 'રેઈન' તો અસા-માન્ય કથા છે. એક વેશ્યાના મનમાં પાપની જાગૃતિ અને અનુતાપ કરાવનાર એક મિશનરી પોતે જ વિષયવાસના કાબૂમાં ન રાખી શકવાથી અંતે પોતાના અધઃપાતના પરિણામે આત્મહત્યા કરે છે એની એમાં વાત છે. એ કથા મૉમે જે તાટસ્થ્યથી આલેખી છે અને અંતમાં એને જે કલાસ્વરૂપ આપ્યું છે એનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે.

નિર્મળ તટસ્થતા એ જેમ એના લખાણનો ગુણ છે, તેમ તે એની મર્યાદા પણ બની રહે છે. વિવેચકોએ એના સર્જનને 'સારું' ગણાવ્યું છે, પણ 'ઉત્તમ' નહિ, તેનું કારણ એની આ તટસ્થતા જ. જીવનના પ્રમત્ત, વેગવાન પ્રવાહમાં જાતે ઝુકાવનાર કલાકાર તટસ્થ ન રહી શકે. મૉમ અનુભવોમાં એકરૂપ થઈ જતા હોવા છતાં કાંઠા પર જ ઊભા રહે છે. પોતે ગદ્યલેખક છે એ મૉમ વિસારી શકતા નથી, અને જીવનના કાવ્યનો આસ્વાદ તે ટીકાકારની ભૂમિકા પરથી કરે છે; તેથી તેની કલા-કૃતિમાં કાવ્યાત્મકતા નિર્માણ થવામાં સ્વાભાવિકરીતે જ મર્યાદા આવી જાય છે. એ મર્યાદા હોવા છતાં પણ માનવમનના અંતરંગ મૉમ ઉપર પ્રકાશ નાખીને વાચકોને અજ્ઞાતની સીમા સુધી લઈ જવામાં સફળ થાય છે. અને એ જ એની મહત્તાનું રહસ્ય છે.

(સાધના) —ગ. પ્ર. પ્રધાન

આયુષ્યનાં અંતિમ ૧૭ વર્ષોનો ક્ષેત્રસંન્યાસ બાદ કરતાં ઈ. ૧૯૪૮ સુધી ચાલેલી એમની અક્ષરયાત્રાએ જગતને ૩૧ નવલકથાઓ, ૩ વાર્તાસંગ્રહો ને ૩ નાટ્યસંગ્રહો ઉપરાંત પ્ર-વાસવર્ણન, વાસરિકા, ચિંતન, વિવેચન વગેરેના ગ્રંથો જેટલું વિપુલ સાહિત્ય અર્પ્યું.

સેવિલ ગયા બાદ મૉમે ઈટલી, ગ્રીસ અને મિસરનો પ્રવાસ કર્યો અને થોડો સમય લંડનમાં ગાળી ઈ. ૧૯૦૪માં ફ્રાન્સ પાછા ફરીને વાર્તા, નાટક ને ટૂંકી વાર્તાનું ધોધમાર સર્જન શરૂ કર્યું. એ કાળમાં નાટ્યકાર તરીકે એમને એટલી બધી ખ્યાતિ મળી કે ઈ.૧૯૦૭-માં લંડનનાં થીએટરોમાં એમનાં એકીસાથે ચાર નાટકો ભજવાતાં. ૧૯૧૪માં પહેલું વિ-શ્વયુદ્ધ થતાં ઍમ્બ્યુલન્સ યુનિટમાં (ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ તથા રશિયામાં) કામ કરીને, અને બીજા વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સમાં રહી 'ફ્રાન્કો-બ્રિટિશ અંડરસ્ટૅન્ડિંગ' વિષે લેખો લખી રાજ્યને સેવા આપનાર આ કલમકસ-બીએ ઈ. ૧૯૪૯ સુધીમાં રચેલી સંખ્યાબંધ કૃતિઓમાં પેનેલોપ, લેડી ફ્રેડરિક, રેઈન, ધ લૅન્ડ ઑાવ પ્રૉમિસ, મિસિસ ડાટ, ધ સર્કલ વગેરે નાટકો; કેઇક્સ ઍન્ડ એઈલ, ધ રેઝર્સ એજ્જ, લિઝા ઑાવ લૅમ્બેથ, ધ પેઈન્ટેડ વે-ઇલ, ઑાવ હ્યૂમન બૉન્ડેજ, અપ ઍટ ધ વિલા, પૉઈન્ટ ઑાવ વ્યૂ, સમિંગ અપ, મૂન ઍન્ડ સિક્સ પેન્સ, કૅટલિના વગેરે નવલ-કથાઓ અને ઍશેન્ડન; ધ ટ્રમ્બલિંગ ઑાવ એ લીફ, ફર્સ્ટ પર્સન સિંગ્યુલર, ક્રીચર્સ ઑાવ સર્કમ્સ્ટન્સિઝ વગેરે વાર્તાસંગ્રહો ઉપરાંત નિબંધસંગ્રહોનો સમાવેશ થાય છે.

કલાનો એમનો અંગત શૉખ અને રુચિ ઊંચા પ્રકારનાં હતાં અને સારી કમાણી થયા બાદ એમણે જગતનાં ઘણાં નામી કલારત્નો ખરીદ્યાં હતાં. બીજા વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સમાં તે બ્રિટિશ જાસૂસીખાતામાં કામ કરતા હતા. પારી(સ)નું પતન થતાં બ્રિટિશ નિરાશ્રિતો સાથે એક જહાજમાં એમને નાસીને ઇંગ્લંડ આવતા રહેવું પડેલું ત્યારે પાછળથી ફ્રાન્સ-માંનું એમનું વસવાટનું સ્થળ નાઝીઓને હાથ પડતાં એમનો કલાસંગ્રહ લૂંટાઈ ગએલો. 'સ્ટ્રિ-ક્ટલી પર્સનલ' નામના પુસ્તકમાં એમણે નાઝીઓના આવતાં પહેલાં અને પછીના એ સમયના ફ્રાંસનું તથા પોતાના છટકી નાસવા-નું વર્ણન કર્યું છે. ઇંગ્લંડથી તે પછી અમેરિકા



મૉમ – ઉત્તરાવસ્થામાં

ગયા ને ત્યાં કેટલાંક વર્ષ રહીને લેખનકાર્ય કર્યું.

જગતભરમાં વેચાએલી એની કૃતિઓની આઠ કરોડ પ્રતોમાં ૧૯૬૫ની સાલની બીજી વીસ લાખ પ્રતો ઉમેરાશે. 'રેઝર્સ એજ્જ' ૧૯૪૪માં પ્રકટ થયા પછી એની એકલીની જ અરધો કરોડ નકલો તો ખપી છે. 'ઑવ હ્યૂમન બૉન્ડેજ'ની મિલ્ડ્રેડ રૉજર્સ અને 'રેઇન'ના સૅડી ટૉમ્સનનાં પાત્રો તો જગતભરની કલ્પનામાં અમર થઈ ગયાં છે.

૮૪ની વયે ક્ષેત્રસંન્યાસ લેનાર અને માંદા તથા ભૂખે મરતા લેખકો માટે તથા કિંગ્સ કૉલેજ માટે ફંડ આપનાર આ યશસ્વી ને આર્થિકરીતે ભાગ્યશાળી સર્જકને પાછલી વયમાં પુત્રી સાથે કલેશમય ઝગડો થએલો અને અંતિમ અવસ્થામાં બહેરા ને અંધ બનતા જતા એમના ક્ષર દેહને 'આ પ્રકારના જીવનથી હું ત્રાસી ગયો છું, મારે હવે મરી જવું છે?' એવા ઉદ્‌ગાર કાઢવા પડેલા.

જગત આખામાં વિખ્યાત થએલી એમની નવલત્રયી (ધ રેઝર્સ એજ્જ, કેઈક્સ ઍન્ડ એઇલ અને ઑવ હ્યૂમન બૉન્ડેજ)માંની આત્મકથાત્મકરીતે લખાએલી બીજી બેમાંથી છેલ્લીના સર્જન સાથે મૉમના સર્જનની એક નવી જ છટાનાં દર્શન થાય છે. ઈ. ૧૯૧૫માં પ્રસિદ્ધ થએલી આ કૃતિ પૂર્વેના સર્જનમાં મૉમે જગતને માત્ર દુઃખ અને કુત્સિતતાના મહાસાગર રૂપે આલેખી ઇશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરેલો, પણ આ કૃતિ બતાવે છે એમ એમના હૈયામાંથી કરુણાનું ઝરણું વહેવા લાગ્યું હતું અને જગતમાં ક્યાંક પણ સુખ હોવા વિષે અને જગત પર વર્ચસ ધરાવતા કોઈ અસાધારણ તત્ત્વના અસ્તિત્વ વિષે આસ્થા જાગવા લાગી હતી.

આમ જનતાથી દૂર રહેતા હોવા છતાં તેના ચાહક અને 'The great man is too often all of a piece; it is the little man that is a bundle of contradictory elements' એમ માનનાર મૉમે જે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એનું યુરોપની સાહિત્યિક સંસ્થાઓએ યોગ્ય રીતે બહુમાન કર્યું છે. રૉયલ સોસાએટી ઑવ લિટરેચરનું ને વૉશિંગ્ટનની લાયબ્રેરી ઑવ કૉંગ્રેસનું ફેલોપદ, અમેરિકાની નૅશનલ સોસાએટી ઑવ આર્ટ્સ ઍન્ડ લેટર્સનું સભ્યપદ અને હાઈડલબર્ગ યુનિવર્સિટીનું સૅનેટપદ મળવા ઉપરાંત બ્રિટિશ સરકારે એમને 'કંપેનિયન ઑવ ઑનર' તથા ફ્રેન્ચ સરકારે 'કમાન્ડર ઑવ ઑનર'ના ઇલકાબો આપીને એમનું વિરલ સમ્માન કર્યું હતું.

પ્રવાસના શોખીન મૉમનું જીવન ઘણું ભ્રમણશીલ અને મોટે ભાગે ઈંગ્લંડની બહાર જ વીત્યું છે, જેમાંથી એમનાં સર્જનોનો મસાલો એમને સદા મળતો રહેલો. તે ભારત પણ આવી ગએલા, અને 'ક્ષુરસ્ય ધારા'વાળા વિખ્યાત સૂત્રવાળી ભારતીય ફિલસૂફીના દોર પર જ એમની 'રેઝર્સ એજ્જ' લખાએલી છે. 'ગ્રંથોપલબ્ધ જ્ઞાન નિરર્થક નથી, પરંતુ સ્વાનુભાવનું મૂલ્ય તો નિરાળું છે' એમ માનનાર તેમજ સર્જનમાં માનવસૃષ્ટિની વિવિધતાના નિકટવર્તી પ્રેક્ષક, મર્મસભર વ્યંગકાર અને માનવલાગણીઓનું ચિકિત્સકની અદાથી પૃથક્કરણ કરનાર મૉમે, 'નિર્દય ટીકાકાર'નો અપવાદ વહોરી લે એટલી હદે પ્રામાણિક નિખાલસ ને વસ્તુલક્ષી ચિતાર આપી સમાજના દંભ તથા કૃત્રિમતાના પરદાને ચીરી નાખ્યો છે. ગૂંગળાતા સમાજનાં પ્રેમ ને ધિક્કાર, દ્વેષ ને દુશ્મનાવટ, કુંઠિત દિમાગ અને પીડાદાયક મૂંઝવણો જેની વાર્તાઓનો ઉપબકાર છે એવા ગદ્યસ્વામી મૉમને ભલે (અનુ. પૃ. ૨૫)

સૂરતની સંસ્કાર-સમૃદ્ધિ

સૂરતને આગવી વ્યક્તિમત્તા છે; તે મશહૂર છે. સત્તરમા સૈકામાં તે ભારતનું સર્વશ્રેષ્ઠ બંદર અને સૌથી ધનાઢ્ય નગર હતું તે જાણીતું છે. તેની ખાણીપીણીની તેમ જ કામગીરીની સૂક્ષ્મ રસિકતા, તેની ધનદોલતમાં તેમ જ દિલમાં ઉદારતા, જાતિ ધર્મ સંપ્રદાય આદિના ભેદને ભુલાવતી તેના સામાજિક સહકાર અને સહચારની ભાવના, એ આપણા સમગ્ર પ્રજાજીવનને એનું સુંદર અર્પણ છે. ઈતિહાસે અને ભૂગોળે એને ખાનાખરાબી પણ આપ્યાં છે; સંપત્તિની વાયકાએ એને ડારવામાં બાકી નથી રાખ્યું; એમ છતાં, એના સૂક્ષ્મ જીવનમાં સ્વતંત્રતાની તેજસ્વિતા, આત્મશ્રદ્ધાનો પ્રભાવ, બુદ્ધિની દૂરદર્શિતા, હૃદયનાં ઉલ્લાસ શાણપણ અને માધુર્ય જેટલાં જ વરતાય છે. દુર્ગારામ ને મલબારીનું, કોટવાલ ને દયાળજીનું, વીર નર્મદ ને ધીટ ઇચ્છારામનું સ્મરણ આજની સંકટની ઘડીએ હૃદયને ઢંઢોળવે ને વીરોત્સાહ ભરવે સમર્થ છે.

ગુજરાતનાં ભાષા સાહિત્ય ને કેળવણીના ઇતિહાસમાં દક્ષિણ ગુજરાતનું અને ખાસ કરીને સૂરતનું અર્પણ વિશિષ્ટ અને અસરકારક રહ્યું છે. અર્વાચીન યુગની પહેલી પચીસીમાં નર્મદે અને ટેઇલરે ગુજરાતી ભાષાની ચોક્કસ ઓળખ કરાવી; નર્મદે જૂના સાહિત્યનો પરિચય કરાવ્યો અને નવું રંગરાગી સાહિત્ય પણ રચી આપ્યું. જૂના અને નવા બેઉ સાહિત્યને મૂલવવાની રીત નવલરામે દાખવી, તો આ સૈકાની પહેલી પચીસીમાં કમળાશંકરે વ્યાકરણનું કામ આગળ ધપાવ્યું. સ્વ-ભાન, સ્વ-પોષણ ને સ્વ-સંવર્ધન : ભાષાનાં એ ત્રણે કામ શરૂ થઈ ગયાં; અને એ રાજમાર્ગે આજે પણ આપણે જઈ રહ્યાં છીએ. શબ્દસૃષ્ટિ નિશ્ચિત થાય, શબ્દછટાની ટેવ પડે, અપૂર્વ લલિત સાહિત્યનું સર્જન થાય, અન્ય અન્ય સૌન્દર્યબોધક અનુવાદ થાય, એ બધી ભાષારિદ્ધિની કસોટીઓ છે. શેક્સપીઅર અને ટૉલ્સ્ટૉય, કાલિદાસ અને શંકર, ટાગોર અને શ્રી અરવિન્દ ગુજરાતીમાં ઉતારી શકીએ એ ભાષાની પરીક્ષા તેમ જ સિદ્ધિ છે. નર્મદથી માંડી આજની ઘડી લગી આહ્વાન અને જવાબની વિચિમાળા ચાલુ છે.


ગયા શતકમાં સૂરતે ત્રણ મુખ્ય ગદ્યશૈલીઓ આપી : નર્મદે ઉછાળા લેતી, વક્તાની ઉદ્‌બોધક શૈલી; નવલરામે પ્રૌઢ મધ્યમા ને રાજમાર્ગી શૈલી; અને નંદશંકરે ઉદારપ્રસ્તાર રમણીય શૈલી. નર્મદની શૈલીના સંસ્કાર પારસી લેખકોમાં, ઇચ્છારામમાં, નરસિંહરાવમાં, બળવંતરાયમાં, મોહનલાલભાઈમાં, ચન્દ્રવદન મહેતામાં જણાઈ આવે છે. નંદશંકરની આરોહઅવરોહાત્મક શૈલીમાંથી, બાણ-બર્કના સંસ્કાર સાથે ગોવર્ધનરામની મેઘગંભીર ભવ્ય શૈલી જન્મી. રામનારાયણભાઈ જેવા અર્વાચીન લેખકોમાં નવલરામની મધ્યમા શૈલી જણાય છે. એમના સમયમાં મહીપતરામ ને છગનલાલ મોદીએ એનો વિનિયોગ કર્યો છે. નર્મદ ને નવલરામની શૈલીઓ વર્તમાનપત્રોમાં વિસ્તરી. એમની અસર નીચે ઇચ્છારામે ઉદ્‌બોધક, ચર્ચાત્મક ને વિવરણાત્મક, પત્રકારી લઢણો નિપજાવી, જે ગુજરાતી પત્રોમાં જણાય છે. —વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

કલાયાત્રા

– પોરબંદરના ભૂમિભક્ત કલાકાર
અરિસિંહ રાણા

જ્યારે કોઈ કલાકાર ગોતાના વતનનાં પ્રાણીઓને, દશ્યોને, પાત્રોને પોતાની કલમે ચડાવે છે ત્યારે તેમની લાક્ષણિકતા અને રૂપ-સૌંદર્યની અન્ય જનોને પ્રતીતિ થાય છે; ત્યારે જ કલાકારની જન્મજાત શક્તિઓ ખરો વિકાસ પામે છે. મુંબાઈ, વડોદરા કે અમદાવાદ શહેરની પ્રજામાં રહેનારને ભૂમિની ગોદમાં રહેલા માનવ સમાજનો ખયાલ ઉપરછલો જ હોય છે. પણ કલાકાર જ્યારે પોતાના સ્વાભાવિક સંસારમાં ઓતપ્રોત બની ચિત્રો ઉઠાવે છે ત્યારે ચિત્રવસ્તુમાં અન્યને અગોચર એવાં જીવનતત્ત્વોને પ્રકાશમાં લાવે છે અને તેમાં જ તેની મૂલ્યવત્તા સમાએલી હોય છે.

ભાઈ અરિસિંહ રાણા સૌરાષ્ટ્રને પશ્ચિમ કાંઠે, પોરબંદરના બરડા પ્રદેશની શૂર અને પરાક્રમી મેર જાતિના તેજસ્વી સંતાન છે અને આજે આજીવિકા અર્થે પણ વતનમાં ઠર્યા છે. તેની કલા-મેધાએ પોતાની જાતિ અને વતનનાં તેજ પારખ્યાં છે ને તે પોતાની કલામાં તેમનાં સ્વરૂપો બિરદાવી રહ્યા છે. આમ ખૂણે પડેલા યુવાન કલાકારને પોરસાવવાની, તેની શક્તિઓને આગળ લાવવાની ફરજ અગ્રણી સમાજનેતાઓ અને રાજ્યોની છે.



અરિસિંહ રાણા

એક વિલક્ષણ શિક્ષણાધિકારી શ્રી પ્ર. ત્રિવેદીએ આ કલાકારનું નૂર પારખી તેની સેવાઓ પોરબંદરની ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજમાં આવકારીને તેની પ્રતિભાને પ્રતિષ્ઠા તો આપી છે, છતાં તેને કેટલોક વખત શટલ ટ્રેઈનની જેમ હાઇસ્કૂલના ચિત્રશિક્ષકની ફરજ પણ ઘસડવી પડે છે. તેમની કલામાં સહધર્મી એવા તેમના મિત્ર દેવજીભાઈ વાજાએ તેમનો પરિચય આપતાં આ વાત પણ કરી નાખી છે.

દેવજીભાઈ લખે છે: "હું જ્યારે ડ્રૉઇંગવર્ગ ભરતો ત્યારે એક શરમાળ, શાંત વિદ્યાર્થી કંઈ ને કંઈ ચીતરતો તે યાદ આવે છે. કોઈએ તેની 'અરસી' નામથી મને ઓળખ કરાવી; પણ પછી, સમયના વહેણમાં અમે ખોવાઈ ગયા. હું થોડો વખત અમદાવાદ જઈ શ્રી રવિભાઈ રાવળના કલાસંઘમાં પ્રાથમિક કલા-






ગોવાલણ: મુંબાઈના સચિવાલય માટે બનાવેલું ચિત્ર. નીચે: ભારતની આઝાદી. આ ચિત્ર હાલ શ્રી ર.મ.રા.ના સંગ્રહમાં છે.



દીક્ષા પામ્યો, પણ આગળ જવાના સંજોગ નહોતા એટલે પોરબંદરથી એક સંસ્થામાં ચિત્રશિક્ષક તરીકે જોડાયો. ઘણે વખતે, અમારા વિદ્યાલયમાં એક પ્રદર્શન થયું તેની યોજનામાં, સહાયક તરીકે મુંબાઈની કલાશાળાનો અભ્યાસ પૂરો કરી આવેલા યુવાન ચિત્રકાર અરિસિંહ મળ્યા. પછી તો ભૂતકાળનાં પડ ઊખડી ગયાં ને જૂના સહાધ્યાયી અને કલાધર્મી મળી ગયાનો આનંદ અનુભવ્યો.



મેર જવાનોનો દાંડિયારાસ (ઉપર), અન્ય ચિત્રો અને અરિસિંહે કરેલા લોકપાત્રોના કેટલાક સ્કેચ















અરિસિંહનો જન્મ, પોરબંદરથી વીસેક માઇલ દૂર કેશવ નામે ગામમાં ઈ. ૧૯૨૩માં પિતા રાણાભાઈ કેશવાળાને ત્યાં થયો હતો. પિતા પોતે તો ખેતી કરતા, પણ મોટા પુત્ર અરિસિંહને ભણાવવાની ભારે હોંશ એટલે ફાળિયામાં બાંધીને નિશાળે મૂકી આવતા! એ વખતે જ તેને એકડા ઘૂંટવા ગમતા નહિ; જે-તે ચીતરી નાખે; ભીંત પર લીટા ખેંચે; એમ કલાના ગુણો અરિસિંહમાં ત્યારથી પાંગર્યા.

પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં પિતાએ તેમને પોરબંદરમાં મેર છાત્રાલયમાં શ્રી માલદેવભાઈ રાણાની છાયામાં મૂક્યા. શ્રી માલદેવભાઈ પૂર્વાવસ્થામાં ચિત્રશિક્ષક હતા. તેમના સુપુત્ર કેશુભાઈ રાણા પણ હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક છે. એમણે અરિસિંહની કલાધૂન પારખી અને તેણે માધ્યમિક શાળાનાં ચારેક ધોરણ કર્યાં ન કર્યાં ત્યાં યોગસંધાન કરી તેને મુંબઈની સર જે. જે. આર્ટ સ્કૂલમાં પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જગન્નાથ અહિવાસીની નીચે મોકલી દીધા. મુંબઈમાં રહેવાનાં ઠેકાણાં મુશ્કેલ, પણ કેશુભાઈના મિત્ર હરિપ્રસાદ જાનીએ પોતાના સ્ટુડિયોમાં ગોઠવણ કરી આપી. ઘણી કઠણાઇઓ છતાં ચિત્રવર્ગોની પરીક્ષાઓ ઉત્તરોત્તર વટાવી અરિસિંહે ૧૯૫૦માં ડિપ્લોમાની પરીક્ષા ઉચ્ચ કક્ષાએ પસાર કરી.

ભીંતચિત્રો માટે પણ તેમણે વિશિષ્ટ તાલીમ લીધી અને તેમાં સારો હાથ બતાવ્યો. એમનાં પાત્રોમાં સૌરાષ્ટ્રનું આગવું ખમીર દેખાયું. પ્રદર્શનોમાં તેમને આકર્ષણ અને યશ મળ્યાં ને સ્કૂલ ઑવ આર્ટની સ્પર્ધાનું રૂ. ૬૦૦નું 'ડૉલી ખરસેદજી ઇનામ' મેળવ્યું. એ 'મેર જવાનોના દાંડિયારાસ'નું ચિત્ર ગુજરાત રાજ્યના ત્રીજા પ્રદર્શનમાં ઇનામ અને પ્રશંસા પામ્યું. એક ચિત્ર 'ભારતની આઝાદી' શ્રી રવિશંકર રાવળે એ ચિત્રશાળાના પ્રદર્શનમાંથી ખરીદી પોતાના સંગ્રહમાં રાખ્યું છે.

મેર જવાંમર્દોના ગ્રંથમાં શ્રી માલદેવભાઈ રાણાએ લખ્યું છે કે 'હજી પણ જો કોઈ માર્ગદર્શન આપનાર મળે તો સારા ભારતમાં એક સમર્થ ચિત્રકારની ગણનામાં ગણાય એવી શક્તિ અને ભક્તિ કુદરતે તેમને આપેલી છે.' મેર પ્રજાનાં નરનારીઓને સુંદર ચિત્રકલા ઉપર પ્રેમ છે. મેરોનાં મકાનોમાં મેરની બાઈઓ સુંદર ચિત્રોમાં ભૂમિતિ અલંકારો, સુંદર ફૂલવેલની પટ્ટીઓ વગેરે ચીતરે છે. અરિસિંહ પણ જ્યારે ગામડામાં પહોંચી જાય છે ત્યારે મેરોનાં મકાનની દીવાલો ઉપર મેર દાતા, ભક્તો, શૂરવીરો તથા દેવદેવીઓનાં ચિત્રો આલેખે છે અને તે એવાં તો આકર્ષક કરે છે કે ગામનાં સઘળાં નરનારીઓ તે જોવા જાય છે.''

પોતાના સમાજને કલારસથી તૃપ્તિ આપનાર આ યુવાન કલાકારની આ સફળતાનો આંક છાપાળવી પ્રસિદ્ધિ કે મેળાવડાનાં માનચાંદથી વિશેષ છે.

નોંસીની નાટ્ય-હરીફાઈ (અનુ. પૃ. ૧૯થી) બીજામાં મળસ્કે પાંચ સુધી ચાલવાનો છે એવો બૉલ નાચ શરૂ થઈ ગયો છે, ઉપર જૂના જમાનાનાં હાંડીઝુમ્મર રોશનીથી ઝગમગે છે ત્યાં—અમે અમારો ફેંસલો લઈ દાખલ થયા. મોં઼ ઝુલે રોમાં, એમની વહુ એમને દોરવી આગળ લઈ જાય છે. અમે ખૂણામાં ડાયસ ઉપર બેસીએ છીએ. બધી નૃત્યમેલડી હાજર છે તે ચૂપ-શાંત થઈ જાય છે. સંગીત બંધ થાય છે. પહેલાં પારી(સ)ની ફારેગ થએલી વૃદ્ધ નટીએ ટૂંકમાં એક નાનકડું પ્રવચન કરી દીધું; અને ઝુલે રોમાં રેક્ટર અને મેયર સાહેબે આગળ આવી, પહેલું ઇનામ મેક્સિકોની ટોળીને, બીજું ત્રીજું કૅનૅડા અને ચૅક ટોળીને જાહેર કરતાં જ ખુશાલી, અભિનંદનો, હુર્રૂરે, નાચકૂદની જે ધમાચકડી મચી છે તે દૃશ્ય હજી નજર સામેથી ખસતું નથી.

દસેક મિનિટ બાદ ઊભરો જરા શાંત થતાં રેક્ટર અને મેયર સાહેબે સૌકોઈનો આભાર માન્યો. જ્યૂરીના સભ્યોનાં નામ બોલાતાં દરેકે ઊભા થઈ પોતપોતાની ઢબે લો બાઉ નમસ્કાર નમન કર્યાં, અને પછી ખાણીપીણીની, નાચરંગની, ઓળખાણવિધિની, આવજો—ગુડબાઈની રંગત શરૂ થઇ. કેટલીક ટોળીએ તો અહીંથી જ સીધા સ્ટેશને જઈ વહેલી સવારની ગાડી પકડી. લગભગ ત્રણેક વાગ્યે પેલી ફ્રાન્સની વૃદ્ધ નટી, વસંતસેના અને આટા ઓર્નૅસ્ટ અમે અમારી હોટેલ તરફ ચાલતાં નીકળ્યાં. હા ઠંડી તો હતી જ. આટા કહે, પેલી વૃદ્ધાને હોટેલ પર પહોંચાડ્યા બાદ, 'આપણે ચાલો મળસ્કાની મોઝલ જોવા જઇએ.' મેં કહ્યું તમારી પ્રાગની 'એલ્બે' ક્યાં ઓછી જાજરમાન નદી છે? તો કહે એલ્બે ડ્રેસ્ડન પછી જ માતબર થાય છે. મેં કહ્યું અમે ડ્રેસ્ડનની ગિરિવલ્લરીમાંથી અટવાઈ નીકળતાં એને જોઈ છે. તો એ કહે, ત્યાં જ એનું સૌન્દર્ય સંપૂર્ણ ખીલે છે. પણ આ રમતિયાળ મોઝેલ અત્યારે નમણી હશે, તે તો જોવી જ જોઇએ. અને નસીબ હશે તો વળી કિનારે ક્યાંક ગરમ કૉફી પણ પીવા મળી જશે.

ચાર વાગ્યે મોઝલ નદીને કાંઠે એક રડ્યોખડ્યો રેસ્ટોરાંવાળો જાગતો હતો. એને મીઠી ફ્રેન્ચમાં પટાવી કૉફી તો માણી અને સાથે સાથે નિંદરમાં સોણલાં સેવતી નોંસીની ગોદમાં સૂતેલી શાંત મોઝલ સરિતાની રમ્ય મોહિની પણ પ્રમાણી.

બીજે દિવસે આખો દિવસ ઊંઘી, સૌનો આભાર માનવા બધે ફરી, પછીના દિવસની સવારની ટ્રેઇનમાં, આ સુંદર પ્રદેશનાં રમણીય સ્થળો જોતાં નોંસીની ટ્રેઇનમાં પ્રદક્ષિણા કરી એ નાનકડી નગરીની વિદાય લીધી. દર સાલ નોંસીમાં આ ઉત્સવ ઊજવવાનું નક્કી થયું છે. દર સાલ બને તો નાનકડા નોંસીની મહેમાની માણવાનું અમે પણ મનમાં ઠરાવ્યું છે.

(ચાલુ)

સાહિત્યસંપર્ક (અનુસંધાન પૃષ્ઠ ૨૨થી) દાન્તે, રોમા રોલાં, ટૉલ્સ્ટૉય કે શેક્સપીઅર સાથે ન મૂકી શકાય, પણ સાહિત્યને સત્ત્વશીલ બનાવવા જેટલી સત્યનિષ્ઠા ધરાવતા આંગ્લ સાહિત્યના અગ્રણી સર્જકોમાં અને વિશાળ આમ વાચકવર્ગના હૈયામાં એમનું સ્થાન ચિરંજીવ રહેશે એ નિર્વિવાદ છે; કેમ કે માનવહૈયાનાં વિવિધ પરિણામોમાં રસ ધરાવતા આ કલાકારે કલાની કક્ષાને જરાય નીચી ઊતરવા દીધા સિવાય લોકરુચિને સંતર્પવા સતત પ્રયાસ કર્યો હતો.

'રેઈન' અને 'ફુટસ્ટૅપ્સ ઈન ધ જંગલ' જેવી યુગવર્તી ટૂંકી વાર્તાઓ અને 'ધ રેઝર્સ એજ' તથા 'કેઈક્સ ઍન્ડ એઈલ' જેવી ઉત્તમ નવલકથાઓ આપનાર આ સાહિત્યસ્વામીની નમ્રતા એમના પોતાના સર્જનની અમરતા વિષેના નીચેના ખયાલ પરથી આવી જશે. આજથી બાવીસ વર્ષ પર છેક ૧૯૪૪માં પોતાના એક મુલાકાતીને એમણે કહેલું: 'I think that one or two of my comedies will be remembered for a time and a few of my best short stories will find their way in the anthologies. This is not much, I'll admit, but it is better than nothing.'

સમરસેટ મૉમનાં કેટલાંક પુસ્તકોનું સ્પૅનિશ ભાષામાં ભાષાંતર થતાં એમને પુરસ્કાર રૂપે કેટલાક હજાર 'પેસેટ' (સ્પૅનિશ નાણું) મળવાનું હતું; પણ સ્પેઈનની સરકાર આ પૈસા દેશ બહાર લઈ જવાની પરવાનગી આપતી નહોતી, એટલે મૉમે કેટલાક દિવસ સ્પેઈનની એક હોટેલમાં ઊતરી એ પૈસા ખર્ચી નાખવાનો નિશ્ચય કર્યો. પોતાની રકમ પૂરી થઈ ગઈ છે એમ માની મૉમે હોટેલમાંથી નીકળતાં મૅનેજર પાસે બિલ માગ્યું ત્યારે એણે કહ્યું: 'તમે અમારે ત્યાં રહ્યા એથી અમારી હોટેલને ખૂબ પ્રસિદ્ધિ મળી છે, અને તેથી માલિકે આપની પાસેથી બિલની રકમ લેવાની ના પાડી છે!'

આહારની શરીર ઉપર અસર

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આહાર સંબંધી ઠીકઠીક જાણ્યા બાદ આપણે હવે શારીરિક વિકાસ પર તેની અસર વિષે વિચારી શકીશું. ખોરાક ઉપર જિંદગીનો આધાર હોવા ઉપરાંત કાર્યશક્તિ અને રોગપ્રતિકારશક્તિ પણ તેના પર અવલંબે છે. જિંદગીની વિકસતી અવસ્થામાં મરામત ને શક્તિ ઉપરાંતનાં બીજાં જરૂરી પ્રોટીનો ન મળે તો શરીરનાં વૃદ્ધિ ને વિકાસ અધૂરાં સધાય છે ને એથી જિંદગીભર સહન કરવું પડે છે.

ઇષ્ટ ને પૂરતા ખોરાકની ઊણપની ગંભીર અસરો દુનિયાભરમાં આપણા દેશમાં આબેહૂબ દેખાય છે. અહીં જુદીજુદી જાતના લોકોનાં જિંદગીની ઢબ, ધર્મ, રિવાજો ને ખાવાની રીતમાં જેટલી ભિન્નતા છે એથી યે વધારે ભિન્નતા શરીરના બાંધામાં દેખાય છે. પંજાબની વાયવ્ય સરહદથી નીચે ઊતરતાં, ગંગા નદીના પ્રદેશો તથા પશ્ચિમ ને દક્ષિણ ભણી વસતા લોકોનાં શરીરનાં કદ, વજન ને કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. આ તફાવત આહારમૂલ્યોમાં ઘટતા જતા ઘટાડાને કારણે છે. આ ઘટાડો શુકધાન્યોની જાત, ચરબી, વિટામિનો ને ખનિજ દ્રવ્યોનાં જાત ને પ્રમાણમાં રહેલી ખામીને લીધે છે; ભારતમાં પેટ પૂરતું ખાવાનું ન પામનારા લોકોની સંખ્યા લાખોની છે.

'યુનાઇટેડ નેશન્સ ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ઑર્ગેનિઝેશન'ની ગણતરી મુજબ દુનિયામાં ઉત્કૃષ્ટ ખોરાક પામનાર આઇરિશ લોકો છે. તેમને રોજની ૩૫૦૦ કૅલરી ગરમી મળે છે, જ્યારે ઓછામાં ઓછી કૅલરી પામનારા હિંદીઓ છે, જેઓ રોજની માત્ર ૧૯૫૦ કૅલરી પામે છે! હૈદરાબાદની 'ન્યૂટ્રિશન રીસર્ચ લૅબોરેટરીઝ'ના અહેવાલમાં રાજ્યવાર કૅલરીનું પ્રમાણ જાણવા મળે છે. તેમાં પુખ્ત વયના પુરુષોની ૨૪૦૦-૩૦૦૦ કૅલરી અને સ્ત્રીઓની ૨૦૦૦-૨૭૦૦ કૅલરીની રોજિંદી જરૂરત સ્વીકારવામાં આવી છે, જેમાંથી સરાસરી ૨,૩૦૦નો આંકડો સ્વીકારી શકાય. દેશમાં મધ્ય પ્રદેશ ને પંજાબના લોકો અધિકતમ ૩,૩૦૦ કૅલરી મેળવે છે. તે પછી પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ ને ઉત્તર પ્રદેશનો ક્રમ છે. કેરળના વતની માત્ર ૧,૮૦૦ કૅલરી પામે છે, જે ઓછામાં ઓછી છે. એમની ઉપર મહારાષ્ટ્ર(૨૫૦૦), બિહાર ને મદ્રાસ (૨૪૦૦), આંધ્ર પ્રદેશ (૨૩૦૦) અને ગુજરાત (૨૨૦૦) આવે છે. આમ, આવશ્યક કૅલરીના પ્રમાણમાં ઊણપ છે એટલું જ બસ નથી. જે મળે છે તે સરખા રીતે વહેંચાતું પણ નથી. પ્રજાનો થોડો ભાગ સરાસરી ૧૯૫૦ કૅલરી કરતાં વધારે મેળવે છે તો બીજાઓ થોડું. આ થોડું પામનારા ગરીબ લોકો ને ખેતમજૂરો છે.

વળી, ભારતીય ખોરાકમાં સરાસરી પુષ્કળ શુકધાન્યો હોઈ આહાર ખામીભર્યો બની અ-સમતુલ હોવાનો મોટો દોષ છે. ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીસર્ચની આહાર-વિષયક તપાસમાં માત્ર ૧/૩ કુટુંબો શિંબી ધાન્યો ને બીજાં શાકપાન ભલામણના ધોરણ પ્રમાણે પામે છે. વળી સુખી લોકો પણ યોગ્ય યુક્તાહાર લે છે એવું નથી. આમાં ખોરાકની ખોટી પસંદગી ઉપરાંત ખાવાની બાબતમાં રૂઢિચુસ્તતા પણ નડે છે. પરિણામે, એમનો આહાર પૂરતી કૅલરીવાળો હોવા છતાં ય પ્રોટીનો, ખનિજ દ્રવ્યો ને વિટામિનોની ઊણપવાળો હોય છે. આથી અપૂર્ણ પોષણ(માલન્યૂટ્રિશન)ની સ્થિતિ આવે છે. તે ભીતરી ભૂખ(હિડન હન્ગર)ના નામથી પણ ઓળખાય છે. પેટભરપૂર ખાવાનું હોવા છતાં ય એક કે વધારે આવશ્યક ઘટકોમાં ઊણપવાળા આહારથી આ ભીતરી ભૂખમરો ઊભો થાય છે. પ્રૌઢો, વૃદ્ધો ને વજન ઘટાડવા માટે મર્યાદિત ખોરાક ખાનારા તેના ભોગ બને છે. બેઠાડુઓને, શારીરિક શ્રમ કમી થવાથી, મંદ ભૂખના કારણે કે વૃદ્ધોને આવશ્યક પોષણદાતા ખોરાક કમી થવાનો સંભવ રહે છે. કોકને વળી આહારના કોઈ ઘટકો પચાવવાની તાકાત ન હોય યા નાશ પામી હોય. વળી હલકી જમીનમાં પાકેલા અનાજથી અથવા પોષણમૂલ્યો ઘટે એવી રીતે રાંધેલો ખોરાક ખાવાથી કોઈ પણ ઉમરે શરીરને આવશ્યક પોષણઘટકો મળતાં નથી. આ કારણે પણ ભીતરી ભૂખમરો ઊભો થાય છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીસર્ચની ૧૯૫૯ની પોષણ-વિષયક તપાસમાં ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોના આહારમાં દૂધ, શાકપાન, ફળો 'જેવાં રક્ષણાત્મક ખાદ્યો ઓછાં હોવાનું અને દૂધની નીપજો નહિવત્ હોવાનું જાણવા મળ્યું છે, જેના પરિણામે આહારમાં પ્રોટીન, લોહ, વિટામિનો 'એ', 'બી' ને 'સી' ન્યૂન અપૂરતાં મળે છે. ન્યૂટ્રિશનલ ઍડવાઈઝરી કમિટીની ભલામણ કરતાં રોજિંદા આહારની ભારતીય સરાસરી કેટલી ઊણી છે તેનો ખયાલ નીચેનો કોઠો આપે છે.

ખાદ્ય	ભલામણ: માથા દીઠ ઔંસના માપમાં	સરાસરી આહાર ૧૯૩૫-'૪૮'	'૫૫-'૫૮
શુક ધાન્યો	૧૪	૧૬.૬૨	૧૬.૫૯
શિંબી ધાન્યો	૩	૨.૨૬	૨.૩૯
શાકપાન	૧૦	૪.૯૫	૩.૯૧
ઘી અને તેલ	૨	૦.૯૨	૦.૫૨
દૂધ ને દૂધની નીપજો	૧૦	૩.૩૧	૨.૮૧
માંસ મચ્છી ઈંડાં વગેરે	૪	૦.૯૪	૦.૪૭
ફળો	૩	૦.૫૮	૦.૨૧
ખાંડ ને ગોળ	૨	૦.૬૭	૦.૭૧

આપણા દેશમાં મોટા ભાગના લોકો ચોખા, ઘઉં ને બાજરી ખાય છે. મદ્રાસ, આંધ્ર પ્રદેશ ને ગુજરાતમાં ચોખા ને બાજરીનો ખોરાક છે. માત્ર ઘઉં કે ચોખા ખાનારા પ્રદેશ થોડા છે. દૂધ, માંસ, શાકપાન ને ફળોનો રક્ષણાત્મક ખોરાક તો બધાં રાજ્યોમાં બહુ જ ઓછો છે.

ઉત્તર પ્રદેશના લોકો બીજાં શુકધાન્યો સાથે મુખ્યત્વે ઘઉં ખાનારા છે. ઘઉંમાં ચોખા કરતાં બેગણાં પ્રોટીન છે, વળી ઘઉંના પ્રોટીનોનું જૈવક (બાયોલૉજિકલ) મૂલ્ય ઊંચું છે. ઘઉંના તાજા દળેલા લોટની રોટલીમાં ઘઉંનાં પ્રોટીનો, વિટામિનો ને ખનિજ દ્રવ્યો જળવાય છે. આ પછી એમના ખોરાકમાં બીજો પદાર્થ દૂધ દહીં છાશ અને ઘી છે; ત્રીજો કઠોળ છે; ચોથાં શાકપાન ને ફળો છે. કેટલાક લોકો થોડું વધુ માંસ ખાય છે. આમ એ લોકોના ખોરાકમાં પોષણ માટે જરૂરી બધાં તત્ત્વો ને ઘટકો છે. આની વિપુલતાને લીધે તેમને ભારતભરમાં ઉત્કૃષ્ટ શરીરનો બાંધો ને ક્રિયાત્મક કાર્યક્ષમતા પ્રાપ્ત થયાં છે.

પોષણની દૃષ્ટિએ ભાત સત્ત્વહીન છે. સંચામાં ખંડાએલા ચોખા

વળી પાછા પૉલિશ થાય છે, રંધાતાં અગાઉ ઘણી વાર ધોવાય છે ને ઊકળતા પાણીમાં રંધાય છે. આમ તૈયાર થએલા ભાતમાં પ્રોટીનો, ખનિજદ્રવ્યો ને બધાં વિટામિનો નાશ પામે છે. આવા ખોરાક ઉપર નભતા બંગાળી કે મદ્રાસીના આહારમાં થોડાંક દૂધ કે દૂધની નીપજો હોય છે. તાજાં શાક-ભાજી ને ફળો ય ઓછાં. આમ એમના આહારમાં વનસ્પતિજ-પ્રાણિજ પ્રોટીનો ઘણાં ઓછાં હોઈ એમનાં શરીર નબળાં છે. જેમના ખોરાકમાં પ્રોટીનો, ચરબી, ખનિજદ્રવ્યો ને વિટામિનોનાં પ્રમાણ જેટલાં ઓછાં ને જાત હલકી એટલા પ્રમાણમાં એમની શારીરિક કાર્યક્ષમતા ને આરોગ્ય ઊતરતાં નીવડે છે.

ઉત્તર પ્રદેશના આહારથી પ્રભાવિત થએલા મૅક્કૅરિસનનું કથન છે કે શુદ્ધ ધાન્યો, દૂધ, દૂધની નીપજો, કઠોળ, તાજાં શાકપાન અને માંસાહારીને પ્રસંગોપાત્ત માંસના સમતોલ ખોરાકથી ઇષ્ટમાન શારીરિક કાર્યક્ષમતા, શરીરનો શ્રેષ્ઠ બાંધો ને રોગાવસ્થામાંથી મુક્તિ મળે છે. આના સમર્થનમાં એમના ઉંદરો પરના અખતરા જાણીતા છે. ઉંદરની જિંદગીનાં બે વર્ષ આપણી જિંદગીનાં સરાસરી પચાસ વર્ષ જેટલાં નીવડે છે. તાજું આખું માખણ ચોપડેલી રોટલી, ચણા, કાચાં શાક, દૂધ, પાણીની જાડી કપોટી, અઠવાડિયે એક વાર હાડકાં સહિતના માંસ ઉપર નભતા ઉંદરોને પાંચ વર્ષ પર્યંત કોઈ માંદગી, કુદરતી કારણોસર મૃત્યુ, બાળ મૃત્યુ કે માતૃપદની મરણાધીનતા આવ્યાં નહિ. પરંતુ ઉપરના આહારમાંથી દૂધ કમી કરવાથી અને તાજાં શાકપાન મર્યાદિત થવાથી ઉંદરોને શ્વસનતંત્ર ને પેટ-આંતરડાંના રોગો, પેશાબ માર્ગમાં પથરી ને શરીરના અવયવોના ક્ષીણકારી (ડિજેનરેટિવ) ફેરફારોથી થતા રોગો વારંવાર બન્યા હોવાનું મૅક્કૅરિસનનું કથન છે. આહાર સંપૂર્ણતયા લેવાય તો જ તે આરોગ્યદાતા છે. એમાંથી જો દૂધ, દહીં, છાશ, માખણ ને ઘી તથા તાજાં શાકપાન બાદ કરવામાં આવે તો શીખ લોકોનો શ્રેષ્ઠ શારીરિક બાંધો પણ ટકતો નથી. ટૂંકામાં શુદ્ધ ધાન્યો, દૂધ ને દૂધની નીપજો, કઠોળ, તાજાં શાક-પાન ને ફળો પૂરતા પ્રમાણમાં લેવાય તો જ શરીરની પૂર્ણતા ને ક્રિયાત્મક કાર્યદક્ષતા જળવાય છે.

લોકોનો ખોરાક ને તેમને થતા રોગોનો સંબંધ જાણવા મૅક્કૅરિસને ઉંદર, કબૂતર, મરઘાં, સસલાં, ગિનીપીગ, વાંદરાં વગેરે અસંખ્ય પ્રાણીઓને ભારતભરના લોકોનો ખોરાક ખવડાવવાના અઢાર વર્ષ લગી પ્રયોગો બાદ અ-યોગ્ય ખોરાકથી થતા વિવિધ રોગો વર્ણવીને લખ્યું છે કે 'શરીરની આ બધી અનારોગ્ય સ્થિતિઓનું એક કારણ ન્યૂન કે દોષિત પોષણ છે. દોષિત પોષણમાં બે બાબતોનો સમાવેશ થાય છે: કમપોષણ ને અપૂર્ણ કૅલરી. લાંબા સમયના કમપોષણથી કામકાજને કારણે વજન ઘટવા માંડે છે અગર વજન કાયમ રહે તો શારીરિક તાકાત ઘટે છે. કૅલરીના અપૂરતા પ્રમાણથી વ્યક્તિમાં સુસ્તી, કામધંધામાં આળસ, કમતાકાત, કામનાં ગાળિયાં કાઢવાં ને બેઠાડુ વૃત્તિ આવી પડે છે. ગ્રામપ્રજાને આપણે એદી કહી હસી કાઢીએ છીએ, પણ તેમની આ સ્થિતિ પાછળ ખોરાકની અપૂર્ણતા રહેલી. કમપોષણથી બીજા ચેપી રોગોના ભોગ બનાય છે અને જો આ સ્થિતિ આગળ વધે તો ભૂખમરાથી મૃત્યુ આવી પડે છે. સ્ત્રીઓમાં મૂઢ ગર્ભને અકાળ પ્રસૂતિની સ્થિતિ આવી પડે છે, ને પૂરા દિવસે થએલી પ્રસૂતિમાં બે-ચાર દિવસમાં શિશુનું મરણ થાય છે.

એવું માનવામાં આવે છે કે પ્રોટીનોના વિશેષ પ્રમાણવાળા ખોરાકથી શરીરમાં ચેપી રોગોનો સામનો કરવાની વધારે પ્રતિકારશક્તિ પ્રાપ્ત થાય છે. અયોગ્ય ખોરાક પામતા નિરામિષાહારીઓમાં રોગચાળાનું પ્રમાણ વધુકુ રહે છે. ખોરાકમાં પ્રોટીનો હોવા છતાં ય ક્ષય રોગ લાગુ પડવાની એક હકીકત છે. શક્તિદાતા એટલે કાર્બોહાઇડ્રેટવાળો ખોરાક પ્રમાણમાં ઓછો હોય ત્યારે આ રોગ લાગુ પડે છે.

ભારતભરના લોકોના આહારમાં પ્રાણિજ પ્રોટીનોની ઊણપનો મોટો દોષ છે કેમ કે મોટા ભાગના લોકો નિરામિષાહારી છે. નિરામિષાહારથી આરોગ્ય ને માંસલ તાકાત તો જળવાય છે પણ આ આહારથી શક્તિ(કાર્યોત્સાહ, એનર્જી)નો અભાવ જણાય છે. શક્તિ (એનર્જી) અને તાકાત(સ્ટ્રેંગ્થ)નો ફેર જાણવા જેવો છે. શક્તિ એ જ્ઞાનતંત્રનો ગુણધર્મ છે, તો તાકાત માંસપેશીઓનો. કાર્બોહાઇડ્રેટમાંથી માંસપેશીઓને પોષણ મળે છે જ્યારે પ્રાણિજ પ્રોટીનોમાંથી જ્ઞાનતંત્રને. વનસ્પતિજ પ્રોટીનો શરીરમાં ઉપયોગી તો નીવડે છે, પણ સ્ટાર્ચ સાથે મિશ્રણમાં રહેલાં તેનાં પ્રોટીનો ઉપરના સેલ્યુલોઝના આવરણ પર પાચક રસોની બરાબર ક્રિયા ન થવાથી તે વપરાયા વગર મોટા પ્રમાણમાં શરીર બહાર ફેંકાઈ જાય છે. એટલે શરીરમાં તેમનો વિનિયોગ પૂરો થતો નથી. પ્રોટીનોની ઊણપ જોમ ને તાકાતના અભાવ અને સતત માંસલ કામ માટેની ઓછી ધારણશક્તિમાં પરિણમે છે.

જિંદગીના ટકાવ, વૃદ્ધિ, મરામત, સગર્ભાવસ્થા ને સ્તન્યપાનના બોજ સમય માટે જે પૂરતો નીવડે એ સમતોલ આહાર. ઘણા લોકોને આવો સમતોલ આહાર મળતો નથી. વળી સમતોલ આહાર સુયોગ્ય (ઑપ્ટિમમ) નથી પણ હોતો. તેમાં સુધારાને અવકાશ રહે છે. પૂરતું પોષણ પામતાં ધારી લીધેલાં બાળકોને વધારાનું દૂધ આપવાથી વજન ને ઊંચાઈનો વધારો, શારીરિક ને માનસિક શક્તિનો વધારો થયો હોવાનું બ્રિટિશ મેડિકલ કાઉન્સિલના પ્રયોગોમાં જાણવા મળ્યું છે. આમ ખોરાક પૂરતો (એડિક્વેટ) હોય એટલું જ બસ નથી, પણ તે સુયોગ્ય (ઑપ્ટિમમ) પણ જોઈએ.

નિરામિષાહારીઓ માટે દૂધ સર્વશ્રેષ્ઠ ખોરાક છે. બાળકો ને પુખ્ત વયની વ્યક્તિઓ માટે પણ તે ગુણદાતા છે. વધારાના દૂધથી શરીરની ઝડપી, વધારે ને શ્રેષ્ઠ વૃદ્ધિ થવા સાથે જલદી પુખ્તતા, દીર્ઘ પ્રજનનકાળ, દીર્ઘ જીવન ને જિંદગીમાં ક્રિયાશીલ વરસો ઉમેરાય છે.

જીવનકાળ દરમિયાન ખોરાકની શરીર ઉપર વિધવિધ અસરો ને પરિણામો પડે છે. આહાર દેખીતો પૂરતો ને ઇષ્ટ હોવા છતાં ય તે સુયોગ્ય હોવાને અવકાશ રહે છે. આ દૃષ્ટિએ હવે આપણે શિશુથી માંડી વૃદ્ધો સુધીના આહારનું અવલોકન કરીશું. (ચાલુ)

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃષ્ઠ ૧૬થી

તા. ૬: પૈસાની જોગવાઈ કરવાના મનસૂબા કર્યા. તા. ૭: સવારથી જ ચિત્ત પ્રફુલ્લ છે, દૃઢ છે. હમણાં અભ્યાસ તો એવો જ થાય છે. કોલાબા સુધી પગે સફર કરી. તા. ૯: કોઈને પણ જરાકે આપણે ઉપયોગી થઈ શકીએ છીએ ત્યારે મનમાં ઓર જ આનંદ થાય છે. ચિત્રકળાની ગંભીરતા હવે સમજાતી જાય છે. બે વાગ્યા સુધીનો સમય નકામો જ ગાળ્યો. બહાર નીકળવું ત્યારે જવાનો ઉદ્દેશ, ઉપયોગિતા અને સમયનો ખયાલ રાખીને નીકળવું. કોઈ નવીન અગર હમેશનું સાથી પાસે બેઠેલું હોય ત્યારે કામ થતું નથી. તેને ખોટું ન લાગે એવા હેતુથી, કે અંગત સ્નેહી હોય તો ફરી પાછો કેટલા ય વખત પછી તેનો મેળાપ થશે એવા ખયાલથી કામ બંધ રખાય છે. તા. ૧૧: કૉરોનેશન ડે; સ્કૂલોમાં આજના સ્મરણચિહ્ન તરીકે રાજારાણીની છાપવાળો ચાંદ આપવામાં આવ્યો. મને પણ મળ્યો. આજની વિચારનોંધ: 'માણસ ધાર્યા મુજબ નથી કરી શકતો તેમાં તેનો જ વાંક છે. ગમે તેવા સંજોગો વચ્ચે—સમયની મારામારી હોય, વિઘ્ન કરનારા ઘણા હોય, વાતોમાં સમય લેનારા મિત્રો હોય તો પણ—એકાગ્ર બુદ્ધિવાળો મનુષ્ય પોતાનું કામ સાધી શકે.' (ચાલુ)

અમેરિકા અને આપણે

☆ ☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

૮

૧૦ જાન્યુ. ૧૯૬૫

વહાલાં બાળકો,

તમારી કૉલેજમાં હડતાળ પડી હતી તે જાણ્યું. ગયે વર્ષે અમદાવાદની ફાર્મસી કૉલેજના વિદ્યાર્થીઓએ સફળ હડતાળ પાડી હતી. આ વર્ષે પરીક્ષાનાં પરિણામ માટે કેટલાક વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના મકાન પાસે ઉપવાસ પર ઊતર્યા હતા. આ ઉપરાંત કલકત્તા, અલ્લાહાબાદ વગેરે જગ્યાએ પણ વિદ્યાર્થીઓની મોટી મોટી હડતાળો પડે છે. તો પછી અહીં અમેરિકામાં સૌ રૂડાં વાનાં છે? કે પછી એ રામ તો બધે એના એ જ? જરૂર આ સવાલ ઊભો થાય.

વૉશિંગ્ટન-સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થી મંડળ તરફથી એક દૈનિક છાપું નીકળે છે. તેમાં ૧૯૬૪માં દેશભરમાં જે વિદ્યાર્થી-ચળવળો થઈ તેનું વર્ણન ૮ ડિસે. ૧૯૬૪ના અંકમાં આપેલું છે. આ રહ્યા થોડાક નમૂના:

પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીના હજારો વિદ્યાર્થીઓએ દેખાવો કર્યા. શા માટે? યુનિવર્સિટીમાં ઝાડોની ઘટાદાર છાયાવાળી જગ્યા ઉપર સત્તાવાળાઓ લલિતકળા-કૉલેજનું નવું મકાન બાંધવા માગતા હતા તેના વિરોધમાં ટેક્સાસ યુનિવર્સિટીની ડેમૉક્રેટિક સોસાઍટીના સભ્યોએ એક નાટકશાળાનું પિકેટિંગ કર્યું. શા માટે? નાટકશાળાના પરદા ઉપર એક કાળું મોઢું ચીતર્યું હતું અને તેથી દેશના હબસીઓનું અપમાન થાય છે, માટે!! ન્યૂ યૉર્ક સિટી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ફી-ઘટાડા માટે બે માસ આન્દોલન ચલાવ્યું અને આન્દોલનનો વિરોધ કરનાર પાર્લમેન્ટના સભ્યોને સામાન્ય ચૂંટણીમાં હરાવ્યા!

અત્યારે અહીં નાગરિક હક્ક-સિવિલ રાઈટ્સ(Civil rights)ની ચળવળ ખૂબ ચાલે છે. તેનો હેતુ અમેરિકન હબસીને અમેરિકન ગોરા જેટલા જ સમાન હક્ક અપાવવાનો છે. આ એક પ્રગતિસૂચક ચળવળ છે અને દુનિયામાં બધે બને છે તેમ અહીં પણ આ પ્રગતિસૂચક આંદોલનમાં વિદ્યાર્થીઓ મોખરે છે. આ સમયની વિશેષતા એ છે કે આખી ચળવળ ગાંધીજીના અસહકારના સિદ્ધાન્તો ઉપર ચાલે છે.

કોલોરાડો યુનિવર્સિટીના 'સમાનતાસંઘ' તરફથી ગામની એક રેસ્ટોરાં ઉપર પિકેટિંગ ગોઠવાયું. કેમ? રેસ્ટોરાંના માલિકે એક હબસી છોકરીને નોકરીએ રાખવાની ના પાડી હતી! પિકેટિંગ શરૂ થયા પછી એક કલાકમાં માલિકે તે છોકરીને નોકરી ઉપર રાખી લીધી!

ગયા વર્ષની સૌથી લાંબી અને વ્યવસ્થિત વિદ્યાર્થી-લડત યુનિવર્સિટી ઑવ કૅલિફૉર્નિયા, બર્કલીના વિદ્યાર્થીઓની હતી. આ લડત સપ્ટેમ્બર ૧૯૬૪માં શરૂ થઈ છે. હજુ સુધી તેનો અંત નથી આવ્યો. અત્યાર સુધીમાં ૮૧૪ જણની ધરપકડ થઈ છે, જેમાં ૫૯૦ વિદ્યાર્થી, ૮૯ શિક્ષક-વિદ્યાર્થી (એમ. એ.ના વિદ્યાર્થી અને ટયુટર) તથા ૧૩૫ બીજા, જેમને યુનિવર્સિટી સાથે સીધો સંબંધ નહિ.

સપ્ટેમ્બર ૧૯૬૪માં કૅલિફૉર્નિયા યુનિવર્સિટીએ નિયમ કર્યો કે વિદ્યાર્થીઓ વચ્ચે રાજકીય ચોપાનિયાં કે પરિપત્રો વહેંચવાં નહિ, રાજકીય પક્ષ કે કાર્ય માટે કૅમ્પસ ઉપર સ્વયંસેવકોની નોંધણી કરવી નહિ અને વિદ્યાર્થીસંઘના મકાન આગળ ફંડફાળા એકઠા કરવા નહિ. આ પ્રતિબંધના વિરોધમાં વિદ્યાર્થીઓમાં વાણીસ્વાતંત્ર્ય-આંદોલન શરૂ થયું. શરૂઆતમાં તો સભા-સરઘસ વગેરે થયું. પછી નવેમ્બરમાં એક દિવસ યુનિવર્સિટીની ઑફિસના મકાનમાં વિદ્યાર્થીઓ દાખલ થઈ ગયા ને આખા મકાનમાં બેસી ગયા. કોઈથી અવાય નહિ, જવાય નહિ; જ્યાં જુઓ ત્યાં વિદ્યાર્થી જ બેઠેલા! ગાંધીજીની અસહકારની નીતિનું આ અમેરિકન સ્વરૂપ છે. અહીં તેને 'સિટ ઇન' કહે છે. અમેરિકન હબસીઓના નેતા માર્ટિન લ્યુથર કિંગે આ નવું અસહકાર-સ્વરૂપ યોજ્યું છે. કોઈ વાળંદ હબસીની હજામત કરવાની ના પાડે છે? ચાલો, પંદરવીસ હબસી તેની દુકાનમાં જઈને બેસી જાઓ. બેઠા જ રહો; ખાધાપીધા વગર બેઠા રહો. પોલીસ ઢસરડીને બહાર કાઢે તો ફરી પાછા અંદર જઈને બેસો. તમાચો મારે તો સહન કરી લો પણ ઊઠો નહિ. પેલો કાં તો દુકાન બંધ કરે નહિ, તો ખુલ્લી દુકાને વા' ખાય; કામ થાય નહિ. આ નાગરિક હક્કોની ચળવળમાં ઊભું થએલું નવું હથિયાર છે. કૅલિફૉર્નિયાના વિદ્યાર્થીઓએ તે અજમાવ્યું. પોલીસ આવી. વિદ્યાર્થીઓને ઢસરડીને બહાર કાઢ્યા-ધરપકડો થઈ.

યુનિવર્સિટીના શિક્ષકોની વિદ્યાર્થીઓના આ આંદોલન પ્રત્યે સામાન્ય હમદર્દી છે, પણ યુનિવર્સિટીના પ્રમુખ (અહીં વાઈસ ચૅન્સેલરને પ્રમુખ કહે છે) તેમના નિર્ણયમાં મક્કમ છે. તે તો એમ કહે છે કે આવું ગેરશિસ્તમય વાતાવરણ ચાલે તે કરતાં તો યુનિવર્સિટી બંધ કરી દેવી બહેતર છે. આ બર્કલીમાં આવેલી યુનિવર્સિટી ઑવ કૅલિફૉર્નિયા અહીંની મોટી યુનિવર્સિટીઓમાંની એક છે. લગભગ ૩૦ હજાર ઉપરાંત વિદ્યાર્થીઓ એક જ કૅમ્પસ ઉપર સાથે ભણે છે. અત્યારે તો ત્યાં ભણવા કરવાનું ખોરવાયું છે અને સાંભળ્યું છે કે કેટલા યે વિખ્યાત પ્રોફેસરો બર્કલી છોડી બીજે જવાની તૈયારીમાં પડયા છે!

અહીં જે વિદ્યાર્થી-આન્દોલનો થાય છે તેના મૂળમાં જુઓ તો સામાન્ય રીતે નીચેની ત્રણ વાત મળી આવે; ૧) નાગરિક હક્કોની ચળવળને કારણે નાગરિક તરીકેના પોતાના હક્કો પ્રત્યે વિદ્યાર્થીઓની જાગૃતિ. ૨) મા-બાપ વિદ્યાર્થી ઉપર કડપ રાખે તેમાંનો કેટલો કડપ યુનિવર્સિટીએ વિદ્યાર્થી ઉપર રાખવો તે બાબતમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સત્તાવાળાઓ વચ્ચે મતભેદ. ૩) યુનિવર્સિટીના સત્તાવાળાઓ અમુક બાબતોમાં વિદ્યાર્થીઓનો મત લેતા નથી તેથી વિરોધ થાય છે, ઇલિનૉય યુનિવર્સિટીમાં ૫૦ લાખ રૂપિયાનું નવું મકાન બાંધવા સામે વિદ્યાર્થી-આન્દોલન થયું કારણ કે 'આવડો મોટો નિર્ણય લેતાં પહેલાં વિદ્યાર્થીમંડળને કેમ પૂછયું નહિ?'

અહીં યુનિવર્સિટીનું તંત્ર લોકશાહી રીતે ચાલે છે અને તેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓના મતને ઘણું મોટું સ્થાન હોય છે. આપણને તો આ બધું નવું લાગે. યુનિવર્સિટીનું મકાન ચણવામાં વળી વિદ્યાર્થીમંડળને પૂછવાનું? અહીંનાં કૉલેજ કે યુનિવર્સિટીના વિદ્યાર્થીસંઘોનું બંધારણ અને કામગીરી જાણીએ તે પછી જ આ વાતની ખબર પડે. તે વિષે ફરી કોઈક વાર.

—કાકાના આશિષ

૯

૧૭ જાન્યુ. '૬૫

વહાલાં બાળકો,

ટેક્સાસ, ન્યૂ મેક્સિકો, આરિઝોના, નેવાડા અને કૅલિફૉર્નિયા રાજ્યોમાં થઈ અમે નાતાલ દરમિયાન કારમાં મુસાફરી કરી. મોટર-રસ્તા ઉપર વીસ-પચીસ માઇલે એકાદ સર્વિસ સ્ટેશન આવે. સર્વિસ સ્ટેશન એટલે પેટ્રોલ-પંપ. પેટ્રોલને અહીં ગૅસોલિન કહે છે અને તેનું ટૂંકું રૂપ ગૅસ કહે છે. સર્વિસ સ્ટેશનને ગૅસ સ્ટેશન પણ કહે છે. ત્યાં ગૅસ (=પેટ્રોલ) તો મળે જ, ઉપરાંત મોટરની સફાઇ કે મરામત પણ થાય. વળી સતત મુસાફરી કરનારની સગવડ ખાતર રેસ્ટ રૂમ(મૂતરડી) હોય, તથા કોકાકોલા, ઑરેન્જ કે કૉફી એવું કોઈક પીણું પણ પૈસા

નાખો અને બટન દાબો એટલે મળે. આમ સર્વિસ સ્ટેશન એ ઘણે અંશે આપણી ધર્મશાળાની ગરજ સારે. ફક્ત ત્યાં રાતવાસો ન રહેવાય.

આપણે ત્યાં ધર્મશાળામાં જેમ સમાજના અનેક થરનું પ્રતિબિંબ જોવા મળે તેવું અહીં સર્વિસ સ્ટેશને પણ બને છે. હાઇ વે ઉપર જેમ અમારા જેવા મોટર લઇને નીકળ્યા હોય તેમ ટ્રક ને ખટારાના ડ્રાઈવર, જાહેર બસ સર્વિસના ડ્રાઇવર તથા પૅસેન્જર પણ નીકળતા હોય. કેટલાંક સર્વિસ સ્ટેશનોની રેસ્ટ રૂમોમાં, અમેરિકામાં પણ નૈતિક ધોરણ કેટલું નીચું જઈ શકે છે તેનાં દર્શન થયાં! આપણે ત્યાં રેલવે સ્ટેશન, રેલવે ડબ્બા (અરે શાળા-કૉલેજમાં પણ કોઇક જગ્યાએ) કે મૂતરડીમાં ગલીચ લખાણ કે ચિત્રો જોવા મળે છે. અહીં પણ કોઈક જાહેર જગ્યાની રેસ્ટ રૂમોમાં તથા કેટલાંક સર્વિસ સ્ટેશનોની રેસ્ટ રૂમોમાં આવાં લખાણ અને ચિત્રો તો જોવા મળે જ છે. પણ આ તો ઑટોમૅટિક યંત્રોનો દેશ છે. કેટલાં યે સર્વિસ સ્ટેશનોની પુરુષોની રેસ્ટ રૂમોમાં એવાં ઑટોમૅટિક યંત્રો મૂકેલાં હતાં કે તેમાં અમુક સિક્કા નાખો એટલે ચાંદી(એક પ્રકારનું જાતીય દર્દ)ની દવા મળે, એ તો ઠીક પણ એવાં મશિનો પણ હતાં જેમાં સિક્કો નાખવાથી ચોપડવાની એવી દવા મળે જેની અસરનું વર્ણન આ પત્રમાં મારાથી થઈ શકે નહિ જોકે એ અસરનું વર્ણન ચોખ્ખા ચોખ્ખા શબ્દોમાં તે મશિન ઉપર લખેલું હોય! સમાજમાં પ્રવર્તતાં અનીતિનાં ધોરણોની પારાશીશી! —કાગડા બધે જ કાળા!!

અહીંના સમાજનો સમજુ વર્ગ આ પરિસ્થિતિથી સચિંત છે. અહીં લગભગ બધાંનો ધર્મ એક જ છે–ક્રિશ્ચિયન. અને સમાજસુધારાનું ઘણુંખરું કામ ધર્મગુરુઓ કરે છે. અવેઈક (Awake=ઊઠો જાગો) એ આવું એક ધાર્મિક પત્ર છે. તેમાં અમેરિકાના તૂટતા જતા કુટુંબજીવન વિષે ખૂબ ઉહાપોહ આવે છે. કોઈ પણ સમાજની તંદુરસ્તીનો આધાર સુગઠિત કુટુંબજીવન ઉપર છે; અને નીતિના ઊંચા ધોરણે જ કુટુંબ સુગઠિત રહી શકે. અમેરિકામાં કુટુંબજીવન સ્થિર થઈ શક્યું નથી. દર વર્ષે લગભગ ૪ લાખ પતિ-પત્ની અહીં છૂટાછેડા મેળવે છે. એટલે કે સરેરાશ રોજના ૧,૦૯૬ છૂટાછેડા, અથવા દર ક્લાકે ૪૬ પતિ-પત્ની છૂટાછેડા લે છે! એટલે દર ક્લાકે ૪૬ ઘર ભાંગે છે! કુટુંબજીવન સમાજમાં સ્થિર શી રીતે થાય? અવેઈકના શબ્દોમાં કહીએ તો 'અમેરિકામાં ઘણાંખરાં ઘરો સર્વિસ-સ્ટેશન જેવાં છે.' અહીં ધર્મશાળાની જેમ બે જણ ભેગાં રહે છે. કુટુંબ વચ્ચે વિચારવિનિમય જેવું થતું નથી. ફક્ત તાત્કાલિક ઉપયોગમાં આવે તેવી વાતોની જ ચર્ચા થાય છે. જેમ કે આજે સાંજે કાર (મોટર) કોણ લઈ જશે, કે ટી. વી.નું કયું સ્ટેશન ઉઘાડીશું વગેરે વગેરે... કુટુંબની અવ્યવસ્થાની અસર બાળકો ઉપર થાય છે અને તેથી ભવિષ્યનાં વધુ કુટુંબો અવ્યવસ્થિત થાય છે અને સમાજ ઝપાટાબંધ નીતિનાં પગથિયાં ઊતરતો જાય છે. ૧૯૬૪ના મેની ૨૭મી તારીખના ન્યૂ યૉર્ક ટાઈમ્સના એક લેખમાં ડૉ. કપ્લેડરોન લખે છે કે 'છેલ્લાં ૧૫ વર્ષમાં આપણે આપણાં બાળકો ઉપર શિસ્ત અને સંયમ વાપર્યાં નથી. આપણે તેમને છૂટથી કાર વાપરવા દઇએ છીએ, નાણાંની છૂટ આપીએ છીએ જેથી ખાલી ઘરોમાં કે મોટેલોમાં તેઓ છૂટથી જઈ શકે છે (મોટેલ=રાતવાસો રહી શકાય અને મોટર સાચવી શકાય તેવી હૉટેલ). પરિણામે અત્યારે મળતા આંકડા મુજબ દર પાંચ પરણતી કન્યાઓમાંની એક લગ્નને દિવસે સગર્ભા હોય છે!' દર પાંચે એક ન હોય પણ દર દસે એક હોય તો પણ સુખી કુટુંબજીવન શરૂ કરવા માટે કેવી અશુભ શરૂઆત!

ધાર્મિક પત્રો ઉપદેશ આપે છે કે 'તમારાં બાળકોને કામ આપો. ઘાસ કાપવું, ભોજન માટે ટેબલ ગોઠવવું, રકાબી-પ્યાલા ધોવા, કચરો વાળી ડબ્બે નાખવા જવો, પથારી પાથરવી, ઘરમાં સફાઈ કરવી વગેરે કામ તેમની પાસેથી લો. તેમને સમજણ પાડો કે આ બધાં જરૂરી કામ છે અને બાળકો કામ કરે તો માતાપિતાને મદદ થાય છે વગેરે.'

આપણા સમાજની તંદુરસ્તીનાં મૂળ માબાપ બાળકો પાસે ઘરનાં નાનાંનાનાં કામ કરાવે છે તેમાં રહેલાં છે. કેવી સીધી સમજ!

ધનધાન્યથી ભરેલા દેશમાં એશઆરામની તકો ઘણી હોવાથી અનીતિ તરફ લપસી જવાનો સંભવ ઘણો રહે. સમાજની સરેરાશ તન્દુરસ્તીની નિશાની એ છે કે જેમ આવા સંભવો વધુ ઊભા થાય તેમ તેને રોકવા માટેનાં પરિબળો પણ સમાજમાંથી જ આપમેળે ઊભાં થતાં રહે. આવાં પરિબળો પણ અહીં ઘણાં છે તે ઉપરના અવેઈક પત્રના ઉદાહરણ ઉપરથી જોઈ શકાશે.

બાળકો અને યુવાનોને યોગ્ય આદર્શ ન મળે તો તેમની સર્જનાત્મક વૃત્તિ વિચિત્ર રસ્તા લે છે તેનો એક હસવા જેવો નમૂનો અહીં આપું:

'હમણાં હમણાં અમેરિકાની યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં નવો વા વાયો છે. શાવર બાથ (ફુવારા નીચે સ્નાન) કોણ કેટલા વખત લઈ શકે છે તેની શરત થાય છે. સ્પ્રિંગફીલ્ડની અમેરિકન ઇન્ટરનૅશનલ કૉલેજના વિદ્યાર્થી સ્ટીવન શેરે આ શરૂ કર્યું. તેણે સતત ૧૫ કલાક ને ૪૧ મિનિટ શાવર નીચે નાહીને વિક્રમ સ્થાપ્યો. પછી તો ચાલ્યું. યુનિવર્સિટી ઑાવ કેન્ટકીના બૉબ પેમ્બર્ટને ૧૬ કલાક શાવર લઇને તે વિક્રમ તોડ્યો. પણ કેન્ટકીનો આ વિક્રમ લાંબો વખત ન ચાલ્યો ને યેલના એક વિદ્યાર્થીએ ૧૮ કલાક પાણી-છાંટણાં લઇને તે માન યેલને અપાવ્યું. પણ કેન્ટકી યુનિવર્સિટી એમ કંઈ નમતું આપે? ત્યાંના ૧૮ વર્ષના પ્રથમ વર્ષમાં ભણતા લૅરી ડનહામે ૨૪ કલાકનાં 'અમી-છાંટણાં' લઈ તે વિક્રમ ફરી કેન્ટકી આણ્યો. પછી તો પૅસિફિક કિનારા પરની યુનિવર્સિટીઓએ આ ચૅલેન્જ ઉપાડી લીધી. અમારી નજીકની મૉસ્કોની યુનિવર્સિટી ઑાવ આઈડાહોનો વિદ્યાર્થી ક્રિસ ટર્કિંગ્ટન સાડી પચ્ચીસ કલાક શાવર નીચે રહ્યો! યુનિવર્સિટીના સત્તાવાળાઓ પાણીના મીટર સામે જોયા જ કરતા હશે ત્યાં તો કૅલિફોર્નિયા યુનિવર્સિટીથી સમાચાર આવ્યા કે ત્યાંના ઈન્ટરના એક વિદ્યાર્થીએ ૩૩ કલાક ૩૩ મિનિટ ને ૩૩ સેકન્ડ શાવર બાથ લેવાનું પરાક્રમ કર્યું છે! અત્યારે છેવટનો વિક્રમ મિશિગન યુનિવર્સિટીના ગ્રેગ મૉર્ગનનો ૩૪ કલાક ૨૪ મિનિટ અને ૩૬ સેકન્ડનો છે! તે જ્યારે બાથરૂમમાંથી બહાર નીકળ્યો ત્યારે તેને પૂછવામાં આવ્યું કે આ પરાક્રમ તેણે શા માટે કર્યું? તેણે જવાબ આપ્યો: 'એ તો ડુંગર ચડવા (માઉન્ટનીઅરિંગ) જેવું છે. ડુંગર છે માટે તેની ઉપર ચડ્યો. (હિમાલય હતો તેથી તેનસિંગ તેની ઉપર ચડ્યો!) તેમ બાથ રૂમમાં શાવર હતો એટલે મેં શાવર બાથ લીધો!'

—લિ. કાકાના આશિષ

અનુસંધાન] **લોહીનું એક બિંદુ** [પૃષ્ઠ ૧૭થી

હોઈ, ડૉક્ટરની ઇચ્છા ન હોવા છતાં, ગળા પર વધુકું વજન આવતાં કંચનલાલ મૃત્યુ પામ્યા. ડૉક્ટર શેઠની પિસ્તોલ અને તિજોરીમાંના પૈસા લઈ ચાલ્યા ગયા. અલબત્ત, ચોકીદારોને તેણે સારી એવી રકમ આપી હતી. આમ, લોહીનો નાનો એવો ડાઘ સામાન્ય નજરે કુદરતી જણાતા એવા મોત પાછળની ખરી હકીકતો પ્રત્યે દોરી ગયો.

લોહીના આ પરીક્ષણ વિષે હવે પછી વિગતે જોઈશું. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રી અનંત કાણેકર આજના મરાઠી સાહિત્યકારોમાં આગળપડતું સ્થાન ધરાવે છે. કાવ્ય, નવલિકા, નિબંધ, નાટક, પ્રવાસ—એમ અનેકમુખી એમની સાહિત્યપ્રવૃત્તિએ મરાઠી ભાષામાં અસામાન્ય લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. પણ એમની પ્રતિભાનો ખરો વિલાસ તો એમના નિબંધોમાં નજરે પડે છે. માનવસ્વભાવનું સૂક્ષ્મ અવલોકન, સાદા અનુભવોમાંથી નવાં તત્ત્વો શોધવાનું કૌશલ્ય, અત્યંત સ્વતંત્ર તેમજ પ્રગતિશીલ વિચારો ને વેધક કટાક્ષ એ એના વિશિષ્ટ ગુણો છે. મરાઠી ભાષામાં નિબંધલેખક તો ઘણા છે, પણ એમના નિબંધોમાં કલાનો પ્રકર્ષ એટલો બધો હોય છે કે નિબંધ તો શ્રી કાણેકરનાં જ એવો અભિપ્રાય બધે સ્વીકારાયો છે.

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના (૨૦૫મા) અંકમાં પ્રકટ થએલો 'અજ્ઞાનનો આનંદ' નામક એમનો એક નિબંધ આ નીચે ઉતાર્યો છે, જેમાં, માણસને કેટલીક વાર જ્ઞાન કરતાં અજ્ઞાન વધારે પથ્યકર નીવડે છે એ માનવસ્વભાવની વિચિત્રતા પર એમણે નર્મ કર્યો છે:

"જ્ઞાનની મહત્તા ગાતા લોકોને મારે એક જ વાત કહેવાની છે કે 'ભાઇઓ, કેટલીક વાર જ્ઞાન કરતાં અજ્ઞાનમાં વધારે મઝા હોય છે.' ઘણી વાર મને આ વાતનો અનુભવ થયો છે. એક વાર મેં ત્રણ રૂપિયામાં એક ટોપી ખરીદી ને ખૂબ સસ્તામાં સારી ટોપી મેળવ્યાના આનંદમાં હું હતો. એટલામાં હાથમાં પૅકેટ લઈ મારો એક દોસ્ત આવ્યો. એને વટથી મારી નવી ટોપી બતાવતાં મેં કહ્યુ: 'ત્રણ રૂપિયામાં કેવી ફક્કડ ટોપી લીધી છે, જો તો ખરો રાજ્જા!'

'શું ખરેખર તેં આના ત્રણ રૂપિયા આપ્યા?'

'એટલે? આવી ટોપી ત્રણ રૂપિયામાં લાવી તો આપ!'

'અરે ભાઈ, આ જોને તદ્દન એવી જ ટોપી હું બે રૂપિયામાં લઇને ચાલ્યો આવું છું!' હાથમાંનું પૅકેટ ખોલી એમાંની ટોપી બતાવતાં એણે મને કહ્યુ, 'જો, આ રહ્યુ બિલ.'

મારો ચહેરો જોવા જેવો થઈ ગયો. ગુસ્સે થઇને હું બરાડ્યો: 'મળી હશે તને બે રૂપિયામાં; પણ એ વાત મને કરવાથી તને શું મળ્યું? મારા આનંદનો તો નાશ થઈ ગયો. એમાં તારા હાથમાં શું આવ્યું?'

હું જોકે છેતરાયો હતો, પરંતુ તે વિષેના શુદ્ધ અજ્ઞાનના મધુર આનંદમાં હું હતો; પણ આ ભાઈબંધે વગર કારણે મને સજ્ઞાન અને સાથે દુ:ખી કર્યો. ત્યાર પછી જ્યારેજ્યારે હું એ ટોપી તરફ જોતો ત્યારેત્યારે મને દુ:ખનો ઊભરો આવતો અને પાણીમાં ગએલો રૂપિયો સાંભરતો. જોકે, આમ તો મારા કેટલા યે રૂપિયા આજ સુધી કેટલી યે વાર ગયા હશે; પણ દુ:ખ એ રૂપિયા ગયાનું નથી, એ ગયાના જ્ઞાનનું છે. એ ભલે જાય, પણ એનું જ્ઞાન ન થવું જોઇએ. મને લાગે છે કે ઑથેલોના પણ એવા જ કંઈ શબ્દો છે: 'ચોરી થાય તેનો વાંધો નહિ, પણ જેને ત્યાં એ થઈ હોય એને ખબર ન પડે તો ઠીક!' ખરું જ છે, શી જરૂર છે એના જ્ઞાનની? તેના કરતાં અજ્ઞાન સારું!

એક વિખ્યાત નવલકથાકારનું એવું માનવું છે કે કડવા અનુભવોનું અથવા દુ:ખદાયક બનાવોનું માણસને પૂરું જ્ઞાન હોવું જોઈએ. એ નવલકથાકારે કેટલીક સુંદર નવલકથાઓ લખી છે, અને દરેક નવલકથામાં તેણે માનવજીવનની અત્યંત દુ:ખદાયક અને શોકકારી બાજુ વર્ણવી છે. એનું લખાણ વાંચી મનુષ્ય નિરાશ, અસહાય થઈ જાય છે. એ નવલકથાકારને એક વાર કોઇએ પૂછ્યું: 'મનુષ્યજીવનના આવા કૃષ્ણ પ્રસંગો જ તમે હમેશાં કેમ ચીતરો છો?' ત્યારે તે બોલ્યો: 'આવા ભયંકર બનાવોનું માણસને પૂર્ણ જ્ઞાન મળે તો એવા પ્રસંગ એના જીવનમાં આવે ત્યારે એમની સામે ઝૂઝી શકવાનું બળ એને મળે; એનું મન એવા પ્રસંગો માટે તૈયાર બની રહે.'

એ મહાન લેખકને એક વાત કહેવાનું મન થાય છે. એક દોઢડાહ્યા માણસને હું ઓળખું છું. ભવિષ્યમાં કોઈ વાર ખૂબ ઊંચેથી પોતે નીચે પડી જાય તો માથું ફૂટી જાય અને તેથી મૃત્યુ નીપજે એ ભયે રોજ કલાક બે કલાક એ પોતાનું માથું દીવાલ સાથે પછાડે છે! એ બુદ્ધિશાળી પુરુષ ઘણું કરીને પેલા નવલકથાકારનો પ્રામાણિક અનુયાયી હોવો જોઈએ!

કોઈ વાર અજ્ઞાન કેટલું પથ્યકર હોઈ શકે એ વિષે એક રમૂજી વાત છે. બે મિત્રો હતા. તેમાંનો એક હતો ખૂબ જાડો, બેડોળ ને પ્રમાણહીન. એના દોસ્તે એક દિવસ એને કહ્યુ: 'તું તો હિપોપૉટૅમસ જેવો છે.'


'ખરેખર?' એણે પ્રશ્ન કર્યો. એને થયું કે હિપોપૉટૅમસ એ ભર્યાભર્યા અંગ્રેજી શબ્દનો અર્થ પણ કોઈ 'મોટા વિદ્વાન' કે 'મહાપુરુષ' કે એવો જ કાંઈક થતો હશે!



તે દિવસથી પેલા જાડા ભાઈ પોતાના એ દોસ્ત પર હદ ઉપરાંત ખુશ રહેવા લાગ્યા. સાત આઠ વરસ પછી એ એક પ્રાણીસંગ્રહાલય જોવા ગયો હતો ત્યારે એણે સંગ્રહાલયના એક ભાગમાં એક મોટું બેડોળ પ્રાણી જોયું. આવું પ્રાણી તે વળી કયું હશે એ જાણવાની ઉત્સુકતાથી બહાર લગાડેલું એનું પાટિયું વાંચ્યું તો નામ નજરે પડ્યું: 'હિપોપૉટૅમસ!'

'ઓત્તારીની'! ગુસ્સાથી લાલચોળ થઈ તે બોલ્યો અને ત્યાંથી નીકળી સીધો ગયો પોતાના મિત્રને ત્યાં. 'બદમાશ!' પોતાના દોસ્તને ઉદ્દેશી તે બોલ્યો: 'હિપોપૉટૅમસ શું એ મેં આજે પ્રાણીસંગ્રહાલયમાં જોયું! આજથી આપણી દોસ્તી ખલાસ!' શો જ્ઞાનનો ઉપયોગ?

વારુ; પણ જે બધું જ્ઞાન 'જ્ઞાન' કહેવાય છે તે યે ક્યાં ત્રિકાલાબાધિત હોય છે? ગઈ કાલનું જ્ઞાન એ આજનું અજ્ઞાન ગણાય છે. ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો જગવિખ્યાત સિદ્ધાંત જ લો ને! છેક હમણાં સુધી જાણે મને એમ લાગતું કે એનાથી પર એવું કોઈ સત્ય હોઈ જ ન શકે; અને આજે સાંભળું છું કે ન્યૂટનનો સિદ્ધાંત ખોટો છે એવું આઇન્સ્ટાઇને બતાવી આપ્યું છે! પહેલાંના શાસ્ત્રજ્ઞો કહેતા કે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ફરે છે; આજના શાસ્ત્રજ્ઞો કહે છે કે સૂર્ય સ્થિર છે અને પૃથ્વી જ ફરે છે. અને હું તો ખાતરીથી કહું છું કે મારા દીકરાનો દીકરો અથવા એનો દીકરો મને કહેશે કે 'દાદા, પૃથ્વી નથી ફરતી અને સૂર્ય પણ નથી ફરતો, આપણે માણસો જ આડાઅવળા ફરીએ છીએ!'



ઝીણી નજર જો નાખું કુદરતના કારીગર પર;
તો આસમાન આખું ઈન્સાનની કમર પર!
કોણે કહ્યું કે ધરતી ચંપાઈ માનવીથી?
ઊલટું, વજન ધરાનું ઈન્સાનની કમર પર!
—કરસનદાસ માણેક

ભારતનાં પ્રથમ સ્ત્રી-વડા પ્રધાન ઇંદિરા ગાંધી


પંડિત નેહરુના અવસાન પછી વડા પ્રધાનપદે શાસ્ત્રીજી આવ્યા ત્યારે ભારતીય રાજકારણમાં એક નવો યુગ આરંભાયાનું રાષ્ટ્રપતિએ કહેલું. દોઢેક વર્ષ પછી આજે રાજકીય ક્ષેત્રે ફરી એક નવો વળાંક લીધો છે. ભારતના વડા પ્રધાનપદે સ્વ. શાસ્ત્રીજીની નિયુક્તિ એ જેમ દેશની આમ જનતાના એક સાચા પ્રતિનિધિની દેશની નિષ્પક્ષ લોકશાહીએ કરેલી કદર હતી તો એમના પછી ચૂંટાઈ આવેલાં નવા વડા પ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધીની નિયુક્તિ એ આપણી લોકશાહીમાં સ્ત્રીઓના સમાન દરજ્જાના સ્વીકારની દ્યોતક છે, અને કદાચ ઉચ્ચ રાજકારણમાં પ્રવેશતા નવા લોહીને આવકારવા બરાબર પણ કહી શકાય.

શ્રીમતી ઇંદિરા ગાંધીનો જન્મ ૧૯મી નવેમ્બરે ૧૯૧૭માં થએલો અને એ રીતે અગાઉના બંને વડા પ્રધાનો કરતાં તેઓ નાની વયે આ પદ પર પહોંચ્યાં છે. આ જ રીતે ઍની બેસંટ, સરોજિની નાયડુ અને નીલી સેનગુપ્તા પછી તેઓ કૉંગ્રેસનાં ચોથા સ્ત્રીપ્રમુખ તરીકે ઈ. ૧૯૫૯ના ફેબ્રુઆરીના નાગપુર કૉંગ્રેસના પ્રમુખપદે આવ્યાં ત્યારે સુભાષચંદ્ર બોઝ અને પં. નેહરુ પછી નાની ઉમરનાં ત્રીજાં પ્રમુખ હતાં. અને ભારતના વડા પ્રધાનપદે તેઓ બે મહાન પુરોગામીઓ પછી ત્રીજાં જ અને પ્રથમ સ્ત્રી-વડા પ્રધાન છે. બબ્બે સદીઓની પરદેશી હકૂમત નીચે રહેલા અને જેને સ્વતંત્ર થયાને હજી પૂરા બે દાયકા પણ નથી થયા એવા ભારતની લોકશાહીમાં બીજા વડા પ્રધાન તરીકે આમ પ્રજાનો એક સાચો હમદર્દ આવે અને ત્રીજા વડા પ્રધાનપદે એક સ્ત્રી આવે એ આપણી લોકશાહીનું એક ઉજ્જ્વળ પાસું દર્શાવે છે.

ઇંદિરા પ્રિયદર્શિની એ એમનું પૂરું નામ. કૉંગ્રેસની કલકત્તા બેઠકમાં પ્રથમ સ્ત્રીપ્રમુખ તરીકે ઍની બેસંટ આવ્યાં એ જ વર્ષ ૧૯૧૭માં એમનો જન્મ થયો. એમનાં માતાપિતા, કુટુંબકથા ને ઉગ્ર રાજકીય ચળવળોના વાતાવરણમાં વીતેલું એમનું બાળપણ વગેરેની વિગતો તો બહુ જાણીતી છે. માતાપિતાના વારંવારના જેલવાસને લીધે એમનો બાલ્યકાળ કંઈક જુદી જ રીતે વીત્યો. અભ્યાસ અર્થે સ્વિટ્ઝર્લૅન્ડ, ઑક્સફર્ડ અને શાંતિનિકેતનમાં એમને રહેવું પડેલું. દેશસેવાનો વારસો તો બહુ ઓછાંને મળે એવો ને એ રીતે એમને મળેલો છે.



બાર વર્ષની વયે અસહકારની લડતમાં એમણે 'વાનરસેનાનું' નેતૃત્વ કર્યું. પૂનાના અભ્યાસકાળ દરમિયાન હરિજનો વચ્ચે રહીને એમણે સમાજકલ્યાણની પ્રવૃત્તિ આરંભી. ૧૯૩૮માં કોંગ્રેસમાં જોડાઈને તેમાં સક્રિય ભાગ લેવા લાગ્યાં. ૧૯૪૨માં શ્રી ફિરોઝ ગાંધી સાથે એમનાં લગ્ન થયાં, અને એ જ વર્ષે આઝાદીની ચળવળમાં ભાગ લેવા બદલ જેલવાસ



તારા-પરિચય—૧

આકાશમાં દેખાતા સંખ્યાતીત તારાઓમાં કેટલાક એમના સ્થાનને લીધે અને અમુક પોતાના તેજને કારણે તુરત ધ્યાન ખેંચે છે. એને આધારે કેટલાક મુખ્ય તારામંડળોનો આપણે અહીં પ્રાથમિક પરિચય કરીશું.

ઉપર આપેલા નકશાને તેની ચોપાસ લખેલી દિશામાં માથા પર ધરીને જોતાં એમાં દર્શાવેલા તારા આકાશમાં ખોળી શકાશે.

રાત્રે અગિયારેક વાગ્યે ઉપર મધ્ય આકાશમાં જોશો તો અહીં નકશામાં બતાવ્યા મુજબનું એક તારામંડળ દેખાશે. આકાશમાં બહુ જલદી ઓળખી શકાય એવું એ છે. એ મૃગમંડળ છે. એનું એક નામ 'ભરત' પણ છે. અંગ્રેજીમાં એને Orion–શિકારી કહે છે. ગામડામાં એ હરણું કે હરણી નામે ઓળખાય છે. એના ચાર ખૂણાના ચાર તારા તે પગ, ઉત્તર તરફ આગલા બે વચ્ચે મૃગશીર્ષ અને પાછલા બે પગ વચ્ચે કંઈક પેટાળમાં દેખાતું તારાગુચ્છ તે મૃગપુચ્છ. મૃગશીર્ષ નક્ષત્ર છે. મૃગમંડળનો ઈશાન તરફનો રતાશ પડતો તારો તે આર્દ્રા. (અં. Betelgeuse) અને મૃગના પાછલા બે પગમાંનો નૈઋત્ય તરફનો નીલરંગી તેજસ્વી તારો તે બાણરજ (અં. Rigel).

મૃગના પેટ પર દેખાતા ત્રણ તારાની એક સીધી હાર તે બાણ છે. એને અગ્નિ તરફ લંબાવો તો થોડે દૂર એક બહુ તેજસ્વી તારો દેખાશે. મૃગને બાણ મારનાર એ 'વ્યાધ'(અં. Sirius) છે. ક્રમશઃ આપણે એમનો વિગતે પરિચય કરીશું.

આજકાલ આર્દ્રાથી ઉત્તર તરફ એક બીજો સ્થિર તેજસ્વી તારો પણ દેખાય છે. એ છે ગુરુ. સૂર્યના પરિવારનો એ સૌથી મોટો ગ્રહ. આ ગુરુની ચાલ બરાબર જોતા રહેજો. ધીરે-ધીરે એ ખસતો જાય છે.

મૃગપુચ્છમાં પ્રચંડ નિહારિકાઓ છે. એનો પરિચય પૃ. ૩૫મે આપ્યો છે.



માતા કમલા નેહરુની ગોદમાં બાળ ઇંદિરા



૧૯૨૪માં ગાંધીજીએ ૨૧ દિવસના ઉપવાસ પૂરા કર્યાની બે કલાક અગાઉ



બાળપણમાં પિતા સાથે

(નીચે) નેહરુ પરિવાર



પણ ભોગવ્યો. '૪૭માં ગાંધીજીની સાથે રહી દિલ્હીના તોફાનગ્રસ્ત વિસ્તારોમાં શાંતિકાર્ય કર્યું.' ૫૫માં કોંગ્રેસ કારોબારીમાં ચૂંટાયાં ને સેન્ટ્રલ એડ્યુકેશન બોર્ડનાં સભ્ય બન્યાં. કોંગ્રેસના મહિલા વિભાગનું પ્રમુખપદ પણ એમણે લીધું.

આ બધી ગંજાવર પ્રવૃત્તિઓ ઉપરાંત, દેશસેવાની કાયમી ગડમથલમાં પડેલા અને પછી દેશનું સુકાન સંભાળી રહેલા પિતાની સારસંભાળ અને એમના ગૃહનો બધો ભાર પણ એમણે જ ઉપાડી લીધો હતો. સાથોસાથ સ્ત્રીઓ અને બાળકોને લગતી પ્રવૃત્તિઓમાં પણ ઊંડો સક્રિય રસ લેતાં. દેશનાં અપંગ અને અનાથ બાળકોને કંઈ ને કંઈ હુન્નરઉદ્યોગ શીખવી સ્વાવલંબી ને સ્વમાનથી રોજી મેળવી લેવા જેટલી તૈયારી કરાવી આપનાર દિલ્હીની 'બાલ-સહયોગ' નામક પ્રવૃત્તિ પણ એમની જ મૂક મહેનતનું ફળ છે. અલ્લાહાબાદમાં સ્ત્રીઓ ને બાળકોને આશીર્વાદ સમી સંસ્થા 'કમલા નેહરુ વિદ્યાલય' પણ એમણે સ્થાપી છે. આ બધી સંસ્થાઓ અને દેશભરમાં પથરાએલાં બાલભવન કેન્દ્રોનાં તેઓ પ્રમુખ છે. બાળકલ્યાણ માટેની ભારતીય સમિતિનાં અધ્યક્ષ અને આંતરરાષ્ટ્રીય બાળકલ્યાણ સંઘનાં તેઓ ઉપાધ્યક્ષ છે.

મધ્યવર્તી સમાજકલ્યાણ મંડળ સાથે અને અખિલ ભારત હસ્તઉદ્યોગ મંડળના કાર્ય સાથે પણ તેઓ ગાઢ રીતે સંકળાએલાં છે. અનેક સખાવતી અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં તેઓ



બાળપણમાં



૧૯૩૫માં



ઝૂરિચમાં હતાં ત્યારે



વાનરસેનાના ગણવેશમાં – માતાપિતા સાથે




માતાપિતા સાથે સીલોનની સફર વેળા

વાલી-સભ્ય છે. સ્વરાજભવન ટ્રસ્ટ, ચિલ્ડ્રન્સ નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ અને કમલા નેહરુ મેમોરીઅલ ઑસ્પિટલના વહીવટમાં પણ તેઓ ગાઢ રીતે સંકળાએલાં છે. રાષ્ટ્રીય એકીકરણ સમિતિનાં અધ્યક્ષ હોવા ઉપરાંત યુનેસ્કો નિયામક મંડળનાં પણ સભ્ય પણ રહી ચૂક્યાં છે. ચીની આક્રમણ વખતે દેશને માટે લડતા જવાનોના કલ્યાણ અને વિવિધ સેવાઓ માટે પણ એમણે કાર્ય કરેલું. કેન્દ્રીય નાગરિક સમિતિનાં અધ્યક્ષ તરીકે એમણે રાષ્ટ્રીય સંરક્ષણ પ્રયાસોને ખૂબ વેગ આપ્યો હતો. શાસ્ત્રીજીના પ્રધાનમંડળમાં તેઓ માહિતી અને પ્રસારણ ખાતું સંભાળતાં હતાં.

સ્વભાવે ધીર, ઉદાર અને માયાળુ હોઈ એમની અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ એમને સહેલાઈથી મળી શકાય છે. પક્ષીનિરીક્ષણ, પર્વતારોહણ, વાચન, તરવું અને શિયાળુ રમતગમતોની પ્રવૃત્તિઓમાં એમને રસ છે. હિંદી, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષા પર એમને સારો કાબૂ છે. જર્મન અને તામિલ પણ તેઓ સમજી શકે છે.

નાનપણથી જ કોંગ્રેસની સઘળી બાબતોથી શ્રીમતી ઇંદિરા પરિ-





પ્રથમ પુત્ર સાથે

શ્રી ફિરોઝ ગાંધી સાથે લગ્ન સમયે

ચિત છે એટલું જ નહિ, મુખ્ય મુખ્ય કૉંગ્રેસી કાર્યકરો સાથે એમને ઘનિષ્ટ પરિચય પણ હોઈ કૉંગ્રેસનું સમગ્ર સંગઠન એમને માટે તો એક મોટા પરિવાર સમું બની ગએલું છે. પિતાની સાથે એમણે દેશ-વિદેશના પ્રવાસો ખેડી દુનિયાના ઘણાખરા દેશો અને પોતપોતાનાં ધ્યેય માટેની તેમની પદ્ધતિ એમણે નજરે જોએલી છે. આફ્રિકાના સંખ્યાબંધ દેશોના શુભેચ્છા-પ્રવાસ પણ એમણે ખેડ્યા છે. આથી જગતના રાજકારણ સાથે સંકળાએલી લગભગ દરેક મુખ્ય વ્યક્તિઓનો એમને પરિચય છે. એટલે આજે એમના પર આવેલી જવાબદારી જરા યે નાનીસૂની ન હોવા છતાં આપણે આશા રાખી શકીએ કે દેશનું સુકાન સંભાળવામાં એમને મુશ્કેલી નહિ લાગે.

એમના બે પુત્ર સંજીવ અને રાજીવમાંથી ૧૯ વર્ષના સંજીવ ક્રીવમાં રૉલ્સ રૉઈસ ફેક્ટરીમાં મિકેનિકલ એન્જિનીઅરિંગનો અભ્યાસ કરી રહ્યા છે. એક ફ્લૅટમાં બે અન્ય વિદ્યાર્થીઓ સાથે એ રહે છે અને પોતાની રસોઈ જાતે જ બનાવી લે છે.

અવધાન - જૂન - તા. ૩૫-૧૦-'૮૪

અનુસંધાન] **લાલબહાદુર શાસ્ત્રી** [પૃષ્ઠ ૧૧થી

જીવનની અનેક પ્રતિકૂળતાઓ અને કઠણાઈઓ પાર કરી આજનો યુવાન દેશની લોકશાહીમાં નિષ્કપટ રહીને પણ ધારે તો શું શું સિદ્ધ કરી શકે એનું એક પ્રબળ ને પ્રેરણાદાયી ઉદાહરણ એમણે પૂરું પાડ્યું. રાજકાજની ચડસાચડસી ને હોંસાતોંસીથી સદા દૂર રહીને એમણે શાંત, વિવેકપૂર્ણ અને નિર્ધારિત મક્કમતાથી, ચિત્તને સ્વસ્થ તથા વિચારધારાને સ્વચ્છ રાખીને ઝંઝાવાતો સામે ખડક જેવી અડગતા દર્શાવી પોતાનું અને દેશનું શિર સદા ઉન્નત ટકાવી રાખ્યું.

દેશ અને દેશની પ્રજા સામે એમણે અંગત કોઈ બાબતને મહત્ત્વ આપ્યું નહોતું. પોતાનાં કુટુંબીઓ કે પુત્રોને કોઈ મહત્ત્વના સ્થાને એમણે ગોઠવી દીધાં નથી. નથી એમણે પોતાના ભાવિની ચિંતા રાખી, નથી એમણે બેંકમાં પૈસા જમા કરાવ્યા, નથી એમણે રહેવા ઘર બંધાવ્યું. સાહ્યબીનો એમણે કદી મોહ રાખ્યો નથી. એમનું ધ્યેય, એમનો રસ, એમની ફરજ, એમનું કાર્ય, એમની વિચારધારા, એમનું કૌશલ—એમનું જે કંઈ હતું તે બધું દેશ અને દેશની આમજનતા માટે હતું. વિચારભેદ હોવા છતાં એમને કોઈ સાથે વિખવાદ નહોતો. એમનામાં નેહરુની આદર્શપ્રિયતા હતી, સરદાર વલ્લભભાઈની વ્યવહારદક્ષતા હતી, લાલા લજપતરાય અને ગાંધીજીની સેવાવૃત્તિ હતી. સંયમ અને શિસ્તથી પોતાના કાર્યમાં સદા રત રહી એમણે પોતાનો ધર્મ બજાવ્યે રાખ્યો, અને એ રીતે કાર્ય કરતાંકરતાં જ તેઓ મૃત્યુને ભેટ્યા. હાથ કરેલું કાર્ય પૂરું કરવાની એમની ચીવટ જીવનના અંત સુધી જળવાઈ રહી.

કાશ્મીર પર આક્રમણ કરીને પાકિસ્તાને સર્જેલી કટોકટી સામે મક્કમ રહી, ચીની આક્રમણ ટાણે દેશને લાગેલા લાંછનને એમણે ભૂંસી નાખ્યું એટલું જ નહિ, પણ ધારે તો એથી યે વિશેષ બોધપાઠ તેઓ પાકિસ્તાનને ભણાવી શકે તેવી સબળ સ્થિતિમાં યે દેશના અત્યુત્સાહને કાબૂમાં રાખી એમણે ભારતની શાંતિપ્રિયતાની જગતભરમાં ગૌરવભરી છાપ પાડી આપી. તાશ્કંદ મંત્રણાના મેજ પર એમણે જે નીતિમત્તા ને પટુતાથી સિદ્ધિ હાંસિલ કરી છે એનાથી તો એમની ઉજ્જ્વલ કીર્તિ પર છોગું ચડી ગયું છે. રાષ્ટ્રપતિએ એમને 'ભારતરત્ન' બનાવ્યા છે અને એ સાચા અર્થમાં ભારતરત્ન જ હતા.



મૃગની વાયુરૂપ શ્વેત નિહારિકા – 'મે-૪૨'



'અશ્વશીર્ષ' – મૃગની શ્યામ નિહારિકા

નિહારિકા

ધારો કે આપણે રાત્રે બંદર નજીક પહોંચવા આવેલા જહાજમાં છીએ. દૂર બંદરની બત્તીઓ ઝબકી રહી છે. આપણી આસપાસની જહાજની બત્તીઓ પણ આપણે જોઇએ છીએ. આકાશદર્શનમાં પણ કંઈક આવું જ છે. બંદરની બત્તીઓ એ આકાશગંગાના તારાઓ ને જહાજની બત્તીઓ તે આપણા સૂર્યમંડળનો વિસ્તાર કલ્પી શકાય. દૂર બંદર પરના લોકો આપણા જહાજની બત્તીઓને એક ગુચ્છ માત્ર, સૂર્યપરિવારરૂપે જ જુએ છે; સાથોસાથ પોતાની આસપાસની બત્તીઓ પણ ખરી જ. જહાજ હવે બંદર પર પહોંચે છે ત્યારે એની બત્તીઓ પણ બંદરની બત્તીઓમાં ભળી જાય છે. જેમ સૂર્યમંડળ આકાશગંગામાં ભળી ગએલું છે તેમ. હકીકતે, એ આકાશગંગાનો—આપણાં તારાવિશ્વનો જ અમુક નાનકડો ભાગ માત્ર છે.

આજે તારાવિશ્વમાં આપણું સૂર્યમંડળ આવેલું છે તેના લગભગ ૨૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (બસો અબજ) તારાઓમાં આપણો સૂર્ય એ તો એક નાનકડો તારક છે. આપણા તારાવિશ્વનો આકાર વચ્ચેથી વધુ પહોળા ચપટા ચક્ર જેવો છે. લગભગ એકથી બે લાખ પ્રકાશ વર્ષ (એક પ્રકાશ વર્ષ=લગભગ ૫૮,૮૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ) જેટલો એનો વ્યાસ અને મધ્યમાં ૧૦,૦૦૦થી ૨૦,૦૦૦ પ્રકાશવર્ષની એની જાડાઈ છે. આપણને આકાશમાં દેખાતા તારાઓ એ એનો પરિવાર છે. આપણા સૂર્ય-પરિવાર જેવા તો એમાં સંખ્યાબંધ પરિવારો છે.

આ બધાની વચ્ચે, ને ક્યાંક તો એની યે પાર, ક્વચિત્ નરી આંખે ને ક્યાંક દૂરબીન વડે જોતાં પ્રકાશનાં ધાબાં પણ દેખાય છે. આ જ રીતે કેટલાંક કાળાં ધાબાં પણ દેખાય છે હકીકતે ત્યાં તારા વિનાનો તદ્દન અવકાશ નથી, પણ એ એક પ્રકારનું વાયુરૂપ નડતર છે. એની પારના તારાઓને જોવામાં એ આપણને નડે છે. પેલા તેજસ્વી વાદળગોટા ને આ કાળા વાદળગોટા એ નિહારિકાઓ છે. અંગ્રેજીમાં એને નેબ્યુલા—Nebulae(વાદળ માટેના લૅટિન શબ્દ પરથી) કહે છે.

ઝળકતી નિહારિકાઓ કોઈ તેજસ્વી તારાઓની નજીકમાં જોવા મળે છે. તારાઓમાંથી ફેંકાતાં પ્રકાશકિરણોથી એ નિહારિકાઓનું વાયુસ્વરૂપ પ્રકાશી ઊઠે છે. વધુમાં વધુ તેજસ્વી નિહારિકા વધુમાં વધુ ગરમ તારાની પાસે દેખાય છે. ઓછા ઉષ્ણતામાનવાળા તારાઓ નિહારિકાને પ્રકાશિત કરી શકતા નથી. પણ નિહારિકાના સ્વરૂપને લીધે વિખરાઈ ગએલો એનો પ્રકાશ પણ તેજની એક આભા સર્જે છે.

અતિ દૂરનાં તારાવિશ્વો પણ નિહારિકા જેવાં દેખાય છે. આપણું તારાવિશ્વ પણ એની બહાર જઈ જોતાં એટલા અંતરેથી કદાચ નિહારિકા જેવું લાગે. પણ નિહારિકાઓ તારાઓનાં વાદળ નહિ, પણ વાયુઓ કે રજનાં વાદળ છે. કેટલીક નિહારિકા આપણા જ તારાવિશ્વમાં છે. આમાંની કેટલીક નજીકની નિહારિકાઓમાં મૃગપુચ્છમાં દેખાતી શ્વેત નિહારિકા 'મે-૪૨' (M-42) એક અત્યંત તેજસ્વી નિહારિકા છે. વળી મૃગમાં એક શ્યામ નિહારિકા પણ છે. એના ઘોડાના માથા જેવા આકારને કારણે એને અશ્વશીર્ષ (horse-head) નિહારિકા કહે છે.

મૃગમંડળની આ શ્યામ નિહારિકા લગભગ ૧૦૦ પ્રકાશવર્ષના વિસ્તારમાં ફેલાએલી અને આપણાથી લગભગ ૧૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. નિ:શંક ત્યાં વિશ્વતોફાનો (cosmic storms) ચાલુ હશે. ઘટ્ટ બનતા જતા એના વાયુસ્વરૂપથી રચાતા એમાંના અનેક નવા ગરમ તારાઓ જોતાં ત્યાં એક નવું તારાવિશ્વ રચાઈ રહ્યું હોય તેમ લાગે છે. આ મહાપલટો પૃથ્વી પરથી જોતાં પરખી ન શકાય. જેમ જ્વાળામુખીમાંથી નીકળતા ભડભડતા વાદળગોટા પચાસેક માઇલ દૂરથી જોતાં સામાન્ય ધુમાડા જેવા લાગે એવું જ આમાં યે જણાય; પણ જો દર સો વર્ષે આ નિહારિકાનો એક ફોટોગ્રાફ લઇએ અને એવા એના એક હજાર ફોટો પાડીએ ને પછી એ બધા ફોટોને ક્રમ વાર જોડીને સિનેમાની ફિલ્મ પેઠે પરદા પર પાડીને જોઈએ તો એ નિહારિકા પરના પલટાને કંઈક પામી શકીએ. મૃગમંડળની આ નિહારિકાઓનાં ચિત્રો આ સાથે આપ્યાં છે. આકાર અને રચનાભેદે નિહારિકાના કેટલાક અન્ય પ્રકારો પણ છે જે આપણે પ્રસંગોપાત્ત જોઇશું.

વિજ્ઞાન સંશોધન માટેની ફેલોશિપ

કેન્દ્રીય શિક્ષણ ખાતાએ વિજ્ઞાનક્ષેત્રે સંશોધનકાર્ય હાથ ધરવા માટેની ફેલોશિપ સારુ અરજીઓ મંગાવી છે. હાલ તુરત માસિક રૂા. ૪૦૦૦-ની કુલ લગભગ ૮૦ જેટલી ફેલોશિપ આપવાની છે. તે ઉપરાંત સંશોધનકાર્ય માટે જરૂરી રસાયણો, સાધનો વગેરે માટે વર્ષે રૂા. ૧૦૦૦ પણ અપાશે. અરજીઓ માટેની છેલ્લી તારીખ ૨૮મી ફેબ્રુઆરી છે. ફેલોશિપ ત્રણ વર્ષના સમય માટેની છે અને ખાસ કેસોમાં તેની મુદ્દત પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવશે. અરજી માટેનાં ફોર્મ અને જરૂરી માહિતી 'યુનિયન મિનિસ્ટ્રી ઑાવ એડ્યુકેશન, સેકશન ટી – ૩, રૂમ નં ૪૯, 'એમ' બ્લૉક, નવી દિલ્હી' એ સરનામેથી મળી શકશે.

ટિકિટ-સંગ્રહ

ભારતની નવી ટપાલટિકિટો



આ વર્ષે ભારતના તાર-ટપાલ ખાતાએ કેટલીક ખાસ ટપાલટિકિટો બહાર પાડવાની જાહેરાત કરી છે તે અનુસાર ૨૪મી જાન્યુઆરીએ નવી દિલ્હીમાં મળનારી 'પ્રશાંત ક્ષેત્ર યાત્રા સંસ્થા'ની ૧૫મી બેઠક નિમિત્તે આગ્રાના સિકન્દ્રાના ચિત્રવાળી એક ખાસ ટપાલ-ટિકિટ અને ૨૬મી જાન્યુ.એ દેશ પરના પાકિસ્તાની આક્રમણને પાછું હઠાવવા માટે ભારતીય દળોએ દાખવેલા વીરત્વને બિરદાવતી 'જય જવાન'ના સૂત્રવાળી એક ખાસ ટિકિટ બહાર પડશે. ૯મી એપ્રિલે કંબન નામક એક મધ્યકાલીન તમ્મીળ કવિની યાદમાં; ૨૩મી એપ્રિલે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના વીર બાબુ કુંવરસિંહના માનમાં; ૯મી મેએ રાજકીય નેતા અને સમાજસુધારક ગોપાલકૃષ્ણ ગોખલેના માનમાં; ૧૫મીએ વિખ્યાત હિન્દી સાહિત્યકાર આચાર્ય મહાવીરપ્રસાદ દ્વીવેદીના માનમાં; જૂનમાં ૧૯મી સદીના આરંભકાળના પંજાબકેસરી મહારાજા રણજિતસિંહની યાદમાં, અને ૧લી સપ્ટેમ્બરે વન પશુ-પક્ષી સંરક્ષણ સપ્તાહ નિમિત્તે હરણના ચિત્રવાળી ખાસ ટિકિટ બહાર પડશે. ૧૧મી નવેમ્બરે ગાંધીજીના એક અગ્રગણ્ય સાથી મૌલાના અબુલકલામ આઝાદ અને ધર્મ ને સમાજ સુધારક સ્વામી રામતીર્થની યાદમાં પણ ટિકિટો બહાર પડવાની છે. પરિવાર નિયોજન અને લગ્ન-માર્ગદર્શન માટે મળનારા આંતરરાષ્ટ્રીય સંમેલન નિમિત્તે પણ એક ટિકિટ નવેમ્બર માસમાં અને આ જ વર્ષમાં ૧૫મી સદીના ગુજરાતી સંત-કવિ નરસિંહ મહેતાની યાદમાં પણ એક ટિકિટ બહાર પડવાની છે. વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના એકાએક અવસાનથી એમના માનમાં પણ એક ખાસ ટિકિટ બહાર પાડવાનું જાહેર થયું છે.



ઝાંઝિબારમાં ઇ. ૧૯૬૪ની ૧૨મી જાન્યુઆરીએ થએલી ઐતિહાસિક ક્રાંતિની બીજી જયંતી નિમિત્તે ઝાંઝિબારના પોસ્ટખાતાએ ચાર ખાસ ટપાલટિકિટો બહાર પાડી છે. એમાંની એક ટિકિટ પર મુક્તિદળના સૈનિકનું ચિત્ર છે. બાકીની ત્રણ ટિકિટો પર રંગફેર સાથે માલવાહક જહાજ, ટ્રૅક્ટર, કારખાનું અને પુસ્તક તથા મશાલનાં આલેખનો વડે ક્રાંતિ પછી ત્યાંના વેપાર, ખેતી, ઉદ્યોગ અને શિક્ષણના ક્ષેત્રમાં થએલા વિકાસનું સૂચન કર્યું છે. (પ્રેષક: ધનસુખલાલ આર. મહેતા, પો. બૉ. ૯૯૩, ઝાંઝિબાર.)

અને જાણો છો? ઈ.સ. ૧૮૪૦માં આ જ માસની ૧૦મી તારીખે ઈંગ્લંડમાં 'પેની-પોસ્ટ'નો આરંભ થયો હતો.

પશ્ચિમના તરુણ જગતમાં પોતાના અપ્તરંગી સંગીતથી તરખાટ મચાવી મૂકનાર બ્રિટનના 'બીટલ્સ' (ડાબી બાજુથી) પૉલ મૅક્કાર્ટની, જ્યૉર્જ હૅરિસન, જૉહ્ન લીનન અને રિંગો સ્ટારને રાણી ઇલિઝાબેથે 'ઑર્ડર ઑવ ધ બ્રિટિશ એમ્પાયર'ના ખિતાબથી નવાજ્યા છે, જે રૂઢિચુસ્ત બ્રિટનમાં મોટે ભાગે પીઢ પ્રશિષ્ટ ને લોકગૌરવ પામેલી વ્યક્તિઓને જ અપાતા આવ્યા છે, એ પરંપરામાં આવા વેશેવર્તને અલગારી ને વિચારે અપ્તરંગી તરુણોને થએલી આ નવાજિશ આશ્ચર્યજનક અપવાદ છે.

લંડનમાં અર્લ્સ કોર્ટમાં હમણાં એક નાનકડું ઔદ્યોગિક પ્રદર્શન યોજાયું હતું. ઉદ્યોગોના ક્ષેત્રમાં સમય અને ખર્ચ ઘટાડી ઉત્પાદન વધારનારી અવનવી ટૅક્નિકોની સાથે ફોટોગ્રાફી અને ટેલિવિઝનના ક્ષેત્રમાં થએલી છેલ્લામાં છેલ્લી શોધો આ પ્રદર્શનમાં રજૂ થઈ હતી. એમાં એક નવો જ 'ટેલિવિઝન કૅમેરો' પણ હતો. વીજળીક સંધાણો માટે છાપેલી સર્કિટ તથા એના બધા ભાગ જોડવા માટેની વિગતવાર સૂચનાઓ સાથેનો આ કૅમેરો ઘેર જાતેજ બનાવી શકાય એ રીતે તૈયાર કરવામાં આવ્યો છે.





આ માસ(જાન્યુ૦)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: લ્યૂઈ કૅરૉલ

ઈ. ૧૮૬૬ના ઉનાળામાં એક નમતા બપોરે, હોડીની સહેલગાહે નીકળેલી નાનકડી મંડળીમાં, ઑક્સફર્ડના ગણિતના એક વિદ્વાન પ્રોફેસરે એલીસ નામે



નાની બાળાનો કંટાળો ઉડાડવા એક મનોરંજક બાળકથા જોડી કાઢી. એક દોડતા સસલા પાછળ એલીસ તેના ભોણમાં પ્રવેશીને ત્યાંની અજબ જીવસૃષ્ટિની વચ્ચે જે અદ્ભુત સાહસો ખેડે છે તેની એ કલ્પનાકથા 'એલીસ ઇન વન્ડરલૅન્ડ' ને એવી જ અદ્ભુત તેની અનુગામી વાર્તા 'થ્રૂ ધ લુકિંગ ગ્લાસ' એક સદીથી રંજન આપતી રહી છે.

લ્યૂઇ કૅરૉલના તખલ્લુસથી એણે લખેલી એ બંને વાર્તાઓ અંગ્રેજી સાહિત્યની સમર્થ કૃતિ ગણાય છે. એની અસંખ્ય આવૃત્તિઓ થઈ છે. વીસેક ભાષામાં એના અનુવાદ થયા છે. શેક્સપીઅરનાં નાટકોના અપવાદ સિવાય આટલી જગવ્યાપી લોકપ્રિયતાઅંગ્રેજી સાહિત્યની કોઈ કૃતિને સાંપડી નથી. એ લેખકનું નિર્મળ ને એકાંતિક, શરમાળ ને સાદું જીવન પણ એક રીતે અજબ હતું. એક પાદરીનો બુદ્ધિશાળી પણ તોતડો એ છોકરો, આજન્મ કુંવારો રહેલો. ઑક્સફર્ડ યુનિવર્સિટીનો ગણિતશાસ્ત્રનો પ્રોફેસર, એ કાળે નવી શોધાએલી ફોટોગ્રાફીનો ઉસ્તાદ, ગોળાકાર બિલિયર્ડ અને અંધારામાં પણ લખી શકાય એવા 'નિક્ટૉગ્રાફ'નો શોધક, વિદ્વત્તાભર્યાં શાસ્ત્રીય પુસ્તકોનો લેખક, વૈદક અને રંગભૂમિશાસ્ત્રનો રસિયો, મગજ થકવી નાખે એવા અટપટા કોયડાઓનો યોજક હતો. ને તો યે શરમાળ એવો કે જગવિખ્યાત કૃતિનો લેખક 'લ્યૂઈ કૅરૉલ' એ પોતે જ છે એ એણે જાહેરમાં જણાવા દીધું જ નહિ.

ચાર્લ્સ લડવિજ ડૉજસન એ એનું ખરું નામ. ચેશાયરમાં ડેર્સબરી મુકામે ઈ. ૧૮૩૨ની ૨૭મી જાન્યુઆરીએ એનો જન્મ થયો. ૧૮૫૪માં ઑક્સફર્ડ યુનિવર્સિટીની ક્રાઇસ્ટ ચર્ચ કૉલેજમાંથી ગણિતના વિષયમાં પ્રથમ વર્ગમાં માન સાથે ઉપાધિ મેળવી એ જ કૉલેજમાં અધ્યાપન આદર્યું તે પછી હમેશ માટે—નિવૃત્ત થયા પછી યે તે ત્યાં જ રહ્યો.

આ દરમિયાન એ ક્રાઇસ્ટચર્ચના ડીન જ્યૉર્જ હેન્રી લિડેલના ને પછી એમની ત્રણ નાની પુત્રીઓ લારિના, એલીસ અને એડિથના પરિચયમાં આવ્યો. આ કુટુંબ સાથેનો એનો સંબંધ અત્યંત ગાઢ બની ગએલો. પોતાના નામના પહેલા બે શબ્દો ચાર્લ્સ લડવિજનું લૅટિન કૅરૉલસ લ્યુડોવિકસ, અને એનો ક્રમ બદલીને અંગ્રેજી કર્યું 'લ્યૂઈ કૅરૉલ'. અને એ ઉપનામથી એણે 'સૉલિટ્યૂડ' નામે પ્રથમ કાવ્ય લખ્યું.

બચપણથી જ જીભ તોતડાતી એટલે મોટાં કરતાં પોતાથી નાનાં બાળકો વચ્ચે એને હળવુંભળવું વધુ ફાવતું અને એમની વચ્ચે એની જીભ પણ સરળતાથી ચાલતી. લિડેલ બાળાઓને લઈ એ ઘણી વાર ટેઇમ્સ નદીમાં હોડીની સહેલગાહે જતાં માર્ગમાં એ અનેક અવનવી કલ્પનાકથાઓ એ બહેનોને કહેતો. આવી વાર્તાઓમાંથી જ 'એલીસીઝ ઍડવેન્ચર્સ ઇન વન્ડરલૅન્ડ' લખાઈ જે પાછળથી 'એલીસ ઇન વન્ડરલૅન્ડ'ને નામે વિખ્યાત થઈ. ૧૮૬૫માં એ છપાઈ. એણે તો માત્ર ચારેક હજાર નકલ ખપાવવાની આશા રાખી હતી પણ પોતે જીવતાં તેની ૧,૮૦,૦૦૦ નકલો ખપેલી જોઈ હતી. આજે પણ લોકો એને ગણિતના અધ્યાપક, કવિ અને શોધક કે વિક્ટોરિયન યુગના બાળકોના સર્વશ્રેષ્ઠ ફોટોગ્રાફર ચાર્લ્સ લડવિજ ડૉજસનને નહિ પણ 'એલીસ ઇન વન્ડરલૅન્ડ'ના લ્યૂઈ કૅરૉલને જ વધુ એ ળખે છે.

આગળ જતાં લિડેલ કુટુંબ સાથેનો એનો સંબંધ માત્ર ઔપચારિક બની રહેલો. નાની બાળાઓ સાથેની એની મૈત્રીને કેટલાક ટીકાકારો ઓગણીસમી સદીની 'લોલિતા' સાથે સરખાવે છે! પણ વસ્તુતઃ એ અત્યંત નીતિચુસ્ત ને પ્રામાણિક માણસ હતો.

સરેમાં ગિલફર્ડ મુકામે પોતાની એક બહેનને ત્યાં ઈ. ૧૮૯૮માં એનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૪ બ્રહ્મદેશ (બર્મા) સ્વતંત્ર થઈ ત્યાં પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું, ૧૯૪૮.

તા. ૬ આધુનિક હિંદી ભાષાનું સાહિત્ય પ્રથમ સર્જનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું અવસાન, ૧૮૮૫.

તા. ૧૦ બ્રિટનમાં પેની પોસ્ટનો આરંભ ને ટપાલટિકિટનો વિકાસ શરૂ થયો, ૧૮૪૦.

તા. ૧૩ તૈમૂર લંગે દિલ્હી પર ચડાઈ કરી તે જીત્યું અને પછી મનભર લૂંટ ચલાવી, ૧૩૯૯.

તા. ૧૫ જાનમાલની અસીમ ખુવારી કરનારો બિહારનો કરાળ ધરતીકંપ થયો, ૧૯૩૫.

તા. ૧૮ લૉર્ડ અર્વિનના હાથે ભારતનું પાટનગર નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.

તા. ૨૧ અમેરિકાની પ્રથમ અણુસંચાલિત સબમરીન 'નૉટિલસ' તરતી મુકાઈ, ૧૯૫૪.

તા. ૨૩ તાલીકોટના યુદ્ધમાં વિજયનગરના મહાન સામ્રાજ્યનો આમૂલ ધ્વંસ થયો, ૧૫૬૫.

તા. ૨૮ મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં ટેલિફોન-વ્યવહારનો આરંભ થયો, ૧૮૮૨.

તા. ૩૦ પોતાને દેવાંશી ગણાવતા ઇંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સનો વધ થયો, ૧૬૪૯.

પ્રસંગવિશેષ: વિક્ટોરિયા ક્રૉસની સ્થાપના · ૨૯મી જાન્યુઆરી ૧૮૫૬

બ્રિટનને માટે દુશ્મનનો સામે મોંએ સામનો કરવામાં દર્શાવેલી અપૂર્વ વીરતા અને બલિદાન સારુ અપાતા આ સર્વોત્તમ બ્રિટિશ પારિતોષિકનો આરંભ, ક્રીમિયન યુદ્ધ અને બાલ્ટિક



સમુદ્રમાં અજોડ વીરત્વ દાખવનાર ૬૨ સૈનિકોને ૨૯મી જાન્યુઆરી ૧૮૫૬માં મહારાણી વિક્ટોરિયાએ આ પદક આપવાની જાહેરાત કરીને કર્યો. શરૂમાં તો એ બ્રિટનના ખુશ્કી, તરી (અને આગળ જતાં હવાઈ) દળના સૈનિકને જ આપવાની મર્યાદા હતી. ઈ. ૧૯૧૧થી બ્રિટિશ દળના હિંદી સૈનિકને પણ એ પદક મેળવવાનો અધિકાર મળ્યો. ઈ. ૧૯૨૦થી બ્રિટિશ દળની રાહબરી નીચે આવું જ શૌર્ય દર્શાવનાર નાગરિક સ્ત્રી-પુરુષોને પણ એ આપવાનું નક્કી થયું. એનું પ્રદાન બહુ જ વિચારપૂર્વક કરવામાં આવે છે. ઈ. ૧૯૪૨ સુધી તો તે, ક્રીમિયન યુદ્ધમાં સેબૅસ્ટોપોલની લડાઇમાં બ્રિટિશોએ જે જંગી તોપ કબજે કરેલી તેની ધાતુમાંથી જ બનાવવામાં આવતો. પણ હવે એ ધાતુ ખૂટી જતાં શાહી ટંકશાળમાંથી મળતી ગનમૅટલમાંથી તે બનાવાય છે. ચંદ્રકમાં (ચિત્ર પ્રમાણે) વચ્ચે તાજ ઉપર ઊભેલા સિંહનું આલેખન અને તેની નીચેની પટી ઉપર For Valour (શૌર્ય માટે) એવા શબ્દો હોય છે. સાદી લાલ ફીત વડે લટકાવીને એને ડાબી છાતી પર પહેરાય છે. સંયુક્ત રાજ્યોને બાદ કરતાં બ્રિટિશ સામ્રાજ્યના કોઈ પણ દળ કરતાં બ્રિટિશ લશ્કરમાં હિંદી સૈનિકોએ વધુમાં વધુ આ બહુમાન મેળવેલું છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૧થી

ડિસે.નું 'કુમાર' મળ્યું. શિવકુમાર જોષી ઘણે વખતે અત્યંત ભાવપૂર્ણ વાર્તા લઈ આવ્યા. મને એમ કે લેખક અનંગના રંગમાં રંગાઈ ગયા છે એટલે ભાવનાત્મક પ્રેમની એમની વાર્તાઓ હવે નહિ મળે. 'દક્ષિણ કરનું દાન' વાર્તા માટે લેખકને અભિનંદન પાઠવશો. આવી વાર્તાઓ જવલ્લે જ સર્જાતી હશે, પણ વર્ષો સુધી યાદ રહી જાય એવી હોય છે.

રેવ૦ ફાધર વાલેસની 'વ્યક્તિ-ઘડતર' લેખમાળા 'કુમાર' માટે ગૌરવભરી છે. સરળ ભાષામાં આટલું બધું ઊંડાણભર્યું લખવું એ ભારી કામ છે. એની ચોટદાર વાતો ખૂબ જ અસરકારક છે. એના વાચકો મોટા થઈને જરૂર કહેશે કે અમારું ચારિત્ર્ય 'કુમારે' ઘડ્યું છે! કિશોરાવસ્થામાં જે બધી સલાહો જરૂરી હોય તે બધી જ લેખક દ્વારા રજૂ કરાવશો.

જાતીય જ્ઞાન વૈજ્ઞાનિક દૃષ્ટિએ 'કુમાર' દ્વારા રજૂ કરવા કોઈ ભાઈએ સૂચન કર્યું છે. મારા માનવા મુજબ એ ઉપયોગી હોય તો પણ રજૂ કરવું સહેલું નથી. એના કરતાં રેવ૦ ફાધર વાલેસ પાસેથી સ્ત્રી-પુરુષના સંબંધો, એની મહત્તા, એ સંબંધની હૂંફ વગેરે વાતો રજૂ કરાવશો. લેખકની શૈલી આ વિષયની ખૂબ સમજપૂર્વક છણાવટ કરી શકશે અને એમનાં સૂચનો સૌને ગળે ઊતરી જશે.

ઉપરના બંને લેખકોનું સરનામું પ્રકટ કરી શકાશે? વાચકોના પત્રવિભાગમાં પણ દરેક પત્ર-લેખકનું સરનામું આપો તો સારું. 'કુમાર'માં ચર્ચાતા પ્રશ્નો પત્રમૈત્રીથી પણ 'કુમાર'-ની જેમ જ ચર્ચાશે, એકસરખા વિષયમાં રસ ધરાવતા વાચકો વચ્ચે અંગત સંબંધ બંધાશે અને 'કુમાર'ની જડ ઊંડી ઊતરતી જશે.

'કુંડલિની' વિષે કાંઈક વધુ જાણવા મળશે એમ ધારી જોડણીકોશ ખોલ્યો પણ છેતરાયો; એમાંથી જ કાપલી કાપીને 'કુમાર'માં ચોંટાડેલી હતી! વધુ જાણવા ઈંતેજારી થાય એવું છે. એના ચિત્રકારને અથવા કોઈ જાણકારને પૂછી વધુ જણાવી શકો? ●

ટિકિટ-સંગ્રહ બાબત: એ માટે જુદાં આલ્બમો બનાવી સાચવવાની માથાકૂટ કરવા કરતાં હું 'કુમાર'માં આવતી ટિકિટોની છાપ ઉપર જ અસલ ટિકિટ (મળે તેટલી) ચોંટાડી દઉં છું. એથી ફાયદો થાય છે: ટિકિટ સારી રીતે સચવાય છે; વળી એ વિષેનું વર્ણન બાજુમાં જ છાપેલું હોય છે! વાચકોને આ રીતે જણાવજો, ઘણાને ગમશે.

'ચં.ચી.'ની 'ગઠરિયાં' 'કુમાર'ની ઍસેટ છે. અજાણી વાતોની પણ રંગભરી રજૂઆત કરવી એ એમની કળા છે. વર્ષોથી એકસરખી ખિલકી ભાષા વાંચતો આવ્યો છું. એમના લેખ વાંચીએ ત્યારે વાંચતા હોઈએ એમ નહિ પણ સાંભળતા હોઈએ એવું લાગે છે. સાથે આનંદમાં આવી જવાની કે આંખમાં પાણી લાવવાની કળા એટલી આબેહૂબ છે કે સ્ટેજ ઉપર ઊભા હોય એવું જ લાગે!

(મુલુંડ) —રમેશ બી. શાહ

[● જ્યાં જેટલું ઉચિત હોય તેટલું જ અપાય; ત્યાં તેનો નિબંધ લખવા ન બેસાય. વિશેષ સ્થળ-સમયના અવકાશે]

૫૦૨ અંકમાં શ્રી. સુનીલ કોઠારીના 'રામગોપાલ'ના લેખમાં એક નામ 'ઍલેક્ઝાન્ડર જન્ટા' લખ્યું છે; ખરી રીતે 'યાન્ટા' જોઈએ.

(મુંબાઈ) —મેઘનાદ ભટ્ટ

શ્રી જી. એસ. સરદેસાઈ અંગેનો લેખ (અંક ૫૦૧)માંની એકબે ક્ષતિઓ તરફ આપનું ધ્યાન દોરવા રજા લઉં છું: (૧) જો તેમનો જન્મ તા. ૧૭-૫-૧૮૬૫માં થયો હોય તો ૯૦ વર્ષની ઉમરે (આ જ અંકને આધારે) એટલે કે ૧૯૫૫માં સ્વર્ગવાસી થયા હોય; તો પછી તેમણે ૧૯૫૭માં Historical Geneologies એ પુસ્તક કેવી રીતે તૈયાર કર્યું? કદાચ તેમના સ્વર્ગવાસી થયા પછી પ્રસિદ્ધ થયું હોય તેમ બને. તો તેમ જણાવવું જોઈએ. (૨) તેમના મૅટ્રિક પાસ થવાની સાલ ઈ. ૧૮૯૩ અને તેમના બી. એ. થવાની સાલ ૧૮૮૮ વચ્ચે પણ વિરોધાભાસ જણાય છે. (૩) અને તે જ પ્રમાણે તેમની યુરોપની ત્રીજી સફરની સાલ ૧૯૫૦ ને તેમની યુરોપની ચોથી સફરની સાલ વચ્ચે પણ વિરોધાભાસ છે. આ ઉપરાંત બીજી તારીખો પણ ચકાસવા વિનંતી.

(અમદાવાદ) —નીલકંઠ મહેતા

અગાઉ મેં પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના 'મૉડર્ન આર્ટ'ને લગતા વિચારોવાળો પત્ર બીડ્યો હતો. આ સાથે બીડેલી કાપલી પર જે 'Thought' દૈનિક પત્રમાંથી ઉતાર્યો છે તે રજૂ થાય તો યોગ્ય થશે:

Thought for the Day

Eccentricity is not a proof of genius, and even an artist should remember that originality consists not only in doing things differently but also in doing things better. —*F. C. Stedman*

(કરાચી) —ફિરોઝશાહ રૂ. મહેતા

સુખ શિયાળો ને દુઃખ ઉનાળો, એકની રાત ને બીજાનો દા'ડો,
લાંબાં ટૂંકાં તો ય દંન ને રાત, એકબીજા વિણ કેમ રહેવાત?

—મુરલી ઠાકુર—

પ્રસિદ્ધ ધર્માધ્યક્ષ કાર્ડિનલ વૉનને બાળપણમાં એક મનગમતી વાનગી ખૂબ ઝાપટતા જોઈ એમના પિતાએ કહ્યું: 'કોઇ પણ પ્રકારના સ્વાદની ગુલામીથી દૂર રહેવામાં જ માનવીનું મનુષ્યત્વ રહેલું છે.' તેના જવાબમાં એમણે કહ્યું: 'બાપુજી, તો પછી જમ્યા પછી તમે છીંકણીની ડબ્બી લઈ સૂંઘવા બેસો છો તેનો શો અર્થ થાય?' વૉનના પિતાએ લાગલી જ છીંકણીની ડબ્બી ચૂલામાં ફેંકતાં કહ્યું: 'મારી ગુલામીનો અત્યારથી જ અંત આવી જાય છે.'

અનેકાર્થી એકાક્ષરી શબ્દ: **ધા**—તબલાનો એક બોલ, અન્ન, બળદ, બૃહસ્પતિ, બ્રહ્મા, થાંભલો, આર્તનાદ, હડી, મદદ માટેનો પોકાર, જેને કરડ થયો હોય તેના ઘરમાં સૌ આસ્થા રાખી ભૂખ્યા રહે તે, ટેકો આપવો, દાન કરવું, ધારણ કરવું, પોષણ કરવું, રક્ષણ કરવું, સહન કરવું, શરીર ઉપર પહેરવું.

કહેવતોના અર્થ: 'જમને તેડું નહિ, ને બાવળને બેડૂ નહિ.' આપ જેને કદી આમંત્રણ હોતું નથી, તે આપમેળે જ આવી પડે છે એ ભાવને, બાવળ ને મૃત્યુ બંને આપમેળે ઉદ્ભવતી વસ્તુનાં ઉદાહરણથી આમાં વ્યક્ત કર્યો છે. બાવળ વગર ખેડયે જ ઊગી નીકળતો હોય છે ને મૃત્યુ વગર ચાહ્યું જ આવી પડે છે.

જાણો છો?


ત્રિવેન્દ્રમના 'ગણેશ મંદિર'નું સંચાલન ભારતીય સૈન્ય દ્વારા ચાલે છે!

જે પોતાના સહાયકોની મૂર્ખતા, પોતાના અનુગામીઓના વિશ્વાસઘાત, માનવજાતની કૃતઘ્નતા અને જનતાની કદરહીનતા માટે ફરિયાદ કરતો નથી એ જ માણસ નેતા બનવા યોગ્ય છે.

કેરોસીન તેલનો બાળવા માટેનો ઉપયોગ ઈ. ૧૮૫૦માં શરૂ થયો.



સ્વ. વડાપ્રધાન શ્રી શાસ્ત્રીજીના માનમાં ૨૬મી જાન્યુઆરીએ ભારતે બહાર પાડેલી ખાસ ટિકિટ તથા તે અંગેની રદ્દીકરણની ખાસ છાપ
(પ્રેષક: રજનીકાન્ત વોરા • અમદાવાદ)



ગેસો ચિત્રકામ (ઉઠાવ આપતા રસથી આલેખન) કરવાની રીત: ચિત્રના ક્રમ પ્રમાણે (નં. ૧) દસ ચમચા ચાળેલી ખડીને શીખંડ જેવી થાય એટલા પાણીમાં પલાળવી; (નં. ૨) આઠ ચમચા મધ જેવો સરેસ તેમાં ભેળવવો; (નં. ૩) એક ચમચો વાર્નિશ ને ત્રણ ચમચા બેલતેલ તેમાં નાખવું; (નં. ૪) એ વાસણને બીજા પાણીભર્યા મોટા વાસણમાં રાખી દસ મિનિટ ઉકાળવું. આ રસ વડે, પેટી કે પાટિયાં ઉપર કરેલા આલેખ પર નીતરતા રસે લીટીઓ પાડવી. લીટીઓ માટે ડાળખીની સળી કે માથાની પિનનો સીધો કરેલો છેડો કે પીછું ચાલે. એ રીતે બનતી આકૃતિઓ ઊપસેલા રૂપમાં પડશે. તે સુકાઈ જાય એટલે એ આકૃતિઓમાંનાં ફૂલ, ડાંખળાં, પત્તીઓ વગેરેને મરજી મુજબના જે વિવિધ રંગ કરવા હોય તે ઑઇલ કલર (તેલિયા રંગ) વડે કરવા. છેવટે ચપડા લાખનું અસ્તર મારી મીણ ઘસી પૉલિશ કરવું.

અથાણું

સતીશ ઘોડા પર બેસીને ફરવા ગયો હતો ત્યાં રસ્તામાં ગબડી પડ્યો. પગમાં વાગ્યું તો ખરું, પણ પ્રયાસપૂર્વક ઊઠીને એ ફરી ઘોડા પર બેસી ગયો. ઘોડો એને સીધો જ ડૉક્ટર પાસે લઈ ગયો.

સતીશના મિત્રોને આ વાતની ખબર પડી. તેઓ એની ખબર કાઢવા આવ્યા, જેમાંના એકે કહ્યું: 'તારો ઘોડો સમજદાર લાગે છે કે એ તને સીધો ડૉક્ટર પાસે લઈ ગયો.'

'ના રે ભાઈ, કૈં સમજદાર નથી.' સતીશે ખિન્ન થઇને કહ્યું, 'એ તો મને પશુઓના ડૉક્ટર પાસે લઈ ગયો હતો.'

'તો, તો ઘોડો સમજદાર જ નહિ, પણ બુદ્ધિશાળી ગણાય.'

વીમાએજંટ: આપની જે કારનો અમે વીમો ઉતાર્યો છે એ જો અકસ્માતમાં ભાંગી જશે તો અમે તમને રોકડા રૂપિયા નહિ આપીએ.

શેઠ: તો?

વીમા એજંટ: એના બદલામાં તમને બીજી કાર આપવામાં આવશે.

શેઠ: ઠીક છે સાહેબ; કારને બદલે કારનો વાંધો નથી; પણ આજ નીતિ તમે જો દરેક પ્રકારના માલના વીમામાં રાખવાના હો તો મારી પત્નીનો વીમો કૅન્સલ કરી દેજો.

એક અમેરિકન પ્રવાસીએ ગાડીના ડબ્બામાં એક સ્થૂલકાય અંગ્રેજ બાઈ સાથે એક એવા જ જાડા કૂતરાને સીટ રોકી બેઠેલો જોયો.

'બહેન, આ કૂતરાને જરા નીચે બેસાડશો?' અમેરિકને નમ્રતાથી કહ્યું.

'કૂતરાને એકલો બેસાડું?' બાઇએ વડચકું ભરતાં જવાબ આપ્યો.

અમેરિકન એ ડબ્બો છોડી આખી ગાડી ફરી વળ્યો, પણ ક્યાંય જગ્યા નહોતી. ફરી વાર એ જ ડબ્બામાં આવી બાઇને વિનંતી કરી, પણ એનો એ જ જવાબ મળ્યો. અમેરિકને તરત જ કૂતરાને ઉપાડી બારીમાંથી બહાર ફેંક્યો ને પોતે એ બેઠક પર બેસી ગયો.

આ સમગ્ર બનાવના સાક્ષી એવા સામી બેઠક પર બેઠેલા સદ્ગૃહસ્થે છાપામાંથી મોં કાઢી કહ્યું: 'તમે અમેરિકનો હમેશાં અમારાથી ઊંધી રીતે જ વર્તો છો. જમવા માટે ચમચો પકડો તો ડાબા હાથે, રસ્તા પર ગાડી ચલાવો તો જમણી બાજુ અને અત્યારે બારી બહાર નાખી દીધી એ ચીજ પણ ધાર્યા કરતાં ઊંધી જ પસંદ કરી!'



સર્વ ઋતુઓમાં રાત-દિવસની સતત સેવા તે આપે છે

ટાઢ તડકો કે વરસાદ હોય, દિવસ કે રાત હોય પણ શ્યામલાલ પોતાની ફરજ બજાવતો જ હોય છે. કવિએ કહ્યું છે કે નામનું શું મહત્વ છે!

શ્યામલાલ ટપાલી હોય, તાર-વાળો હોય, લાઈન-મેન હોય, રેલ્વે મેઈલ સર્વીસમાં સોર્ટર હોય, ટેલિફોન ઓપરેટર હોય, તારમાસ્તર હોય, કારકુન હોય કે પછી ભારતીય ટપાલ અને તાર ખાતાના સાડાચાર લાખ કર્મચારીઓમાંના રાત દિવસે કામ કરતાં કેટલાક એક કર્મચારી હોય, એ શું છે એ મહત્વનું નથી.


ભારતીય ટપાલ અને તાર ખાતું ૯૪,૦૦૦ પોસ્ટ ઓફિસો, ૮૦૦૦ ટેલીગ્રાફ ઓફિસો, ૨,૨૦૦ ટેલિફોન એક્સચેંજો (૭.૬ લાખ ટેલિફોનો)થી પણ વધારે સંખ્યાની ટપાલ-તાર કચેરીઓ વડે દેશને સેવા આપી રહ્યું છે. લગભગ ૧૮૦ લાખ ટપાલની ચીજો, ૧.૫ લાખ તાર-સંદેશાઓ, અને ૧.૬ લાખ (ઈફેક્ટીવ) ટ્રંકકોલો અને બીજી અનેક સેવાઓનો દૈનિક પ્રવૃત્તિમાં સમાવેશ થાય છે.

શ્યામલાલ આ રાબેતા મુજબની ફરજ મન દઈને બજાવે છે. પોતાની ફરજ યથાશક્તિ અને મન દઈને બજાવવાની તેને તાલીમ આપવામાં આવી છે. પરંતુ આપની સમજ અને સહકારથી તે પોતાની ફરજ વધુ સારી રીતે બજાવી શકશે.

આપની વધુ સારી સેવા કરવામાં
અમને સહાયરૂપ બનો

ટપાલ અને
તાર ખાતું





અંતિમ વિદાય : ભારતના ખમીરનું પ્રમાણ આપી જેણે દુનિયાને ગૌરવભર્યા શાંતિમાર્ગની દિશા સુઝાડી એ, દેશના 'મહાન અદના આદમી' અને વામનકાય વિરાટ શાંતિદૂત

પ્રગતિનાં પાંચ વર્ષ



ખોરાકનું વાર્ષિક ઉત્પાદન ૨૦ લાખ ટન ઉપરથી વધીને ૨૫·૨૦ લાખ ટન થયું. ૬૦,૦૦૦ નવા કૂવા ગાળવાનું લક્ષ્ય સિદ્ધ થશે. વીજળીક શક્તિ ૨૫૩ મે. વો. પરથી ધુવારણ વિદ્યુત મથક શરૂ થતાં બેવડાશે. આરોગ્ય કેન્દ્રોમાં ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦,૧૭,૦૦૦ ઉપરથી વધીને પાંચ વર્ષ દરમ્યાન ૨૭,૪૨,૦૦૦ સુધી પહોંચી છે. સહકારી મંડળીઓમાં ૧,૪૪૨નો વધારો થઇ તેની કુલ સંખ્યા ૧૫,૮૨૭ સુધી પહોંચી છે. હાલ પ્રત્યેક ગામડામાં પ્રાથમિક ખેતી મંડળીઓ રચાઇ છે.

આ. સં. ગુજ-૬૫